



**સંસ્થાપક**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ**
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૮૯૫૯૭
ફેક્સ : ૨૭૪૧૯૫૯૭
મો. : ૯૮૭૯૫ ૪૯૫૯૭
પ.પૂ. મોટા મહારાજશ્રીના સંપર્ક માટે
ફોન : ૨૭૪૯૯૫૯૭
**www.swaminarayanmuseum.com**
**ફોન**
૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)

**શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ**
**પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮**
**શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની**
**આજ્ઞાથી**
તંત્રી શ્રી
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (મહંત સ્વામી)

**પત્રવ્યવહાર**

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦
ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
**www.swaminarayan.info**
**www.swaminarayan.in**

એડ્રેસમાં ફેરફાર કરવા
**E-mail : manishnvora@yahoo.co.in**

**લવાજમ**

વાર્ષિક : રૂા. ૫૦-૦૦
વંશ પરંપરાગત
દેશમાં રૂા. ૫૦૧-૦૦
વિદેશમાં :રૂા. ૧૦,૦૦૦-૦૦
છુટક નકલ રૂા. ૫-૦૦


# શ્રી સ્વામિનારાયણ

## શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર


**વર્ષ - ૬ અંક : ૬૧ મે-૨૦૧૨**


## અ નુ ક્ર મ ણિ કા


| | | |
|---|---|---|
| ૦૧. | અસ્મદીયમ્ | ૦૨ |
| ૦૨. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ | ૦૩ |
| ૦૩. | સ્ત્રીઓને સમાન અધિકાર | ૦૪ |
| ૦૪ | દેશકાળ | ૦૬ |
| ૦૫. | શ્રી સ્વા.મંદિર-માણેકપુર (ચૌધરી)રજત જયંતી મહોત્સવ | ૦૮ |
| ૦૬. | કવિ બ્રહ્માનંદની કમનીય કીર્તન કળા | ૦૯ |
| ૦૭. | શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી..... | ૧૧ |
| ૦૮. | સત્સંગ બાલવાટિકા | ૧૩ |
| ૦૯. | સત્સંગ સુરભિ | ૧૫ |
| ૧૦. | ભક્તિસુધા | ૧૭ |
| ૧૧. | પ્રશ્નપેટી | ૨૨ |
| ૧૨. | સત્સંગ સમાચાર | ૨૩ |

# ॥ અસ્મદીયમ્ ॥

કેવો દેશ, કેવો કાળ, કેવો સંગ, કેવી ક્રિયા જેનો સંબંધ ભગવાનની આજ્ઞાએ કરીને પણ ન કરવો ? જે દેશમાં રહે થકે પોતાના દેહના સંબંધનો વારંવાર બેઠા ઉઠયાનો યોગ થતો હોય તો તે દેશમાં ભગવાનની આજ્ઞાએ કરીને પણ ન રહેવું અને અમારા દર્શન થતાં હોય ને તે ભેળે સ્ત્રીઓના દર્શન થતાં હોય, એવો સંગ તથા ક્રિયા હોય ત્યાં અમે બેસાડીએ અને કહીએ, 'જે અમારા દર્શન કરો તો પણ તે ઠેકાણે બેસવું નહીં. કોઈક મિષ લઈને ઉઠી જવું. અને જે કાળમાં વિષમ પણું વર્તતુ હોય ને મારકૂટ થતી હોય ને જો ભગવાનની આજ્ઞા હોય, તો પણ ત્યાંથી ચાલી નીકળવું.

કયાં શાસ્ત્રોને સાંભળવાને ભણવા અને કયા શાસ્ત્રોને ન સાંભળવા ને ન ભણવા ? જે શાસ્ત્રમાં ભગવાનનું સાકારપણું પ્રતિપાદન ન કર્યુ હોય તથા ભગવાનના અવતારનું નિરૂપણ ન હોય અને તે ગ્રંથ શુષ્ક વેદાંતના હોય ને એક અદ્વિતિય નિરાકારનું પ્રતિપાદન કરતા હોય તે ગ્રંથ સુધા બુધ્ધિમાનના કરેલા હોય તો પણ તે ગ્રંથને કોઈ દિવસ ભણવા નહી અને સાંભળવા પણ નહી. (વ.લો.૬)

ઘણા લોકો ને ખબર ન હોય એટલે ગમે તેવા પુસ્તકો કોઈ આપે એટલે સ્વીકારી લઈને પાછા ગામડાના હરિ મંદિરમાં વાંચવા મૂકે. જે બરાબર નથી. આપણે તો શ્રી નરનારાયણ દેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા આશીર્વાદથી જે સત્તશાસ્ત્ર છપાવ્યુ હોય તેનું વાચન મનન કરવું. ઘણા સુશોભન વાળા આકર્ષક પુસ્તકો છપાવીને હરિભક્તોને મફતમાં આપતા હોય છે. જેને ખ્યાલ ન હોય કે સમજણ ન હોય તે આવા પુસ્તક લેતા હોય છે. પણ હવે ખાસ ધ્યાન રાખવું મહારાજની ઉપરોક્ત આજ્ઞાનું ખાસ અનુસંધાન રાખવું. કારણ કે આવા પુસ્તકોના વાચનથી જીવનું કલ્યાણ અને મોક્ષ બગડી જાય. માટે હંમેશા વાચન સારું કરવું અને આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા વાળું સાહિત્યનું વાચન કરવું.

- શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસ
(મહંત સ્વામી,
શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર અમદાવાદ.)

# પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

**(એપ્રિલ ૨૦૧૨)**

૧. રામનવમી, સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનના પ્રાકટ્યોત્સવ દિને કાલુપુર મંદિરમાં અક્ષરભુવન બાલસ્વરૂપ શ્રી ઘનશ્યામમહારાજનો પાટોત્સવ અભિષેક પોતાના વરદ હસ્તે ધામધૂમથી સંપન્ન થયો.

૨. વાંકાનેર ગામે બહેનોના શ્રી સ્વામિનારાયણ મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

૩-૬. ભુજ, કેરા ,ગોધરા(કચ્છ) પધરામણી.

૭. જુના ગેરીતા ગામે નૂતન મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

૮. શ્રી સ્વામિનારાયણ મંદિર નિલકંઠનગર (મૂળીદેશ) મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

૯. પ.પૂ.મોટા મહારાજશ્રીના ૬૯માં પ્રાકટ્યોત્સવ દિન પ્રસંગે આયોજીત કીર્તન ભક્તિ કાર્યક્રમ પોતાના શુભ સાનિધ્યમાં કાલુપુર મંદિરમાં ધામધૂમપૂર્વક સંપન્ન થયો.

૧૧. શ્રી સ્વામિનારાયણ મંદિર કપડવંજ મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

૧૨. શ્રી સ્વામિનારાયણ મંદિર ટીંબા (મૂળીદેશ) ખાત મુહૂર્ત પ્રસંગે પધરામણી.

૧૩. શ્રી સ્વામિનારાયણ મંદિર બિલોદ્રા ખાત મુહૂર્ત પ્રસંગે પધરામણી.

૧૪. શ્રી સ્વામિનારાયણ મંદિર લસુન્દ્રા પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૧૪. શ્રી હર્ષ એમ. શુક્લને ત્યાં પધરામણી. નારણપુરા
પ.ભ. પ્રભુદાસ કેશવજીભાઈ ચૌહાણને ત્યાં મહાપૂજા પ્રસંગે પધરામણી, ચાંદલોડીયા.

૧૫. વસઈ ટીંબા-સંતરામપુર (પંચમહાલ)
સત્સંગ શિબિર પ્રસંગે પધરામણી

૧૫-૧૭. પૂનામાં હાલારના હરિભક્તોને ત્યાં પધરામણી.

૧૮-૧૯. ચોબારી (કચ્છ - તા.રાપર) પધરામણી

૨૦. શ્રી સ્વામિનારાયણ મંદિર ઉનાવા પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૨૧. શ્રી સ્વામિનારાયણ મંદિર ચાંદખેડા પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૨૨. શ્રી સ્વામિનારાયણ મંદિર અરોડા(ઈડર દેશ) પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૨૩. બીલીયા (તા.સિધ્ધપુર) ગામે પધરામણી.

૨૪. સમીરભાઈ પરીખને ત્યાં - કાંકરિયા, દિનેશકુમાર સોની ને ત્યાં - ઘાટલોડીયા, ધવલભાઈ પટેલ ને ત્યાં- થલતેજ પધરામણી

૨૫-૨૬. શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ (કચ્છ) પાટોત્સવ - અભિષેક પ્રસંગે પધરામણી. ત્યાંથી દયાપર (કચ્છ) પારાયણ પ્રસંગે પધરામણી.

૨૭. શ્રી સ્વામિનારાયણ મંદિર માણસા પાટોત્સવ પ્રસંગે પધરામણી.
સાંજે કોટેશ્વર વાસ્તુ પ્રસંગે પધરામણી.

૨૮. શ્રી સ્વામિનારાયણ મંદિર બોપલ પાટોત્સવ પ્રસંગે પધરામણી. પ.ભ. ડાહ્યાભાઈ (શિલાલેખ ફલેટવાળા)ને ત્યાં મહાપૂજા પ્રસંગે પધરામણી થલતેજ. સાંજે જીરાગઢ (હાલાર) પધરામણી.

૨૯-૩૦. શ્રી સ્વામિનારાયણ મંદિર જીરાગઢ (મૂળીદેશ - હાલાર) પાટોત્સવ પ્રસંગે પધરામણી.

**● પ.પૂ. ભાવિ આચાર્ય ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની કાર્યક્રમના તવારીખ - એપ્રિલ ૨૦૧૨ ●**

૧. રામનવમી શ્રીહરિ પ્રાકટ્યોત્સવ દિન પ્રસંગે અક્ષર ભુવન બાલસ્વરૂપ શ્રી ઘનશ્યામમહારાજનો પાટોત્સવ - અભિષેક પ્રસંગે પધરામણી. રાત્રે ૧૦-૧૦ સર્વોપરિ શ્રી ઘનશ્યામમહારાજના પ્રાકટ્યોત્સવ પ્રસંગે આરતી ઉતારવા પધાર્યા.

૬. અમદાવાદ મંદિરમાં શ્રી હનુમાનજી જયંતી પ્રસંગે આયોજીત મારૂતિ યજ્ઞની પૂર્ણાહૂતિ પ્રસંગે પધરામણી.

૨૧. શ્રી સ્વામિનારાયણ મંદિર ચાંદલોડીયા પાટોત્સવ પ્રસંગે પધરામણી. શ્રી સ્વામિનારાયણ મંદિર વહેલાલ દ્વારના ઉદ્‌ઘાટન પ્રસંગે પધરામણી.

૨૩ શ્રી સમીરભાઈ આર. પરીખને ત્યાં મહાપૂજા પ્રસંગે પધરામણી - મણીનગર

# સ્ત્રીઓને સમાન અધિકાર

- સાધુ પુરુષોત્તમપ્રકાશદાસ (જેતલપુરધામ)

વિશ્વમાં આધ્યાત્મિક ક્ષેત્રે ધર્મકાર્ય, સેવા, પૂજાવિધિ માટે પુરૂષોની જેમ સમાન અધિકાર સ્ત્રીઓને આપનાર સર્વ પ્રથમ તથા એક માત્ર સર્વાવતારી ભગવાન સ્વામિનારાયણ છે.

વૈદિક પરંપરામાં ઋષિઓએ વેદ ભણવાનો સ્ત્રી ઓને અધિકાર આપ્યો નથી. વળી વિશ્વમાં રહેલા વિવિધ ધર્મો સંપ્રદાયોમાં સ્ત્રીઓને ધર્મ કાર્યથી વંચિત રાખવામાં આવેલ છે. પશ્ચિમના દેશો જે અતિ આધુનિક ગણાતા હોવા છતાં તથા મધ્યના દેશો પૂર્વના તમામ દેશોમાં ઘણા બધા ધર્મો સ્ત્રીઓને ધર્મ કાર્યથી અલગ રાખે છે આજે એકવીશમી સદી તરફ દુનિયા પ્રયાણ કરી રહી છે. સ્ત્રીઓને સમાન અધિકારના નારા વાગી રહ્યા છે. પણ ધર્મકાર્યમાં સ્ત્રીઓને સાથે રાખવાની વાત એક માત્ર ભગવાન સ્વામિનારાયણે અમલમાં મુકી.

આજે દુનિયામાં યહુદિ ધર્મના લાખોની સંખ્યામાં ચર્ચ છે. તેમાં મોટાભાગના યહુદિઓના ચચામાં જેઓ જુના કરારને માને છે તેવા યહુદિઓ સ્ત્રીઓને ચર્ચમાં પ્રવેશ આપતા નથી વળી ઈસ્લામ ધર્મના અનેક ફાંટાઓની મસ્જીદમાં નમાઝ પઢવાનો કે કુરાન ભણવાનો સ્ત્રીઓને અધિકાર નથી. તથા મુખ્ય ધર્મ સ્થાન મક્કાની મસ્જીદના મુખ્ય ભાગમાં સ્ત્રીઓને જવા પર પ્રતિબંધ છે. વળી મૌલવી જેવા પદ પર પુરુષોને અધિકાર છે. અતિ આધુનિક ગણાતા ખ્રિસ્તી ધર્મના ઓર્થોડોક વિભાગના ચર્ચમાં સ્ત્રીઓને પ્રવેશ નથી. વળી ખ્રિસ્તીધર્મના વડા(પોપ) તરીકે પણ સ્ત્રીઓની પસંદગી આજ સુધી થઈ નથી. વળી પૂર્વના અનેક દેશોમાં ધર્મના ગુરૂપદે સ્ત્રીઓને અધિકાર આપેલ નથી. આપણો હિન્દુધર્મ પણ વેદ ભણવાના અધિકારથી તેમજ શ્રાધ્ધકર્મ પિંડદાન, પિતૃકર્મ, દેવપૂજાથી સ્ત્રીઓને વંચિત રાખતો હોય તો પણ આ બધાની માન્યતાઓનો છેદ ઉડાડી આધ્યાત્મિક ક્ષેત્રમાં ભગવાન સહજાનંદ સ્વામીએ ક્રાંતિકારી પગલુ ભરી નવીન કેડી બનાવી છે. આપણા સંપ્રદાય જેટલી સ્ત્રીઓની આધ્યાત્મિક સલામતી કોઈ સંપ્રદાયમાં નથી.

હિન્દુધર્મમાં ધર્મગુરુઓ સ્ત્રીઓને ધર્મોપદેશ આપવાની પરંપરા જે ચાલી રહી છે જેમાંથી અસંખ્ય ગુરુઓનુ પતન થઈ ચૂક્યુ છે. અને તેમાં સ્ત્રીઓનું ઉર્ધ્વગમનના બખલે અધોગતિ થયેલ છે. સ્વામિનારાયણ સંપ્રદાયમાં સર્વ પ્રથમ સભા સ્ત્રીઓ પુરૂષોની અલગ કરીને નિલકંઠવર્ણીના રૂપે લોજથી જ શરૂ કર્યુ. સ્ત્રીઓ પુરૂષોના અલગ અલગ મંદિરો, તથા મહા મંદિરોમાં દર્શન કરવાની અલગ અલગ વ્યવસ્થા ભજન કીર્તન કરવાની આગવી વ્યવસ્થા, અને વળી મંત્રદીક્ષાની પવિત્ર પરંપરા ધર્મવંશી આચાર્ય મહારાજશ્રીના પત્ની ગાદીવાળાશ્રીને બહેનોના ગુરુપદે અધિકાર આપી સ્ત્રીઓને મંત્રદીક્ષા આપવાની પરંપરા શરૂ કરીને વિશ્વમાં સર્વ પ્રથમ આ પ્રકારનો સંપ્રદાય સાબિત થયો છે. આજે દુનિયામાં રિસર્ચ કરનારા અસંખ્ય તત્વચિંતકોના ધ્યાનમાં સંપ્રદાયની સ્ત્રીઓના ગુરુની વાત ધ્યાનમાં આવતા ભગવાન સ્વામિનારાયણ સ્ત્રીઓના ઉધ્ધારક સર્વ પ્રથમ પૂર્ણપુરુષોત્તમ તરીકે હજારો પાનાઓમાં યશકીર્તિને લખી રહ્યા છે.

શિક્ષાપત્રી શ્લોક નં.૧૩૩માં સહજાનંદ સ્વામી લખે છે કે અયોધ્યાપ્રસાદ અને રઘુવીર એ બેની જે પત્નીઓ તેમણે પોતે પોતાના પતિની આજ્ઞાથી સ્ત્રીઓને શ્રીકૃષ્ણના મંત્રનો ઉપદેશ કરવો. તથા શતાનંદ સ્વામી સત્સંગિ જીવનના ૪થા પ્રકરણના ૮૧મા અધ્યાયમાં દીક્ષાવિધિ પ્રકરણમાં સ્ત્રીઓએ આચાર્ય પત્ની ગાદીવાળા પાસે મંત્રદીક્ષા લેવી અને આજ્ઞામાં રહીને સત્સંગ કરવો . પુરુષો અને સ્ત્રીઓની દીક્ષાવિધિમાં માત્ર એટલો જ ફરક છે કે પુરુષોએ આચાર્યશ્રી પાસે જમણા કાને મંત્ર લેવો અને સ્ત્રીઓએ ગાદીવાળાશ્રી પાસેથી ડાબા કાને મંત્ર લેવો. મંત્ર આપીને આશીર્વાદ આપે છે કે " હે શિષ્યા ! તારા

પુણ્યના પ્રતાપે તારો પતિ પણ ભગવાનનો પાર્ષદ થશે. તારા માતૃકુળ અને પિતૃકુળના પણ પરમ સદ્‌ગતિ પામશે.''

આજે અમેરિકા જેવા અનેક વિકસિત દેશો પણ દેશની સર્વોચ્ચ સત્તા પર સ્ત્રીઓને બેસવા દેતા નથી પણ આજથી ૨૦૦ વર્ષ પહેલા ભગવાન સહજાનંદ સ્વામીએ સંપ્રદાયના સર્વોચ્ચપદ આચાર્યપદ સ્ત્રીઓના ત્યાગીગૃહીના ગુરુપદે આચાર્ય પત્ની અ.સૌ.ગાદીવાળાને સ્થાન આપ્યુ છે. ત્યાગી બહેનોની તપશ્ચર્યા કરતાં પૂ.ગાદીવાળાશ્રીનું તપ અતિ કઠીન છે. ગૃહસ્થાશ્રમની જવાબદારીઓ વહન કરતાં કરતાં ઓઝલમાં રહીને સંપ્રદાયના ત્યાગીગૃહી બહેનોને સાચવવા અને સત્સંગનું પોષણ તેમજ પ્રચાર કરવો એ તો ભગવાનનું સ્વરૂપ છે એટલે જ થઈ શકે. એમાં માણસનું કામ નથી. ભગવાને પ્રવર્તાવેલ સંપ્રદાયને ભગવાન જ ચલાવી શકે.

આ પરંપરાનું અનુસરણ આજ સુધી કોઈ સંપ્રદાય કરી શક્યુ નથી. તેમજ સંપ્રદાયમાંથી થયેલ ફાંટાઓ વાળા આ લાભથી વંચિત છે. પ.પૂ. આચાર્ય મહારાજશ્રીનું સત્સંગ વિચરણ સંપ્રદાયમાં થઈ રહ્યું હોય છે તેમને તેમજ અ.સૌ.ગાદીવાળાશ્રી બહેનોના સત્સંગ ઉત્કર્ષ માટે અવિરત દેશ વિદેશમાં સત્સંગનું પોષણ કરી રહ્યા છે. આ સંપ્રદાયમાં બહેનોના સત્સંગના વિકાસનો ગ્રાફ સતત ઉંચો રહ્યો છે કેમ કે ભગવાને તેઓને આગવા ગુરુ આપ્યા છે.

ગત માર્ચ માસના છેલ્લા અઠવાડિયામાં ૭૦૦ બહેનોએ છપૈયાધામમાં પાંચ દિવસ સુધી શિબિરમાં પ.પૂ.અ.સૌ.ગાદીવાળાનો અત્યંત નિકટતાથી દિવ્ય અલભ્ય લાભ લીધો.

**● માણેકપુરમાં ૩૫ આજીવન સભ્ય બન્યા ●**

માણેકપુર શ્રી સ્વામિનારાયણ મંદિરના રજત જયંતી પાટોત્સવ પ્રસંગે પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદથી તથા સ.ગુ.શા.નાના પી.પી.સ્વામી (નારાયણઘાટ મહંતશ્રી)ની પ્રેરણાથી માણેકપુર શ્રી નરનારાયણદેવ યુવક મંડળના સુંદર સહયોગથી આપણા શ્રી સ્વામિ નારાયણ માસિકના ૩૫ આજીવન સભ્ય થયા છે. ખૂબ ખૂબ ધન્યવાદ. -કોઠારી સ્વામી

**શ્રી સ્વામિનારાયણ માસિકમાં છાપવા માટે લેખ, સમાચાર અને ફોટોગ્રાફ્સ ઈમેલથી મોકલવા માટે નવુ એડ્રેસ**

**shreeswaminarayan9@gmail.com**

**શ્રી નરનારાયણદેવના ૨૪ કલાક દર્શન માટે જુઓ વેબસાઈટ**

www.swaminarayan.info
www.swaminarayan.in

**ભારતીય સમય મુજબ આરતી દર્શન** : મંગળા આરતી ૫-૩૦ ● શણગાર આરતી : ૮-૦૫ ● રાજભોગ આરતી ૧૦-૧૦ ● સંધ્યા આરતી ૧૯-૦૦ ● શયન આરતી ૨૦-૩૦

**નીચેના મહામંદિરોમાં નિત્ય દર્શન માટે**

જેતલપુર : www.jetalpurdarshan.com ● મહેસાણા : www.mahesanadarshan.org

છપૈયા : www.chhapaiya.com ● ટોરડા : www.gopallalji.com

નારણઘાટ : www.narayanghat.com

# દેશકાળ

સાધુ ઘનશ્યામપ્રકાશદાસ - જમીયતપુરા
(મહંત સ્વામી -માણસા)

'' દેશકાળને ક્રિયાએ કરી
કે દિ તમને ન ભૂલીએ હરિ''

ભક્ત ચિંતામણીના ૬૪માં પ્રકરણમાં ફુલદોલોત્સવ પ્રસંગે હરિભક્તો એ ફગવાના આશીર્વાદ રૂપે હરિવર પાસે ઉપરોક્ત વર માંગ્યા. આદિ-અનાદિકાળથી ઈતિહાસ કોણ જાણે કેટકેટલા ચિતારા ચિતરતો આવ્યો છે કે સામે આવીને ઉભેલા ભગવાન કોઈકને ઓળખાયા નહિ તો કોઈકે ન ઓળખવા માટે આંખે પાટા બાંધી દીધા, કોઈકને હાથમાં આવેલું રામરતન સરી પડયું કે કોઈને સંગદોષ નડયો ને મન, બુધ્ધિના ભોળપણે ભમાળ્યા ! મહારાણી કૈકૈયીની દાસી મંથરાને, મહારાજા ધ્રુતરાષ્ટ્રને શકુનિની સલાહ ભગવાન સામે વિદ્રોહ કરવા પ્રેરણારૂપ બની ગઈ. બાલભક્ત ધ્રુવ તથા વાલીયા લૂંટારાને મહર્ષિ વાલ્મિક બની પ્રભુ પ્રાપ્તિના માધ્યમમાં નારદજી જેવા સંતની નાનીશી ટકોર નિમિત્ત બની ગઈ. આ બધુ જોતા માત્ર પોતાની પૂર્વજન્મની કમાણી પ્રારબ્ધ કે નસીબ ઉપરાંત અન્ય બાબતો ઉપર પણ પ્રગતિ કે અધોગતિનું ઘણું બધુ અવલંબન રહે છે. એ વિષે સર્વોપરિ ભગવાન સ્વામિનારાયણ પોતાના શ્રી વચનો દ્વારા શ્રી વચનામૃત ગ.પ્ર. ૭૮માં સમજાવે છે કે '' મારવાડ ને વિશે કેટલાક પુન્યવાળા રાજા થયા છે તેમને અર્થે સો હાથ ઉંડા પાણી હતા તે ઉપર છલ્લા થયા નથી, અને જો પૂર્વકર્મને વશ દેશ હોય તો પુન્ય કર્મવાળાને અર્થે પાણી ઉંચા આવ્યા જોઈએ ને પાપીને અર્થે ઉંડા ગયા જોઈએ, પણ એમ તો થતું નથી અને મારવાડ દેશમાં તો પાપી હોય અથવા પુન્યવાળો હોય પણ ઉંડા પાણી ઉપજે પણ તે દેશ પોતાના ગુણનો ત્યાગ કરતો નથી. માટે દેશકાળાદિક તો પૂર્વકર્મના ફેરવ્યા ફરે નહિ... વળી ગ.અં.૧૩માં કહે છે કે ''જીવનો દેહ છે તે તો પૂર્વ કર્મને આધીન છે. તેનો એક નિર્ધાર રહેતો નથી તે કયારેક સાજો રહે ને કયારેક કર્માધીન પણે કરીને માંદો થઈ જાય ને કયારેક સ્વતંત્ર વર્તતો હોય ને કયારેક પરાધીન પણે થઈ જાય અને ધાર્યુ હોય તે ઠેકાણે રહેવાય કે ન રહેવાય અને કયારેક હરિભક્તના મંડળમાં રહેતા હોઈએ ને કર્મ કે કાળ ને યોગે કરીને નોખા પડી ગયા ને એકલા જ રહી જવાય ત્યારે જે જે નિયમ રાખવાની દ્રઢતા હોય તેનો કાંઈ મેળ રહે જ નહિ અથવા અંગ્રેજ જેવો કોઈક રાજા હોય ને તેણે કાંઈક પરવશ રાખ્યા ત્યારે જે સંતના મંડળમાં રહેવું ને સત્સંગની મર્યાદા પાળવી તેનો કાંઈ મેળ રહે નહિ....

આવો સાપ્રંદાયિક દ્રષ્ટાંતોના પૂરાવાઓ ઉથાપીએ પ્રેમ સખી પ્રેમાનંદ જેવા જ સંગીતજ્ઞ બીજા એક સંત હતાં કીડી સખી તેમનું રૂપ અને કંઠની મધુરતાથી પ્રભાવિત ડોશીયુગમાંથી ગણગણાટ સંભળાયો કે '' આ તો અમારામાં શોભે એવા છે'' વળી થોડા જ દિવસોમાં ગાયકવાડની સભામાં ગાવણું કરવાનું નોતરૂ આવ્યુ અને એ સ્વામીનું મન ચગડોળે ચડયું અને સત્સંગ છોડી સંસાર તરફ દોડવા વ્યાકુળ થયા. મહારાજે તો હાથ પકડી રોકવા ઘણા પ્રયત્નો કર્યા પણ વિપરીત મતિ વિનાશ સર્જીને જ રહી. ચિંતામણી તુલ્ય સત્સંગ અને પરમ ચિંતામણી રૂપ પરમાત્માને છોડીને તો ગયા પછી ટુંક સમયમાં જ રક્તપિત જેવા મહાવિનાશકારી રોગનો ભોગ બનતા કીર્તિને કામીનીથી પણ વંચિત રહી ગયા, બિચારા બાવાએ બેય બગાડયા.... ગઢપુર જીવાખાચર પોતાના ભત્રીજા દાદાખાચર સાથેની ઈર્ષ્યારૂપી આંતર કલહના ભરડામાં મહારાજને મારવા મારી નાંખવા મારા મોકલાવ્યા... ઝાંઝાવદરના અલૈયાખાચરે સ્વામી મુક્તાનંદજીનું ગળુ ઉડાડી દેવા ભેટે બાંધેલી તલવારની મુઢ પર હાથ પ્રસરાવ્યો... ફૈબા પણ એવા જ વિપરીત દેશકાળના ભોગ બન્યા. હઠીલા હરિવરની સઘળી હઠ મેલાવી ને પોતે પાછા એની સામે જ હઠે ચડયાનો રહી રહીને થોડો અહેસાસ તો થયો હતો કે કદાપિ પગમાં જોડા નહિ પહેરનારને જ મોજડી પહેરાવી... હિમાલયની હાડ ગળતી ઠંડીમાં પણ ઠંડે પાણીએજ નાહનારને જ ગરમ પાણીએ નાહ્તા કર્યા. વળી નિત્ય પ્રત્યે ફળફુલના આહારીએ મારી અરજ સ્વીકારી એકાદશીનો ઉપવાસોમાં પણ ફરાળ કરવાનું માની લીધુ અને આજે સાસુ વહુની રીસમાં એ તો મારા ઘરનો ઝગડો સુલઝાવવા આવ્યા છે ને હું જ તેની સામુ આ શું જીદે ચડી ગઈ છું ? આવા વિચારથી નમી દેવા બે ડગલા આગળ પણ વધી ગયા હતા પણ સલાહકાર કારભારી એ પાછા વાળ્યા કે આજે તમે પ્રભુને નથી નમતા પણ વટે ચડેલી વહુને નમો છો આનું પરિણામ એ આવશે કે વહું

જીવનભર એનુ ધાર્યુ કરાવવા ભગવાનનો દુરૂપયોગ કરશે... અને બે ડગલા આગળ વધેલો ફૈબા અનંત જન્મની ગર્તામાં પાછળ ધકેલાઈ ગયા. માટે જ મહારાજ ગ.પ્ર.૭૮ના વચનામૃતમાં સ્વામી ત્રિગુણાતિતાનંદજીના પ્રશ્નોનો પ્રત્યુત્તર આપે છે કે દેશાદિક વિષમ હોય ત્યાં તો ઉગર્યાનો એ જ ઉપાય છે જે ત્યાંથી જે તે પ્રકારે કરીને ભાગી છુટવુ. વળી ગ.પ્ર.૫૮માં આનંદાનંદ સ્વામી પૂછે છે કે પૂર્વના સંસ્કાર મલિન હોય તે કેમ ટળે ? એનો જવાબ વાળતા પણ વાલો લખે છે કે “ અતિશય જે મોટા પુરૂષ હોય તેનો જે ઉપર રાજીપો થાય તેના ગમે તેવા મલિન સંસ્કાર હોય તે નાશ પામે અને મોટા પુરૂષનો રાજીપો થયો હોય તો રંક હોય તે રાજા થાય અને ગમે તેવું તેના માથે વિધ્ન આવનારુ હોય તે નાશ થઈ જાય...’’

આવા વિપરીત દેશકાળના કપરા ફળ જોયા પછી વિપરીત દેશકાળે પણ ભગવાન અને સંતની કૃપાથી મળેલા મીઠા ફળ પણ માણીએ. ગલુજી ઉપર આવનારી બહારવટીયાની આફતને શ્રીહરિની એક ચિઠ્ઠી ચબરખીએ ઉગારી લીધા. બાઉદ્દીન કઠીયારાના જંગલોમાં લાકડા કાપી ભારી વેચવાના પ્રારબ્ધને સ.ગુ. ગુણાતીતાનંદ સ્વામીના એક આર્શીવચને દિવાન બનાવી દીધા. ગધેડા ઉપર માટી લાવીને ખુંદતા કુંભારને સ.ગુ. સ્વામી બ્રહ્માનંદજીના દિવ્ય માટલા જેવા પેટની સ્મૃતિમાત્રથી અંતકાળે શ્રીહરિ તેડવા આવ્યા. લાલજી સુથારની મોજડીમાં સંતાડેલી કોરીઓ લુટવા આવેલ લૂંટારાનો ભવ સુધાર્યો. માવામુસાની કંપનીના દાળીયા મમરા ગ્રહણ કરીને સ્વામીએ નિર્વિકારી કરી મૂક્યા...

ઓહોહો સત્સંગનો ઈતિહાસ ભગવાન અને સંતની કૃપાથી સાશ્વત સુખી થનારા દૃષ્ટાંતોથી સભર બન્યો છે. માટે હે મુક્તો ! વિપરીત દેશકાળથી દૂર રહી ભગવાન અને રૂડા સાધુના આશરે દૃઢ મન કરી નૈમિષારણ્ય ક્ષેત્રનું સદાસેવન કરી, ખારા ભવસાગરમાં સત્સંગરૂપી મીઠી વિરડીમાં અમૃતરસના ભોગી થઈ ભવસાગર તરી જઈએ એ જ અભ્યર્થના સહ.

**શ્રી નરનારાયણદેવ સ્વામિનારાયણ સત્સંગ મંડળ**
**(ઘાટલોડિયા-સોલા-ચાંદલોડીયા વિસ્તાર)ની પ.પૂ.મોટા મહારાજશ્રીના હસ્તે સ્થાપના**

શ્રી નરનારાયણ દેવે પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા નારણઘાટ મહંત સ.ગુ.સ્વામી દેવપ્રકાશદાસજી તથા સ.ગુ.શા.સ્વામી પુરૂષોત્તમપ્રકાશ દાસજીની પ્રેરણાથી પ.ભ.મુકેશભાઈ આર.પટેલ (ધમાસણાવાળા)ને ત્યાં તા.૨૧-૪-૧૨ના રોજ પ.પૂ.મોટા મહારાજશ્રીના વરદ્ હસ્તે શ્રી નરનારાયણદેવ સ્વામિનારાયણ સત્સંગ મંડળની સ્થાપના કરવામાં આવી છે. જેથી હવે દર રવિવારે અને દર એકાદશીને સત્સંગ સભા રાત્રે ૮.૩૦ થી ૧૦.૩૦, ગણેશપાર્ક કોમ્પ્લેક્ષ વિ-૧, ગોકુલડેરીની બાજુમાં, આઈ.ડી.પટેલ સ્કુલરોડ, ઘાટલોડિયામાં થશે. ઘાટલોડિયા, સોલા અને ચાંદલોડીયાના હરિભક્તોને સભામાં પધારવા ખાસ અનુરોધ છે. સંપર્ક : ભોળાભાઈ શીવદાસ પટેલ-૯૯૨૫૮૦ ૫૪૬૩-રમેશભાઈ પી. પટેલ-૯૫૮૬૪૨ ૨૬૦૧

**● અભિનંદન ●**

સર્વોપરિ ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનની કૃપા અને શ્રી નરનારાયણદેવ પિઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર માણેકપુર (ચૌધરી)ને ૨૫ વર્ષ પૂર્ણ થતાં અમદાવાદ મંદિરના મહંત સ.ગુ.શા.સ્વા. હરિકૃષ્ણદાસજી તથા સ.ગુ.શા.સ્વામી પુરૂષોત્તમપ્રકાશ દાસજી (નારણઘાટ મહંતશ્રી)ની પ્રેરણાથી તા.૨૩-૩-૧૨થી તા.૨૯-૩-૧૨ પર્યન્ત રજત જયંતી પાટોત્સવ મહોત્સવના ઉપલક્ષમાં શ્રીમદ્ સત્સંગજીવન સપ્તાહ પારાયણ સ.ગુ.શા.સ્વા. રામકૃષ્ણદાસજીના સુંદર વક્તા પદે, શ્રીહરિયાગ, ૨૫ સંહિતા પાઠ, વિદ્વાન સંતો દ્વારા વ્યાખ્યાન માળા, અભિષેક, જલયાત્રા, છપ્પન ભોગ અન્નકૂટ, સવા કરોડ મહામંત્ર લેખન, રાત્રીય સાંસ્કૃતિક કાર્યક્રમ, બ્લડ કેમ્પ, વ્યસન મુક્તિ અભિયાન જેવા વિવિધ પ્રસંગોથી ભરપુર માણેકપુર ચૌધરી સત્સંગ સમાજે ‘રજત જયંતી મહોત્સવ’ ઉજવી ‘ગાગરમાં સાગર’ જેવું ભગીરથ કાર્ય કરવા બદલ આ મહોત્સવના માણેકપુર-ચૌધરી સત્સંગ સમાજને તથા પૂજનીય સંતો અને તેમાં તન,મન, ધનથી સાથ સહકાર આપનાર સૌ હરિભક્તોનો ખૂબ ખૂબ આભાર.

લી. (શ્રી સ્વા.મંદિર - પટેલ સત્સંગ સમાજ - માણેકપુર (ઘનશ્યામનગર) તથા પટેલ વિષ્ણુભાઈ માધવલાલ)

# શ્રી સ્વામિનારાયણ મંદિર-માણેકપુર (ચૌધરી)
# રજત જયંતી મહોત્સવ

સર્વાવતારી ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણની અસીમ કૃપાથી તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા તેમજ પ.પૂ.મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના આશીર્વાદથી તથા અમદાવાદ મંદિરના મહંત સ.ગુ.શા.સ્વા. હરિકૃષ્ણદાસજી અને નારાયણઘાટ મંદિરના મહંત સ.ગુ.સ્વામી દેવપ્રકાશદાસજી (બન્ને વડીલ સંતો)ની પ્રેરણાથી તેમજ નારાયણઘાટ મંદિરના મહંત સ.ગુ.શા.સ્વામી પુરૂષોત્તમપ્રકાશ દાસજી (નાના પી.પી.સ્વામી)ના માર્ગદર્શન હેઠળ, શ્રી નરનારાયણદેવ દેશ તાબાનું શ્રી સ્વામિનારાયણ મંદિર (ચૌધરીનું)-માણેકપુરના ૨૫ વર્ષ પૂર્ણ થતાં ખૂબ ભવ્યતાથી ભવ્ય રીતે રજત જયંતી મહામહોત્સવ તા.૨૩-૩-૧૨થી તા.૨૯-૩-૧૨ સુધી ઉજવાયો. આજથી ૨૫ વર્ષ પહેલા પ.પૂ.અ.નિ. સ.ગુ.સ્વામી કરશનદાસજીએ ઘણી જહેમત અને મહેનતથી અને ગ્રામ આગેવાન ભક્તોના સહયોગથી અતિ સુંદર મંદિરનું નિર્માણ કરેલ જેના ૨૫ વર્ષ પૂર્ણ થતાં રજત જયંતી મહામહોત્સવ ઉજવવાનું નિર્ધારેલ. જે ધામધૂમથી સંપન્ન થયો. આ રજત જયંતી મહામહોત્સવના ઉપલક્ષમાં ઘણા-ઘણા નાના-મોટા કાર્યક્રમોનું આયોજન થયેલ જેમાં શ્રીમદ્ સત્સંગિ જીવન સપ્તાહ પારાયણ, શ્રી ગણપતિ દાદા તથા શ્રી હનુમાનજી મહારાજ પુનઃ પ્રતિષ્ઠાનું આયોજન, શ્રી હરિયાગ, ૨૫ સંહિતાપાઠ, બ્લડ કેમ્પ, વિદ્વાન સંતો દ્વારા વ્યાખ્યાન માળા, અભિષેક, જલયાત્રા, ૫૬ ભોગ અન્નકૂટ, રાત્રીય કાર્યક્રમ, સવા કરોડ સ્વામિનારાયણ મહામંત્ર લેખન, વ્યસન મુક્તિ અભિયાન અને વિવિધ પ્રસંગોથી ભરપૂર આયોજન હતું. સાથો સાથ યુવક મંડળ દ્વારા એક ભગીરથ કાર્યનું આયોજન થયેલ. જેમાં ૨૫ ગામ જઈ ૨૫ સત્સંગ સભાનું આયોજન થયેલ અને મહિલા મંડળ દ્વારા દરરોજ ૧ કલાક શ્રી સ્વામિનારાયણ મહામંત્રની ધૂન્ય એમ ૨૫ કલાકની ધૂન્યનું પણ આયોજન કરેલ. શ્રી નરનારાયણદેવ દેશ તાબાનું શ્રી સ્વામિનારાયણ મંદિર-માણેકપુર(ચૌધરી)નું તથા સમસ્ત સત્સંગ સમાજ અને ગ્રામજનો અને દેશ-વિદેશમાં વસતા સર્વે હરિભક્તોના સાથ અને સહકારથી ખૂબ સુંદર ઉત્સવ ઉજવાયો. જેમાં શ્રીમદ્ સત્સંગિ જીવન સપ્તાહ પારાયણનું આયોજન કર્યું હતું. જેના વક્તા પદે સ.ગુ.શા.સ્વા. રામકૃષ્ણદાસજી (કોટેશ્વર ગુરૂકુળ) બિરાજ્યા હતા અને સુંદર કથાવાર્તાનો લાભ આપ્યો હતો. આજુબાજુ ગામના ઘણી મોટી સંખ્યામાં ભક્તોએ કથાવાર્તાનો લાભ લીધો હતો. સાથો સાથ રોજ નિત્ય નવીન આયોજન થતા અને ઉત્સવો ઉજવાતા. પ્રથમ દિવસ યજમાનશ્રીના ઘેરથી ખૂબ સુંદર પોથીયાત્રાનું આયોજન કરેલ. ત્યારબાદ મહોત્સવના પ્રેરણાસ્તોત્ર સંતો દ્વારા અને ગામના પાંચ આગેવાન ભક્તો દ્વારા સભામાં દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું અને કથાનો પ્રારંભ પણ કરવામાં આવ્યો હતો. આમ પ્રથમ દિવસ ધામધૂમથી સંપન્ન થયો હતો અને બીજા દિવસે સભામાં પ.પૂ.મોટા મહારાજશ્રી સંતમંડળ સાથે દર્શન અને આશીર્વાદ આપવા પધાર્યા હતા અને મહોત્સવમાં જે ભક્તોએ ૧૧,૦૦૦ થી ૪૯,૦૦૦ રૂપિયા સુધીનું અનુદાન આપેલ તે દાતાશ્રીનું સન્માન પૂ.મોટા મહારાજશ્રીના વરદ્ હસ્તે થયેલ અને પૂ. મોટા મહારાજશ્રીએ ચૌધરી સમાજને રાજી થઈ આશીર્વાદ આપ્યા હતાં અને સાંજના સત્રમાં ખૂબ ભવ્યાતિભવ્ય રીતે શ્રી ઘનશ્યામ જન્મોત્સવની પણ ઉજવણી કથા શ્રવણ કરનાર સર્વે ભક્તોએ ધામધૂમથી કરી હતી. આમ ત્રીજા દિવસે સવારે પ.પૂ.અ.સૌ.મોટા ગાદીવાળાશ્રી એ બહેનોને દર્શન આપી કૃતાર્થ કર્યા હતા અને શુભાશીષ પાઠવ્યા હતા. આમ દિવસ-પર-દિવસ વીતી જતાં ખબર પણ ન રહી. ચોથા દિવસે ધામધૂમથી ઉત્સવો ઉજવાયા અને પાંચમા દિવસે ૨૫ યુવાનો ને વ્યસન મુક્તિ કરાવી કંઠી પહેરાવી નવા આશ્રિત બનાવી ૨૫ ભક્તોને નવી પૂજા પેટી આપી પૂજા કરતા કર્યા હતા. આમ છઠ્ઠા દિવસે પણ પ.પૂ.અ.સૌ. લક્ષ્મી સ્વરૂપ ગાદીવાળાશ્રી બહેનોના ગુરૂ પધાર્યા હતા અને બહેનોને દર્શન સુખ આપી યજમાન પરિવારને રાજીપા રૂપ આશીર્વાદ આપ્યા હતા. અને સાંજના સત્રમાં શ્રી નરનારાયણદેવની પ્રતિષ્ઠા મહોત્સવ પણ ધામધૂમથી સભામાં ઉજવાયો હતો. અને દરરોજ રાત્રી કાર્યક્રમોનું પણ આયોજન કરેલ જેમાં કીર્તનભક્તિ, સત્સંગ ડાયરો, હાસ્ય દરબાર, રાસ-ગરબા, હાસ્ય રમઝટ અને રોગ નિદાન પ્રવચન પ્રોજેક્ટરના માધ્યમથી રોજ રાત્રે કાર્યક્રમો ઉજવાયા હતા અને છેલ્લા દિવસે પ.પૂ.આચાર્ય મહારાજશ્રી અને પૂ.લાલજી મહારાજશ્રી પધાર્યા ત્યારે ગામ આંગણે પ્રથમ મંદિરમાં અન્નકૂટની આરતી કર્યા બાદ બન્ને મહારાજશ્રીની ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી અને ત્યારબાદ ઉતારે પધારી સભામાં પધાર્યા હતા. સભામાં યજમાનશ્રી દ્વારા બન્ને મહારાજશ્રીનું પૂજન અર્ચન થયું હતું અને સભામાં રૂા.૫૧,૦૦૦ થી લઈ જે ભક્તોએ મહોત્સવમાં સેવા કરી એવા ભક્તોને પ્રસાદીની મૂર્તિ આપી સન્માનિત કર્યા હતા. ત્યારબાદ અનેક વિધ કાર્યક્રમો ઉજવાયા. જેમાં કથા સી.ડી. વિમોચનવિધિ, ભક્તોનું સન્માન, આદિક ત્યારબાદ પૂજ્ય સંતોએ રૂડા આશીર્વાદ યજમાન પરિવારને તથા સર્વે ભક્તોને પાઠવ્યા હતા અને છેલ્લે પ.પૂ.આચાર્ય મહારાજશ્રી તથા પૂ.લાલજી મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ આપ્યા હતા.

સમગ્ર મહોત્સવમાં દરરોજ સંપ્રદાયના મૂર્ધન્ય વિદ્વાન સંતો દ્વારા વ્યાખ્યાનમાળા રાખવામાં આવી હતી. જેમાં સ.ગુ.શા.સ્વામી હરિઓમપ્રકાશ દાસજી, સ.ગુ.શા.સ્વામી નારાયણ વલ્લભદાસજી, સ.ગુ.શા.સ્વામી નિર્ગુણદાસજી, સ.ગુ.શા.સ્વામી ઘનશ્યામપ્રકાશ દાસજી, સ.ગુ.શા.સ્વામી અભયપ્રકાશ દાસજી તથા સ.ગુ.શા.સ્વામી ભક્તિ પ્રકાશ દાસજી (જેતલપુર) વગેરે સંતોએ કથા પ્રવચનનો લાભ આપ્યો હતો. કથા પૂર્ણાહુતિ બાદ પૂ.આચાર્ય મહારાજશ્રી તથા પૂ.લાલજી મહારાજશ્રી ત્રિદિનાત્મક શ્રીહરિયાગની પૂર્ણાહુતિ કરવા પધાર્યા અને ત્યારબાદ શ્રી ગણપતિદાદા અને શ્રી હનુમાનજી મહારાજની પુનઃ પ્રતિષ્ઠા વિધિ તેઓશ્રીના વરદ્ હસ્તે થઈ હતી. પ્રસંગ પૂર્ણ

અનુસંધાન પેજ નં.૧૨ પર

# કવિ બ્રહ્માનંદની કમનીય કીર્તન કળા

- પ્રો. મહાદેવ ધોરિયાણી (રાજકોટ)

બ્રહ્માનંદ સ્વામીએ ભુજની વ્રજભાષાની પાઠશાળામાં ૧૦ વર્ષ નિવાસ કરી વિધિસર પિંગળશાસ્ત્ર અને અલંકાર શાસ્ત્રનો તલસ્પર્શી અભ્યાસ કર્યો હતો. ભુજમાં સહજાનંદ સ્વામીના પ્રથમ દર્શને તેમને પ્રથમ કાવ્યની સ્ફુરણા થઈ. મહારાજે તેમને દીક્ષા આપી 'શ્રીરંગદાસ' નામ રાખ્યું.

**● સહજાનંદ સ્વામીના દિવ્ય સ્વરૂપનો મહિમા :**

બ્રહ્માનંદ સ્વામીએ સ્વામી સહજાનંદ પ્રત્યે અનન્ય ભક્તિ પ્રગટ કરતાં કેટલાંક પદો લખ્યા છે : 'આજની ઘડી, 'મારા હૃદિયામાંય', 'સહજાનંદ સહજાનંદ,' 'સહજાનંદ સુખકારી રે,' તથા 'સુણ સાહેલી' - એ પાંચ પદોમાં શ્રીજી મહારાજનો ઉલ્લેખ છે. બાકીના ચારેક જેટલાં પદો એવા છે, જેનું સ્વરૂપ કૃષ્ણ ભક્તિનું છે. પરંતુ એ પદો સહજાનંદ સ્વામીને અનુલક્ષીને લખાયેલાં છે. 'અધમ ઉધારણ', 'રે સગપણ હરિવરનું સાચું', 'મેં ઢાઢી મહારાજકો' તથા 'તારો ચટક રંગીલો છેડલો' એ ચાર પદો એ પ્રકારના છે. 'બાર મહિના' અને 'ઘનશ્યામાષ્ટક' એ બંનેમાં 'ઘનશ્યામ' તરીકે શ્રીજી મહારાજનો ઉલ્લેખ છે.

તેમણે સ્વામી સહજાનંદના સ્વરૂપનો મહિમા પોતાની આગવી શૈલીમાં સુપેરે ગાયો છે :

**"આજની ઘડી રે, ધન્ય આજની ઘડી,**
**મેં નિરખ્યા સહજાનંદ, ધન્ય આજની ઘડી."**

●●●●●

**"મારા હૃદિયામાંય, રાત દિવસ એક રટના**
**સહજાનંદની,**
**દંગ આય વસી, સુંદર શ્યામ સ્વરૂપ છબી જગવંદની."**

ઉપરોક્ત પંક્તિઓમાં શ્રીજી મહારાજના મોહક સ્વરૂપનું ચિત્ર બ્રહ્માનંદ સ્વામીએ દોરી આપ્યું છે. આ બંને પદોમાં સહજાનંદ સ્વામી પ્રત્યેની તેમની શ્રધ્ધા અને ભક્તિ વ્યક્ત થઈ છે.

**● સહજાનંદમય બનતા બ્રહ્માનંદ :**

'સહજાનંદ સહજાનંદ' અને 'સહજાનંદ સુખકારી રે' - એ બંને પદોમાં બ્રહ્માનંદ સ્વામી સહજાનંદમય બની જાય છે. શ્રીજી મહારાજની છબી ઉપર વારંવાર વારી જાય છે.

**"બ્રહ્માનંદ વાર વાર, છબી પર બલ જઈએ;**
**સહજાનંદ, સહજાનંદ, સહજાનંદ કહીએ."**

'સહજાનંદ સુખકારી રે' માં એક બાજુ પરમાત્માના નિરંજન સ્વરૂપની વાત કરી છે તો બીજી બાજુ પરમાત્મા સંતોમાં રહે છે. પરમાત્મા સહજાનંદ સ્વરૂપે પ્રગટ થયા છે. સહજાનંદ ભીનેવાને છે અને બ્રહ્માનંદના સ્વામી છે. આ રીતે બ્રહ્માનંદ સ્વામીએ અપાર સુખ આપનારી સહજાનંદ સ્વામીની સલુણી મૂર્તિનો મહિમા હૃદયના અતળ ઊંડાણથી ગાયો છે.

**● બ્રહ્માનંદ સહજાનંદને ગોપીભાવે ભજે છે :**

'સુણ સાહેલી' નામના એક પદમાં બ્રહ્માનંદ સ્વામીનો 'ગોપીભાવ' વ્યક્ત થાય છે. અહીં કવિ બ્રહ્માનંદનો 'સમર્પણ ભાવ' પ્રગટ થયો છે.

**"સુણ સાહેલી ! સહજાનંદ સંગાથે મારે પ્રીતડી."**

અહીં બ્રહ્માનંદ ગોપીભાવ' ધારણ કરે છે. તે એની સાહેલીને ઉદ્દેશીને કહે છે કે, હે સાહેલી ! મને સહજાનંદની લગની લાગી છે. હવે હું કોઈથી ડરતી નથી. મેં લોક લાજનો સદંતર ત્યાગ કર્યો છે. મને ઘર કે ધંધો કે એવું કંઈ ગમતું નથી. એક સહજાનંદ જ મારા હૃદયમાં નિરંતર રમે છે.

એમનો ઊંડો ભક્તિભાવ અન્ય કેટલાંક પદોમાં પણ અભિવ્યક્ત થયો છે.

'રે સગપણ હરિવરનું સાચું' ના પદોમાંથી પ્રગટતાં શ્રીકૃષ્ણ પ્રત્યેના ગોપીઓના વિવિધ ભાવસ્પંદનો ઘણા મોટા પટમાં છવાઈ ગયાં છે. આ પદોમાં ભક્તિ શૃંગારના અનેરા, અનોખા અને અદ્વિતીય આલેખનમાં કૃષ્ણ અને ગોપી કવિ બ્રહ્માનંદની અભિવ્યક્તિની સબળ સામગ્રી બની રહ્યાં છે. આ પદોમાં એમની અલૌકિક પ્રેમલક્ષણાં ભક્તિ લૌકિક પ્રેમભાવની ભાષામાં જ વ્યક્ત થાય છે. તેમની ભક્તિ કૃષ્ણ, રાધા અને ગોપીઓને અવલંબીને રજૂ થાય છે. આશ્ચર્યની વાત તો એ છે કે, પ્રસ્તુત પદોમાં ભગવાન શ્રીકૃષ્ણ પ્રત્યેનાં ગોપીઓના અને રાધાના વિવિધ ભાવસ્પંદનો વ્રજભાષા, કચ્છી ભાષા, રાજસ્થાની ભાષા અને ગુજરાતીભાષામાં અભિવ્યક્તિ પામ્યાં છે. કૃષ્ણ તો સાચાં મોતી કરતાં પણ મોંઘા છે.

અહીં કવિ તરીકે બ્રહ્માનંદ સ્વામીની રજૂઆત, રચના શૈલી અને અભિવ્યક્તિની કલા પોતાની આગવી છે. ગોપી શ્રીકૃષ્ણના સૌન્દર્યથી મુગ્ધ બની છે : 'લટકાળા હો લાલ', 'લાગ્યો મારે નટવરથી નેડો,' 'વહાલા લટકાં તમારાં' વગેરે પદોમાં બ્રહ્માનંદ સ્વામી ગોપીમુખે શ્રીકૃષ્ણની લાક્ષણિક છબી દોરી આપે છે.

વળી, કેટલાંક પદોમાં ગોપીઓનો તીવ્ર વિરહભાવ ગાયો છે. આ વિરહભાવ તેમણે વ્રજ ભાષામાં પ્રગટ કર્યો છે.

ગોપીનો ભક્તિભાવ પ્રગટ કરતાં પદોમાં સમર્પણ ભાવ, દઢતા, આરત, ખુમારી અને સ્ત્રી હૃદયના સૂક્ષ્મ ભાવોનું પ્રકટીકરણ જોવા મળે છે. આ પદો લગભગ ૨૨ જેટલાં છે. ચિત્રાત્મક નિરૂપણ એ કવિ બ્રહ્માનંદની એક વિશેષતા છે.

**"માનીતીને મનાવવા, પોતે હરિ આવ્યા,**
**રાધા કાજે ફૂલના ગજરા ગૂંથી લાવ્યા."**

કૃષ્ણની પ્રિયતમો બનવાની અધિકારી એવી રાધાની મહત્તાને બ્રહ્માનંદે રૂડી રીતે પ્રગટ કરી આપી છે. ગોપીની ઉક્તિરૂપે ૩૨ જેટલી રચનાઓ છે. અહીં ગોપી હૃદયના ભાવ સ્પંદનોનું પારદર્શક આલેખન એ કવિ બ્રહ્માનંદની આગવી વિશેષતા છે.

**● પદોમાં સંગીતમય રાગ રાગિણીઓ :**

બ્રહ્માનંદ સ્વામી સંગીતના અચ્છા જાણકાર હતા. તેથી અનેકવિધ રાગ રાગિણીઓમાં ગાઈ શકાય તે રીતે પદો રચ્યાં છે. આ પદોને કોઈ ગાયકને કંઠે સાંભળવાં એ એક લહાવો છે. ચારણી છંદોનું પ્રયોજન દાદ માગી લે તેવું છે. તેમણે પાંચ ભાષાઓમાં પદ રચના કરી છે. ભાષા, સાદી, સરળ અને પ્રાસાદિક છે.

'શ્રી રાસાષ્ટક' માં એમની વર્ણન છટા જોઈએ :

**"ઝણણણણણ ઝણણ ખણણ પદ ઝાંઝર,**
**ગોમ ઘણણણ ગણણણ ગયણે;**
**તણણણ બજ તંત ઠણણ ટંકરાવ,**
**રણણણ સુર ધણણ રચણે."**

અત્રે 'રવાનુકારી શબ્દો' દ્વારા સુંદર શબ્દચિત્ર દોર્યું છે. કેટલીક પંક્તિઓમાં 'પુનરુક્તિ' દ્વારા સૌંદર્ય સાધે છે :

**"હરિહર આજ હેર હેર, વિકસિત સુર બેર બેર,**
**ફરગટ ઘર ફેર ફેર, નટવર નાચે."**

●●●●●

**"ઘણ રવ પટ ફરર ઘરર પદ ઘૂઘર,**
**રંગભર સુંદર શ્યામ રમે......"**

ટૂંકમાં, બ્રહ્માનંદ સ્વામીએ પોતે ગોપી બનીને અવતારના અવતારી સહજાનંદ સ્વામીને ભજ્યા છે.

**● સહજાનંદ બ્રહ્માનંદની ખરી માતા છે :**

કૃષ્ણ ભક્તિનાં પદો ઉપરાંત બ્રહ્માનંદ સ્વામીએ સહજાનંદ સ્વામીની ભક્તિનાં પદો લખ્યા છે. 'બ્રહ્માનંદ' ને સહજાંદ સ્વામી 'સખા' કહેતા.

બ્રહ્માનંદનું પૂર્વાશ્રમનું નામ લાડુ બારોટ હતું, જ્ઞાતિએ ચારણ. પિતાનું નામ શંભુદાન અને માતાનું નામ લાલુ બાઈ. જ્યારે લાડુદાન દીક્ષા લેવા તૈયાર થાય છે ત્યારે સગાંવહાલાં લાડુદાનને દીક્ષા ન લેવા સમજાવે છે. પરંતુ લાડુદાન અડગ રહે છે. છેલ્લે લાડુદાનની માતા 'લાલુબા' લાડુદાનને સમજાવવા આવે છે. લાલુબાઈને અનન્ય વાત્સલ્ય પ્રેમ અને માતૃત્વનો ભાવ અનુભવતા જોઈને સહાજાનંદ સ્વામી કહે છે : "લાલુબા હું આજથી લાડુદાનની મા થાઉં છું."

બ્રહ્માનંદ સ્વામીએ પ્રસ્તુત પ્રસંગને 'અધમ ઉધારણ' નામના પદમાં શબ્દસ્થ કરેલ છે :

**"ભરી સભામાં ભૂધરજી તમે, થયા છો માડી મારી રે,**
**બેટાને હેત બોલાવો, અવગુણિયા વિસારી રે."**

આ પદમાં બ્રહ્માનંદ સ્વામી શ્રીજી મહારાજને માતૃત્વરૂપે જુએ છે.

**"રે સગપણ હરિવરનું સાચું,**
**બીજુ સર્વે ક્ષણભંગુર કાચું."**

સાચું સગપણ તો એક હરિવરનું છે. એ સગપણ શાશ્વત છે. બાકી માતાનું, પિતાનું - એ બધાં સગપણ ક્ષણભંગુર છે. આ પદમાં બ્રહ્માનંદની ત્યાગભાવના, વૈરાગ્યભાવના અને ભક્તિભાવના રમણીય રીતે વ્યક્ત થઈ છે.

'તારો ચટક રંગીલો છેડલો'માં મહારાજના સ્વરૂપનું વર્ણન કર્યું છે. ભક્તિએ તલવારની ધાર પર ચાલવા જેવું કામ છે. 'રે શિર સાટે નટવરને વરીએ.' બ્રહ્માનંદની ઉપદેશ પ્રધાન રચનાઓ તેમના પાંચેક ગ્રંથોમાં અનેરી, અનોખી અને અલૌકિક છે. અહીં નારાયણનું નામ લેવાની શિખામણ છે. માનવીનું શરીર ક્ષણભંગુર છે, એનો નાશ થતાં વાર નહિ લાગે. માટે અભિમાન ન કરવું જોઈએ. એવો બોધ, સદાચાર અને ભક્તિનો બોધ છે. આ પદોમાં બ્રહ્માનંદની આજ્ઞા અને ભક્તિભાવ ભળેલાં છે. અહીં કવિ બ્રહ્માનંદની કવિત્વ શક્તિ પણ કારણભૂત છે. કેટલાક ગ્રંથોમાં તત્ત્વદર્શન અને ઉપદેશ બને છે. અહીં જ્ઞાનનું પ્રદર્શન કે તત્ત્વનું ટૂંપણું નથી દેખાતું. બ્રહ્માનંદ સ્વામીએ બહુ સરળ ભાષામાં અનેકવિધ દૃષ્ટાંતો દ્વારા, પોતાની વિશિષ્ટ શૈલી દ્વારા સુપેરે તત્ત્વદર્શન અને ઉપદેશનો સુભગ સમન્વય કર્યો છે.

## ખાણ ગામ
### (સ.ગુ.બ્રહ્માનંદ સ્વામીનું જન્મ સ્થાન)

સત્સંગીઓને નોંધ લેવા વિનંતી છે કે ખાણ ગામમાં આપણા મંદિરે દર્શન માટે પહેલા આબુરોડ થઈને જવાનો રસ્તો હતો તેમાં સમય ઘણો થતો પણ નીચે જણાવેલ રોડ નવો થયો હોવાથી અને અમદાવાદથી ફક્ત તૂત્રણ કલાકના સમયમાં પહોંચી શકાય તેવો હોવાથી તેની વિગત આ પ્રમાણે છે અમદાવાદ - મહેસાણા - પાલનપુર - દાંતીવાડા - પાથાવાડા -ખાણ

# શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી.....

મ્યુઝિયમમાં દર્શને આવતા સૌને તેના સંકલ્પ કર્તા એટલે કે પ.પૂ.શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના નામની જેમ તેજસ્વીતાના દર્શન થાય છે. આ વર્ષે પ.પૂ. મોટા મહારાજશ્રી પોતાના જન્મદિન એટલે કે તા.૯-૪-૨૦૧૨નાં રોજ ભારતમાં નહિ પણ ઓસ્ટ્રેલિયા બિરાજતા હતા ત્યારે અહિંના સત્સંગ સમુદાયને તેમની ખોટ સાલે તે સ્વાભાવિક છે. પરંતુ સત્સંગીઓએ ભેગા મળી મ્યુઝિયમમાં જ જન્મદિન ઉજવવાનું નક્કી કર્યુ. શ્રી નરનારાયણદેવના અચલ સ્વરૂપનો અભિષેક અને મહાપૂજા કરતા હરકોઈ તેમની દિવ્ય હાજરી અનુભવતા હોય તેમ લાગતું હતું. અને ફોટામાં બિરાજી સૌને આશીર્વાદ આપતા હોય તેવો દિવ્ય અનુભવ થતો હતો. કારણ કે મ્યુઝિયમનું વાતાવરણ જ એવું છે કે તમામના મન ધાર્યા સંકલ્પ પૂર્ણ થતા રહે છે. હમણા તાજેતરમાં જ મણીનગર વિસ્તારના એક હરિભક્ત કેતનભાઈ મનુભાઈ પટેલના સુપુત્ર જમણા પગે સખત દાઝી જતા તેમને સંકલ્પ કરેલ કે પગે સારૂ થતાં જ પોતાના ઘરેથી શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમશ્રી નરનારાયણ દેવના દર્શને ચાલી ને આવશે. તેમની મનોકામના પૂર્ણ થતા તેઓ ચાલીને દર્શને આવીને ધન્યતા અનુભવવા લાગ્યા. આવા તો અનેક પ્રસંગો બનતા જ રહે છે. અરે સત્સંગીઓ તો ઠીક પરંતુ મ્યુઝિયમમાં જ ચાલતી પ્રાણીક હિલીંગની શિબિરમાં પણ સામાન્ય રીતે થતા પ્રભાવ કરતા બમણો પ્રભાવ થાય છે તેવુ અનુભવાયુ છે જે મ્યુઝિયમના દિવ્ય વાતાવરણને આભારી છે.અને વૃધ્ધાશ્રમમાંથી આવેલ સો એક જેટલા વૃધ્ધોને પણ અહીં દર્શન કરી નિરવ શાંતિનો અનુભવ થયો હતો. કદાચ એ બધા વૃધ્ધોના પુત્રો મુલાકાત લેશે ત્યારે એમનામાં પણ પરિવર્તન આવશે અને વૃધ્ધાશ્રમમાં સંખ્યા ઘટશે તેવી સૌને ખાત્રી છે.

-પ્રફુલ ખરસાણી

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ શ્રી નરનારાયણ દેવની મૂર્તિના અભિષેકની યાદી - એપ્રિલ-૨૦૧૨

| | |
|---|---|
| તા. ૦૧-૦૪-૧૨ | ચાંદની અશોકભાઈ પટેલ -લંડન (માંડવી,કચ્છ) |
| તા.૦૪-૦૪-૧૨ | ગોપાળદાસ ભોગીલાલ મોદી - અમદાવાદ<br>હ.રવિન્દ્ર ગોપાળદાસ મોદી |
| તા.૦૯-૦૪-૧૨ | પ.પૂ.મોટા મહારાજશ્રીના જન્મ દિન નિમિત્તે મહાપૂજા તથા અભિષેકના યજમાન<br>મુકેશકુમાર કાંતિલાલ પટેલ - કલોલ |
| તા.૨૪-૦૪-૧૨ | ડૉ.કાંતિભાઈ તથા ન્યુઝિલેન્ડના સત્સંગી હરિભક્તો<br>પટેલ જનાર્દનભાઈ મગનદાસ પ્રોફેસર, મીતેશકુમાર આર., યોગેશભાઈ એચ., હ.મુકેશભાઈ કે. - કલોલ |
| તા.૨૯-૦૪-૧૨ | શ્રી સ્વામિનારાયણ સત્સંગ સમાજ<br>હ. નારણપુરા મંદિરના મહંત શ્રી હરિઓમપ્રકાશ સ્વામી, માવજીભાઈ વાલજીભાઈ પટેલ |

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ નિભાવ ભેટયોજના અંતર્ગત નોંધાવનાર દાતાશ્રીઓની યાદી - એપ્રિલ-૨૦૧૨

| | |
|---|---|
| ૨,૪૪,૯૦૦/- | ન્યુઝિલેન્ડમાં પ.પૂ.મોટા મહારાજશ્રીની પધરામણી પ્રસંગે આવેલ ચરણભેટ |
| ૨,૫૧,૦૦૦/- | અશોકકુમાર જમીયતરાય પંડયા<br>ઉર્વશીબેન એ. પંડયા |
| ૧,૫૦,૦૦૦/- | શામજી નારણભાઈ કેરાઈ -માંડવી કચ્છ |
| ૧,૧૦,૦૦૦/- | વિનયભાઈ જયંતીલાલ ભટ્ટ -અમદાવાદ<br>હ.ધર્મપ્રસાદભાઈ શુક્લ |
| ૫૧,૦૦૦/- | તેજેન્દ્ર ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રા.લી.- અમદાવાદ |
| ૩૨૫૮૪/- | ગં.સ્વ. વાલબાઈ શીવજી રાબડીયા-માંડવી કચ્છ<br>ગં.સ્વ. રામબાઈ નારણ રાબડીયા-માંડવી કચ્છ |
| ૧૫૦૦૦/- | જયશંકરભાઈ વૈદ્ય(સમ્રાટ નમકીન) અમદાવાદ<br>પ.પૂ.મોટા મહારાજશ્રીના જન્મ દિન નિમિત્તે આરતી ઉતારી તેના યજમાન |
| ૧૫૦૦૦/- | કલ્પેશભાઈ વિઠ્ઠલભાઈ<br>(પુત્ર જન્મ નિમિત્તે) -ડાંગરવા |
| ૧૫૦૦૦/- | પાટડીયા જવેલર્સ પ્રા.લી. - અમદાવાદ<br>હ.દિનેશભાઈ પાટડીયા |
| ૧૧૦૦૦/- | ધીરજભાઈ કે. પટેલ - ધરમપુર |
| ૧૧૦૦૦/- | કુ.વનેશા સુધીરભાઈ પરષોત્તમભાઈ<br>હ. દાસભાઈ - હર્ષદ કોલોની, બાપુનગર |
| ૧૧૦૦૦/- | કુ.નેહા સુધીરભાઈ પરષોત્તમભાઈ<br>હ. દાસભાઈ - હર્ષદ કોલોની, બાપુનગર |
| ૫૧૦૧/- | શ્રી સ્વા. મંદિર મહિલા સત્સંગ સમાજ-વહેલાલ |
| ૫૧૦૧/- | રાકેશ વિનોદભાઈ જોઈતારામ પ્રજાપતી - માણસા |
| ૫૦૦૧/- | નરનારાયણ હોસ્પિટલ - માણસા<br>ડૉ.પી.એમ.પટેલ હ. પરાગ,ભૂમિત |
| ૫૦૦૧/- | જીજ્ઞેશ જયંતીભાઈ અંબાલાલ<br>તખતપુરા (માણસા) |
| ૫૦૦૦/- | ડૉ.રમેશભાઈ આર. પરીખની પૂણ્યતિથિ નિમિત્તે<br>ડૉ.યોગીનીબેન આર.પરીખ - અમદાવાદ |
| ૫૦૦૦/- | કનુભાઈ મોતીભાઈ પટેલ -વડોદરા |
| ૫૦૦૦/- | ડૉ.હરિકૃષ્ણભાઈ ગોકળભાઈ પટેલ - સાપાવાડા |
| ૫૦૦૦/- | મહેશભાઈ એસ. પટેલ (લાલોડાવાળા) વાપી<br>શીવ કેમીકલ્સ-વાપી |

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા/મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.
મ્યુઝિયમ મોબાઈલઃ- ૯૮૭૯૫૪૯૫૯૭, પ.ભ. પરષોત્તમભાઈ - દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬
www.swaminarayanmuseum.org/com ● email:swaminarayanmuseum@gmail.com

# અભિપ્રાય

આ સ્વામિનારાયણ મ્યુઝિયમ જોઈ દર્શન કરી ખૂબ ખૂબ આનંદ થયો. આવું કાર્ય પૂજય મોટા મહારાજશ્રીએ કર્યુ કોટિ કોટિ પ્રણામ કરીએ. આવું કાર્ય સંપ્રદાય લેવલે સર્વ જગ્યાએ મંદિરોએ થાય તો મહારાજની અદભુત ઐતિહાસિક અમૂલ્ય વસ્તુઓ જળવાય તો વિશેષ આનંદ થાય નહિતો વેરવિખેર થઈ જાય તેવી સંભાવના છે.

-પુ. પરમહંસદાસજી, પુ.માધવચરણદાસજી - ભુજ (કચ્છ)

''નભૂતો ભવિષ્યતી'' પામર જીવોના કલ્યાણ અર્થે આચાર્ય મહારાજશ્રી દ્વારા આધુનિક સમયમાં જે પ્રતિષ્ઠાન દિવ્ય મ્યુઝિયમ સ્વરૂપે મુમુક્ષોના કલ્યાણ માટે પ્રજા સમક્ષ મૂકેલ છે તેનો કોઈપણ દિવ્ય સંકલ્પ થયે પૂર્ણતા થાય તેવી અનુભૂતી થયેલ છે. હકિકતે ગાગરમાં સાગરની અનુભૂતિ થયેલ છે. શ્રીજી મહારાજ સર્વેનું કલ્યાણ કરે તે જ પ્રાર્થના. શ્રીજી મહારાજ આ પ્રકારે ઉત્તરોતર દિવ્ય સંકલ્પો સાથે વિષેશ કાર્યો આચાર્ય મહારાજશ્રી તથા હરિભક્તો અને મુમુક્ષો દ્વારા નિત્ય કરાવતા રહે તેજ પ્રાર્થના. -એચ. એમ. દવે (એડવોકેટ) અમદાવાદ

શ્રીજી પ્રસાદીની જે અમૂલ્ય પ્રસાદીનું જે રીતે જતન થઈ રહ્યું છે. એ દર્શન કરતાં હૃદય અને આંખો બન્ને અહોભાવથી છલકાઈ ઉઠે છે. ૨૦૦ વર્ષ પહેલાનો સમય જાણે આંખો સામે ફરી સજીવન થઈ ઉઠે છે. આને માટે કંઈપણ કહેવા માટે શબ્દો ઓછા પડે છે. - માધવજીવનદાસજી (શ્રી સ્વા.મંદિર, જૂનાગઢ)

શ્રીજી મહારાજની પ્રસાદી જોઈને આજથી એવું થાય છે કે જાણે આજે તેમના પ્રત્યક્ષ દર્શન થયાને હંમેશ માટે અહીં મન થાય ત્યારે આવીએ ને મનની શાંતિ માટે પણ બેસી રહેવાનું મન થાય છે. - શ્રધ્ધા ઝવેરી, અમદાવાદ

આજ રોજ અમારી સંસ્થાના દુઃખી અને તરછોડાયેલા એવા સો જેટલા વૃધ્ધોએ આપણું સ્વામિનારાયણ મ્યુઝિયમ નિહાળ્યુ અને તેમને અનેરો આનંદ મળેલ છે. આપણા આખા મ્યુઝિયમની અમારા વૃધ્ધોએ વિઝીટ કરી અને તેમણે તેમની પાછળની જીંદગીમાં જે સમાજમાં દુઃખ ભોગવીને આવ્યા છે તેમાંથી દુઃખમાંથી નીકળવા માટેના જે સંસ્કારો અહીં મળેલા છે તે કદી ભૂલી શકાશે નહી. આપણા મ્યુઝિયમના દરેક વિભાગના જે સ્વયં સેવક ભાઈઓ જે વડીલોને સમજાવીને જ્ઞાન આપેલ છે તે કદી ભૂલી શકાય તેમ નથી. આથી મારી સંસ્થા વતી આપણા સ્વયં સેવક ભાઈઓથી વ્યવસ્થાપકો અન સંચાલકશ્રીનો વડીલો (વૃધ્ધો)ને આદર મળેલો છે. જે અમારા વડીલો કદી ભૂલી શકે તેમ નથી.

- ફરસુભાઈ કક્કડ (ટ્રસ્ટીશ્રી જીવન સંધ્યા વૃધ્ધાશ્રમ નારણપુરા)

The Museum offers Prasadi goods Which I would have never seen in my entire life. Thanks to the Maharaj shree for the vision and giving us the opportunity to see these divine objects

- Jayesh H. Hirani

It was very Beautiful

- Nobuyuki Niyachi (Tokyo, Japan)

**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ આવવા માટે બસનો રૂટ નંબર ૬૮**
**કાળુપુર ટર્મિનસ - સારંગપુર - રાયપુર- એસ.ટી.- જમાલપુર - પાલડી - લો ગાર્ડન - પંચવટી - સી.જી.રોડ - લાલ બંગલા - વિજય ચાર રસ્તા - પલીયડનગર - નારણપુરા ગામ - શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ - પ્રગતિ નગર - કર્મચારી નગર - સતાધાર સોસાયટી - અને આજ રૂ ટ પર પરત કાળુપુર**

અનુસંધાન પેજ નં.૮ નું ચાલુ

થતા ત્યાંથી અમદાવાદ જવા વિદાય લીધી હતી. છેલ્લે સર્વે ભક્તોએ સમૂહ પ્રસાદ લીધો હતો. સમગ્ર મહોત્સવમાં સૌથી મોટી સેવા શ્રી નરનારાયણદેવ યુવક મંડળ - માણેકપુર (ચૌધરી)નું મંદિર તથા મહોત્સવ સમિતિની રહી હતી. ગામના ઘણા નાના-મોટા નામી-અનામી ભક્તોએ પણ તન-મન-ધનથી સેવા કરી હતી. બીજી બાજુ સમગ્ર મહોત્સવમાં સંતોએ પણ ખૂબ સારી વ્યવસ્થા ગોઠવી હતી. વ્યવસ્થાપક સંતોમાં સ.ગુ.સ્વામી બાલસ્વરૂપ દાસજી (નારાયણઘાટ), સ.ગુ.સ્વામી જયકૃષ્ણદાસજી (કાલુપુર), સ.ગુ.સ્વામી યોગેશ્વરદાસજી (કાલુપુર), સ.ગુ.શા.સ્વામી અભયપ્રકાશ દાસજી (નારાયણઘાટ), સ.ગુ.શા.સ્વામી વ્રજભૂષણદાસજી, સ.ગુ.શા.સ્વામી દિવ્યપ્રકાશ દાસજી (નારાયણઘાટ) વગેરે સંતો રહ્યાં હતાં. મહોત્સવ દરમિયાન ધામોધામથી સંતો ઉપસ્થિત રહ્યા હતા. જેમાં સ.ગુ.શા.સ્વા. હરિકેશવદાસજી, બ્ર.સ્વા.રાજેશ્વરાનંદજી (શ્રી નરનારાયણદેવના પૂજારીશ્રી), સ.ગુ.સ્વામી જયપ્રકાશદાસજી, સ.ગુ.સ્વામી સૂર્યપ્રકાશદાસજી (ભંડારી કાલુપુર) વગેરે સંતો પણ આશીર્વાદ આપવા પધાર્યા હતા. સમગ્ર મહોત્સવનું લાઈવ પ્રસારણ www. swaminarayan.in પર કરવામાં આવ્યું. જેથી દેશ-વિદેશમાં રહેતા સર્વે હરિભક્તોએ આ મહોત્સવની દિવ્ય ઝાંખી રૂપ દર્શન કર્યા હતા. આમ સર્વે સંતો તથા સર્વે ગ્રામજનો (ચૌધરી, પટેલ, આદિક સમાજના) સાથ સહકારથી મહામહોત્સવ ધામધૂમથી સંપન્ન થયો હતો. સમગ્ર મહામહોત્સવમાં એક સફળ સભા સંચાલક તરીકેનો દાખલો સ.ગુ.શા.સ્વામી ચૈતન્ય સ્વરૂપદાસજીએ પૂરો પાડ્યો હતો.

# સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

## પાપને પ્રોત્સાહન ન આપવું

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

ગુજરાતના ચારૂત્તર પ્રદેમાં ડભાણ ગામમાં સ્વામિનારાયણ ભગવાન બિરાજતા હતા પ્રાતઃ સમયે સૂર્યના સારથિ અરૂણ પોતાના રશ્મિરથને લઈને આવી રહ્યા હતા. પોતાના કોમળ તેજપૂંજ પૃથ્વીને પંપાળતા હોય તેમ પ્રકાશથી દિશાઓને પ્રજવાળતા આવી રહ્યા હતા એ વખતે સ્વામિનારાયણ ભગવાન પ્રાતઃ સમયે સ્નાન-સંધ્યા- પૂજાથી પરવારી, દેશ દેશથી સમૈયામાં આવેલ અને એકત્રિત થયલા હરિભક્તોને દર્શન દેવા સભામાં પધારી સ્વમુખે સહજતાથી ઉપદેશ ભરી વાત કહી રહ્યા હતા.

હે ભક્તો! જે જ્ઞાની છે, સમાજમાં અગ્રેસર છે, વિદ્વાન અને સમર્થ છે. શું સારું અને શું નરશું તે વાત પોતે સારી રીતે જાણતો હોય છતાં કેવળ ને કેવળ જીભની અને મનની ઈચ્છાઓને સંતોષવા જે સુરાપાન કરે છે, અભક્ષ્ય વસ્તુ એટલે કે માંસ વગેરે ખાય છે, તે તો ભ્રષ્ટ થાય છે પણ એવા પદાર્થોનો પ્રચાર- પ્રસાર પોતાના ઉપદેશમાં અને વર્ણનમાં કરી જનસમાજને અવળે માર્ગે દોરે છે તે વિદ્વાન-પંડિત હોય તો પણ તેનું શતમુખ પતન થાય છે. અને મૃત્યુ પછી ભૂતયોનિ પામી બ્રહ્મરાક્ષસ થાય છે.

સ્વામિનારાયણ ભગવાન ડભાણની સભામાં આ વાત કહી રહ્યા હતા ત્યારે તે સભામાં દયાશંકર નામે એક ભૂદેવ પણ બિરાજમાન હતા અને પ્રભુની વાણીને એક ચિત્તે હૃદયમાં ધારી રહ્યા હતા તે સભામાં વચ્ચે ઉભા થઈ ગયા અને કહેવા લાગ્યા હે પ્રભુ! આપની આ વાત સંપૂર્ણ સાચી છે. મારા જાત અનુભવની એક વાત છે જો આપ મને આજ્ઞા આપો તો સભામાં કહી સંભળાવું. મહારજે આજ્ઞાઆપી એટલે એ ભૂદેવે કહેવાનું શરૂ કર્યું.

હું કાશીપુરમાં સંસ્કૃત વ્યાકરણ શાસ્ત્ર ભણવા ગયો હતો. બે વર્ષનો અભ્યાસક્રમ હતો. મને કાશી વિદ્યાપીઠમાં અભ્યાસ કરવાની મંજૂરી મળી એટલે મારા માતા-પિતા અને વડીલોને પ્રણામ કરી મારા ગામથી કાશીપુરમાં ભણવા ગયો અન્ય વિદ્યાર્થીઓની જેમ મને પણ કાશીમાં ભણવા જવાની તક મળી એટલે હૃદયમાં આનંદ-આનંદ હતો. ત્યાં છાત્રાલયમાં રહેવાનું, જમવાનું અને વિદ્યાભ્યાસ કરવાનો હતો (એ સમયમાં શિક્ષણ મફત હતું અત્યારના જેવું ખર્ચાળ ન હતું)

કાશીપુરમાં વિદ્વાન ભૂદેવ પંડિતોના માર્ગદર્શન પ્રમાણે ભણવાની મજા આવતી, ગૃહપતિ આખો દિવસ હોય, સાંજ પડે દરવાજા બંધ કરી અને બધા છોત્રો પોતપોતાને ફાળવેલા ઓરડામાં દિવસ દરમ્યાન જે ભણ્યા હોઈએ તેની વાતો કરતા અને મુખપાઠ કરવાનું જે ગૃહકાર્ય આપ્યું હોય તે મુખપાઠ કરતા અને લગભગ રાત્રિના દોઢ પ્રહર સુધી આ રીતે ભણી પછી સૂઈ જતા હતાં.

એક દિવસે મધ્યરાત્રિએ અમે જોયું કે એક વિદ્વાન પંડિત સંસ્કૃતના શુધ્ધ ઉચ્ચાર કરતા કરતા અમારી તરફ આવ્યા અને કહેવા લાગ્યા, “અરે , બાળકો ! તમે કેમ આવું અશુધ્ધ ઉચ્ચારવાળુ ભણતર ભણો છો ? અશુધ્ધ ઉચ્ચારથી પ્રગતિ ન થાય અને અભ્યાસ પૂર્ણ કરી અન્ય જગ્યાએ જઈએ ત્યારે આપણી અપકીર્તિ થાય. આવો હું તમને શુધ્ધ ઉચ્ચાર સાથે ભણાવું અને એ પંડિત મહાશય રોજ અડધી રાત્રિ થાય ત્યારે આવે અને મને તેમજ મારી સાથેના બીજા છાત્રોને ભણાવે અને પરોઢ થવા આવે ત્યારે જતા રહે. આવું થોડા દિવસ ચાલ્યું. એક દિવસ અમારા ગૃહપતિ કહે “બાળકો ! હું સૂવા જાઉ પછી મોડી રાત્રિ સુધી તમે તમારા શયન કક્ષમાં શું ભણો છો ? કોની સાથે વાતો કરતા હો છો ?

ત્યારે અમે કહ્યું અડધી રાત્રિ થાય ત્યારે એક પંડિતજી આવે છે અને શુધ્ધ ઉચ્ચાર સાથે અમને ભણાવે છે. પણ હે છોત્રો ! તમે કેમ ભૂલો છો ? હું રાત્રે દરવાજાની સાંકળે તાળા મારી દઉં છું. અંદર કોઈ પ્રવેશી ન શકે તે રીતે તમે બધા ઓરડામાં બંધ હો છો તો પછી પંડિતજી આવે કેવી રીતે ?

શું કોઈ દિવસે દિવસ દરમ્યાન તમે એ પંડિતજીને નજરે જોયા છે ! મેં અને મારા સાથીદારોએ ‘ના’ કહી એટલે એ ગૃહપતિ કહેવા લાગ્યા, સાંભળો બાળકો ! એ વિદ્વાન એક બ્રહ્મ રાક્ષસ છે. પોતે વિદ્વાન હોવા જતાં દારૂ-માંસનું સેવન કરે, વ્યસન હિંસા અને ભોગવિલાસનો પ્રચાર કરે. પોતે આવી બદીને અટકાવે એવો સમર્થ હતો છતાં અટકાવવાને બદલે સમર્થન આપે. પંડિત હોવા છતાં અસદ્‌ધર્મનું આચરણ કરતો હતો. શાસ્ત્રનો જાણકાર હોવા છતાં મન ફાવે તેવી રીતે અર્થઘટન કરી અન્યોને અવળે માર્ગે દોરતો હતો તે પાપે કરીને મૃત્યુ પછી તે પ્રેતયોનિને પામ્યો છે અને બ્રહ્મરાક્ષસ થયો છે.

હે મહારાજ ! કાશીપુરમાં બનેલી આ સત્ય હકીકત મેં આપને તથા સભાજનોને કહી સંભળાવી છે. મને

આ વાતની જાણ થઈ કે તરત જ હું મારો અભ્યાસ ક્રમ અધુરો મૂકીને આપના ચરણે અને શરણે આવ્યો છું. આપના શરણમાં જ સર્વે શાસ્ત્રોનો સાર છે. તે મને અનુભવે સમજાયુ છે. આપે જે કહ્યું કે ''સમર્થ અને શાસ્ત્રોનો જાણકાર હોવા છતાં અસદ્‌પ્રવૃત્તિને અટકાવે નહિં તેને પ્રોત્સાહન અને સમર્થન આપે તો ગમે તેવાો વિદ્વાન પંડિત હોય તો પણ મૃત્યુ પછી પ્રેતયોનિને પામી બ્રહ્મરાક્ષસ થાય છે તે વાત સાચી છે.

આ વાત કોઈ કલ્પનાની કથા નથી. દયાશંકર ભાઈએ નજરે જોયેલી અને પોતે અનુભવેલી છે. માટે જીવનમાં કયારે પણ અસત્કર્મો કરવા નહિ અને તેને પ્રોત્સાહન પણ આપવું નહિ. હંમેશા સન્માર્ગે રહી પ્રભુનું ભજન કરીએ તો કયારે પણ આત્માની અસદ્‌ગતિ ન થાય. આ વાત સ્વામિનારાયણ ભગવાને સ્વયં કહેલી છે અને આ વાતની નોંધ આધારાનંદ સ્વામીએ કરેલી છે.

## જેનો જેવો સંકલ્પ

- સાધુ શ્રીરંગદાસજી (ગાંધીનગર)

કોઈ ગામના રાજા જંગલમાં પોતાના રાજયના વિસ્તારોમાં ફરવા નીકળ્યા. ગ્રામ્ય પ્રજા સુખી છે કે દુઃખી ખેડૂતોની પરિસ્થિતિ કેવી છે. એ જોવા રાજા જાતે નીકળ્યા છે. જૂના જમાનામાં રાજા જાતે ફરતા. પ્રજાનું જીવન તપાસવા શ્રીરામ પણ વેશ બદલો કરીને નીકળતા. આ રાજા જંગલમાં નીકળ્યા એક ખેડૂત ખેતી કરતો હતો. રાજાને તરસ લાગી. બહુ તૃષા લાગી. પાણી મળ્યું નહિ. એટલામાં ખેડૂતને જોયો એટલે એમની પાસે જાય છે. ખેડૂતે વિચાર કર્યો. આ કોઈ આવનાર માણસ સારો નથી લાગતો. જંગલમાં એકલો એકલો રખડવા નીકળ્યો છે. કયાંય હિંસા કરવા નીકળ્યો હશે. શિકાર કરવા એ અહીં આવીને જો પાણી માંગશે ને તો આપીશ નહિ. શિકારીઓને પાણી કોણ પાય ? ખેડૂતે સંકલ્પ કર્યો. ખેડૂતેય આંટી વાળો હતો. ભાઈ પાણી પીવું છે. નથી પાણી, પણ તું આખો દિવસ અહીં ખેતરમાં કામ કરે છે તો પાણી તો રાખ્યું હશે ને. એ તારે શું કામ છે. હેંડતો થા. પાણી નથી. રાજાને એમ થયું જુઠું બોલે છે. ઝાડ નીચે માટલી પડી છે. જ્યાં રાજા આગળ વધ્યો માટલી તરફ ત્યાં આ ખેડૂતેય ખરો નીકળ્યો. પથ્થર મારી અને માટલી ફોડી નાંખી. ભલે તરસે મરું પણ શિકારીને પાણી ન આપું. રાજાને આ ખેડૂત ઓળખી ન શક્યો. માટલી ફૂટી ગઈ. રાજાને એમ થયું વાંધો નહિ ચાલો, તરસ્યો, તરસ્યો રાજમહેલ ભેગો થઈ ગયો. બીજે દિવસે પોતાના અનુચરોને કહ્યું, 'અમુક જગ્યાએ ખેતરમાં એક ખેડૂત છે એને અહિં બોલાવી લાવો.' ખેડૂતે આવીને જ્યાં જોયું ને માંડ્યો ધ્રુજવા, માર્યા ઠાર આ કાલવાળો જેને મેં પાણી ન પાયું. એ આ રાજા હતો. અમારા દેશનો. આતો ખબરેય નહીં. ભગવાન ભગવાન ફાંસીને માંચડે ચડાવશે. થોડીવારમાં એકાદું કાગળીયું આડુ અવળું થયું. બે ચાર અધિકારીઓએ સહી-સિક્કા કર્યા અને પ્રધાને એ કાગળીયું કચેરી વચ્ચે વાંચી બતાવ્યું કે સજ્જનો આપણા નામદાર રાજાનું મનોબળ કેટલું મક્કમ છે. એમણે જે સંકલ્પ કર્યો એ પકડી રાખ્યો છે. ગઈ કાલે તેઓ જંગલમાં ખૂબ તરસ્યા થયેલા. આંખે અંધારા આવતા હતાં. વિચાર કર્યો ખેડૂત પાસે જાઉં અને ખેડૂત જો પાણી પાયને તો એક ગામ એને બક્ષિસમાં આપી દઉં. આ સામે બેઠો ખેડૂત જેણે રાજાને પાણી ન આપ્યું. રાજા સાહેબ પોતાના વિચારમાં સંકલ્પમાં મક્કમ રહ્યા છે. ભલે ખેડૂતે મને પાણી ન આપ્યું એનો કંઇ ઈરાદો હશે પરંતુ મેં સંકલ્પ કર્યો તો તો હું એ અમલ કરું છું કે એ ખેડૂતને એક ગામ બક્ષિસમાં આપું છું. ખેડૂતે ખુલાસો કર્યો માફ કરજો. મેં તમને ઓળખ્યા નહીં. મને એમ કે કોઈ શિકારી હશે એટલે મેં પાણી ન આપ્યું. પણ ગામતો આ રાજાએ તેને ભેટમાં આપી દીધું.

જીવની અવળાઈનો પાર નથી. ભગવાનની કૃપાનો પાર નથી. સ્વામિનારાયણ ભગવાન સંકલ્પ કરીને આપ્યા છે. ''જેને જોઈએ તે આવો મોક્ષ માગવા, આજ ધર્મવંશીને દ્વાર.''

સ્વામિનારાયણ ભગવાનના શરણે આવનારના અન્ન વસ્ત્ર આપવાનો તો સંકલ્પ ભગવાને કર્યો જ છે. સાથે સાથે જીવાત્માના મોક્ષ સુધીનો સંકલ્પ ભગવાને કર્યો છે. તો ભગવાન તો આપવાના જ છે. તમારા સ્વભાવ પછી ગમે તેવા હોય ઈશ્વર જોવા ન બેસે પણ જીવની ફરજ છે કે ભગવાનને ભૂલવા ન જોઈએ અને ભગવાનને ઓળખીને સેવા-ભજન કરવું જોઈએ.

### નામ વેરો રૂા. ૧૦ કરવામાં આવેલ છે.

શ્રીજી મહારાજની આજ્ઞાનુસાર દરેક હરિભક્ત માત્ર વ્યક્તિદીઠ વર્ષે એકવાર જે તે દેશમાં રહેતા હોય તે દેશના મુખ્ય મંદિરમાં પ.પૂ.આચાર્ય મહારાજશ્રી માટે મહારાજે જે પરંપરા કરી છે તે નામ વેરો રૂા.૧૦/- વ્યક્તિદીઠ આ વરસથી કરવામાં આવ્યો છે. જેથી શ્રી નરનારાયણદેવ દેશના તમામ હરિભક્તોએ અમદાવાદ કાલુપુર મંદિરમાં નામ વેરો જમા કરાવવો અથવા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી ચાતુર્માસમાં દેશમાં ફરવા આવેલ સંતો પાસે પહોંચ લઈ જમા કરાવવો.

-મહંત સ્વામી (શ્રી સ્વા.મંદિર, કાલુપુર, અમદાવાદ)

# સત્સંગ સુરભિ

અતુલ ભાનુપ્રસાદ પોથીવાલા (મેમનગર-અમદાવાદ)

મધરાત વીતતાં જ શ્રીહરિ ઝબકીને બેઠા થયા. આજ એમણે છાનામાના એકલાં જ ક્યાંક જવાનું નિરધાર્યું હતું. એટલે કોઈને જગાડ્યા નહિ. મસ્તકે પાઘ મૂકી બોકાનું વાળી લીધું અને જાતે જ માણકીને છોડી પલાણ મૂક્યું અને અસવાર થઈ પશ્ચિમનો પંથ લીધો.

ચૈત્રી બારસનો ચંદ્રમાં ગઢડા માથે દૂધ જેવી ચાંદની રેલાવી રહ્યો હતો. શ્રીહરિએ લગામ ખેંચી કે જાણે ઘોડીને પાંખો ફૂટી. વીજનો ઝબકાર થાય એમ માણકી ઉડવા લાગી. મહારાજે ખોબા જેવા લીમલી ગામને છેવાડે ઘોડી વાળી અને આછા અજવાશે સગરામ વાઘરીના કૂબે પેંગડું છોડ્યું.

વહેલી પરોઢે પૂજા પાઠથી પરવારી વાઘરી પતિ-પત્ની આજ શ્રીજી મહારાજનાં સ્મરણમાં, લીલા ચરિત્રોમાં જાણે ખોવાઈગયાં હતાં ! હાથમાં ઘોડીની લગામ ઝાલીને, ઘાસના એ કૂબામાંથી એ બે ભક્તોનાં હૈયાની ફોરમ શ્રીહરિ માણી રહ્યાં. છેવટે મહારાજે ધીમેથી બૂમ પાડી, ''સગરામ..... એ સગરામ!''

''અહો ! આ તો આપણાં મહારાજનો જ અવાજ છે !'' સગરામે ઝટપટ બારણું ખોલ્યું. સાંગામાંચી પર દીવો ટમટમી રહ્યો હતો. બોકાની વળી હતી છતાં શ્રીજીનું રૂપ અછતું રહ્યું નહી.

''પધારો દીનાનાથ ! ઠેઠ ગઢડેથી પધાર્યા પ્રભુ !'' મહારાજે પાપણ પલકાવી હા ભણી. પતિ-પત્નીનાં હૈયે આનંદનો પાર ન રહ્યો.

''પ્રથમ આ માણકીને ક્યાંક સંતાડી દો.'' મહારાજે કહ્યું, સગરામ થોડે દૂર વોકળીની ભેખડ પાસે માણકીને બાંધવા ગયા. ઘરમાં ખાટલો ય તૂટલો હતો. સગરામનાં પત્નીએ મહારાજને કૂબામાં નીચે જ ગાદલું નાખીને બેસાર્યા. થોડી વાતો કરી એટલામાં તો સગરામ ભગત આવી ગયા.

સગરામનાં પત્ની નવો સાડલો પહેરી ભોગાવો નદીમાં બ્રાહ્મણ-વીરડે બેડું લઈ પાણી ભરવા ગઈ. ગરણું માંડી છાલિયે વીરડો ઉલેચવા લાગી. ત્યાં બ્રાહ્મણ સ્ત્રીઓ બોલી અલી ! ફાટી કેમ ફરે છે ? અમારો વીરડો અભડાવ્યો !'' સગરામનાં પત્ની કહે, ''વીરડો પવિત્ર થયો એમ કહો, આ પાણી તો આજ પુરુષોત્તમ નારાયણ પીવાના છે.'' સ્વામિનારાયણ માટે પાણી લઈ જાય છે એમ જાણીને તે સ્ત્રીઓ કંઈ ન બોલી.

વાઘરીવાસ ગામથી છેટે હતો ને તેમાંય સગરામનો કૂબો તો અલાયદો જ હતો. સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણ પોતાના તૂટ્યા-ફૂટ્યા કૂબામાં પધરામણી કરશે એ તો આ વાઘરી ભક્તને કલ્પના જ ક્યાંથી હોય ! એ તો ગાંડા ઘેલા થઈ નાચવા ગાવા લાગ્યા કે ''મારા કૂબામાં હાથી પેઠો !''

''ભગત ! નાચવાનું બંધ કરો, અમને ભૂખ લાગી છે.''

''અરે પ્રભુ ! જુવારનો બોળો તૈયાર છે ને હમણાં બાજરાના રોટલા અને રીંગણનું શાક તૈયાર થઈ જશે.'' દંપતિએ ચૂલો પેટાવ્યો, રીંગણા સમારી શાક વધાર્યું અને ઝટપટ બાજરાનો રોટલો તૈયાર કરી દીધો ! બકરી હતી તે તાંસળી ભરીને દૂધ પણ દોહી લીધું.

શ્રી સહજાનંદ સ્વામી મહારાજ મળસ્કે એક અબુધ વાઘરીના અંતરનો શુધ્ધ પ્રેમ જાણે આરોગી રહ્યા હતા ! મહારાજ જમતા હતા અને ભગત દંપતી શ્રીહરિનાં મંગળા ભોગ આરોગતા સ્વરૂપને એકીટશે અંતરમાં ઉતારતા હતા.

અચાનક મહારાજ કહે, ''સગરામ ! નક્કી બપોર સુધીમાં ગઢડેથી લોક શોધતું, પગેરું કાઢતું આવશે.''

''અરે મહારાજ ! મહિનો આ જ કૂબામાં રાખું પણ તમારા નામની ગંધ પણ ન આવવા દઉં.'' ભક્તની ભાવના જોઈ મહારાજ મંદ મંદ હસવા લાગ્યા.

આ બાજુ ગઢડામાં ખબર પડી કે મહારાજ રિસાઈને રાતોરાત ક્યાંક ચાલ્યા ગયા છે.

સુરા ખાચર, સોમલા ખાચર અને દાદા ખાચર વગેરે ઘોડીઓ પલાણીને આજુબાજુ તપાસ કરી આવ્યા. છેવટે પગેરું તપાસતાં માલુમ પડ્યું કે માણકીનાં પગલાં લીમલીનાં મારગે જતાં હતાં. સૌ દરબારોએ ઘોડાઓ લીમલીના માર્ગે વહેતા કર્યા. બ્રહ્માનંદ સ્વામી મુક્તાનંદ સ્વામી આદિક સંતો બળદગાડીમાં અગાઉથી નીકળેલા તે લીમલીના પાદરે બધા ભેગા થયાં.

લીમલીમાં મૂળજી શેઠની મેડીએ પ્રથમ તપાસ કરી તો જાણવા મળ્યું કે મહારાજ અહીં તો આવ્યા નથી.

આ બધો સંઘ પાછળ આવશે જ એવું મહારાજે અગાઉથી જ વિચારી રાખેલું.

''હવે આ લોકો ખોળતાં ખોળતાં તારા કૂબાને પણ નહિ છોડે.''

''મહારાજ કાણોત્તરને મારગે જ માણકી બાંધી છે, આપ ઝડપથી એ બાજુ નિસરો.'' ઝટપટ મોજડી ધારણ કરી મહારાજ માણકી ઉપર બેસી કાણોત્તરને માર્ગે સંચર્યા.

''એ જાય .... એ જાય .......... કરતાં દરબારોએ ઘોડા દબાવ્યા પણ માણકીને કંઈ પહોંચાય ! મહારાજે કાણોત્તર ગામની દક્ષિણ કોરે ભરવાડ વાસમાં માણકીને દાખલ કરી. વેજો ને શાર્દૂલ નામના બે સગા ભરવાડ ભાઈઓ એ મહારાજને ઓળખ્યા. મહારાજે ટૂંકમાં કહ્યું, ''ઝટપટ અમનેને માણકીને સંતાડી દ્યો.''

શાર્દૂલ માણકીને દૂરના નેસડે જઈ બાંધી આવ્યો ને વેજાએ ઘરમાં મહારાજને સંતાડી દીધા. મહારાજ કહે ''અહીં ચાર દિવાલ છે કંઈ કોઠી જેવું નથી ?'' વેજો કહે, ''કોઠીઓ શાર્દૂલને ત્યાં છે. પણ હવે તો વંડી ઠેકીને ત્યાં જવું પડે ને

એટલામાં તો દરબારો આવી પહોંચશે.''

મહારાજ કહે, ''આડા રહો, અમને ઊંચા કરો, વંડી ટપી જાઉં પછી નિરાંત!''

મહારાજ વંડી ટપવા ગયા તેમાં એક મોજડી ચરણમાંથી સરકી ગઈ. વેજો કહે, ''પ્રભુ! હવે બીજી મોજડીય આપી દો નહીંતર તમને જાહેર કરી દઈશ.''

મહારાજ તેની કળાથી હસ્યા ને બીજી મોજડી વેજાને આપી દીધી. શાર્દૂલ ભરવાડના નેસમાં કોઠીમાં સંતાઈને મહારાજ બેસી ગયા. કોઠીમાં ભરવાડ બાઈનાં નવાંનકોર કપડાં પડ્યાં હતાં તે મહારાજે જોયાં ને તરત પોતાનાં વસ્ત્રો બદલીને નિરાંતે સ્ત્રીનાં વસ્ત્ર ધારણ કર્યા!

એવામાં જ દરબારોના ઘોડા વેજાનાં આંગણે આવી ઊભા. સુરાખાચર મહારાજ અંગે પૂછપરછ કરવા લાગ્યા વેજો ઠાવકું મોં કરી કહે, ''અહીં ચ્યાંથી મહારાજ હોય! તમારે ત્યાં કાયમ રહેનારા મહારાજ અહીં મારગે નીકળે ને ડોકિયું કરી ટહુકતા જાય તોય અમારો મનખો સુધરી જાય.''

એવામાં બ્રહ્માનંદ સ્વામી મુક્તાનંદ સ્વામી વગેરે ગાડામાં બેસીને આવી લાગ્યા.

''શાર્દૂલ! તારા ઘરમાં જ મહારાજ છે તે વાત અમે પાકી કરી છે માટે બતાવ ક્યાં છે મહારાજ?'' બ્રહ્માનંદ સ્વામીએ ઉલટ તપાસ આદરી.

શાર્દૂલ અને વેજો બંન્નેનાં ખોળિયા જુદાં પણ હૃદય એક હતાં. શાર્દૂલ કહે, ''અહીં મહારાજ કેવાને વાત કેવી!'' આ ઘરને ઘરમાંય ઘર છે.... તે જોઈ જુઓ....''

આ બધો બોલાશ મહારાજ કોઠીમાં બેઠાં બેઠાં સાંભળતા હતા. તેમણે શાદૂર્લની પત્નીને કહ્યું, ''બાઈ તારાં નવાં કપડાં મેં બદલાવી લીધાં છે હવે અમે પણ તમારી ભેળે મળી જઈએ એટલે કોઈને ખબર નહિ પડે.''

ભરવાડણ બાઈને મહારાજને વિષે અનન્ય નિષ્ઠા હતી. દિવ્ય ભાવ હતો. મહારાજ કોઠીમાંથી બહાર આવ્યા. બાઈએ પોતાનાં નવાં નકોર ચણિયા અને ઓઢણીમાં મહારાજને જોયાં. તેના આનંદનો પાર ન રહ્યો. મહારાજ બાઈઓ સાથે રસોઈ કરવા લાગ્યા.

શાર્દૂલ ભગત ઘરમાં આવ્યા ને પત્નીને કહ્યું ''બૈરાંની ગણતરી કરવા સુરા બાપુએ રઢ લીધી છે શું કરીશું?'' ''કોઈ ચિંતા નથી. બધું થઈ ગયું છે. એમ કહી ભરવાડણે મહારાજે પોતાનાં વસ્ત્ર ધારણ કર્યા છે તે વાત કરી.

પળવારમાં તો શાર્દૂલ બહાર આવ્યો ને સુરા ખાચર વગેરે દરબારોને કહ્યું, ''લો બાપુ! ગણી લો. આ બાઈયું ને આ ઘરમાંથી પેલે ઘરે મોકલું છું.''

એ દરમ્યાન સુરા ખાચરના હાથમાં મહારાજનું બોકાનું વાળેલું વસ્ત્ર હાથ લાગી ગયેલું, કોઠી પાસે ઉતાવળમાં મહારાજ ભૂલી ગયેલા! એમણે બ્રહ્માનંદ સ્વામીને સાનમાં સમજાવ્યું કે ''મહારાજ સ્ત્રીઓના સમાજમાં ભળી ગયા છે... ફક્ત ઝાલી લેવાના છે!''

આ બાજુ લાજથી મોં ઢાંકેલાં બાઈઓનું વૃંદ નીકળ્યું, કળવું મુશ્કેલ હતું, બધાનાં પગ પર ચાંપતી નજર રાખીને બેઠેલા બ્રહ્માનંદ સ્વામીએ મહારાજના ચરણો અને ચટકંતી ચાલ પારખી લીધાં પછી સુરાખાચરને કહ્યું ''વચ્ચે છે તે મહારાજ જ છે ઝાલી લો.''

સુરા ખાચરે વિના સંકોચે મહારાજનું બાવડું પકડી લીધું. ઘુંઘટ ઊંચો કરી જોયું તો માણીગર મંદ મંદ હસતા હતા.

બપોરનું ભોજન બહેનો બનાવતી હતી તે ભેગા મહારાજ પણ રોટલા વણવા લાગી ગયેલા! તેથી વેલણ એમનું એમ હાથમાં રહી ગયું હતું. હાથ પણ લોટ વાળા હતા. મહારાજ ઘરમાં પધાર્યા. પોતના અસલ વસ્ત્રો ધારણ કરી લીધાં અને ઝટપટ બહાર આવ્યા. દરમ્યાન બ્રહ્માનંદ સ્વામીએ એ માધૂરી મૂર્તિને કાવ્યમાં મઢી લીધી!

વાતલડી રો'ને રાતલડી, વહાલા પૂછું એક વાતલડી..
પીતાંબર સાટે મારા પ્રીતમ, સાડી લાવ્યા નવી ભાતલડી..
મોરલડી લઈને મનમોહન, દીધું વેલણ કોણ દાતલડી..
જેને ઘર રજની તમે જાગ્યા, કોણ હતી તેની જાતલડી..
બ્રહ્માનંદ કહે સંશય થયો નહિ, ધન્ય છે તમારી છાતલડી..

બ્રહ્માનંદ સ્વામી કહેવા લાગ્યા! વાહ! મારા પ્રભુ! તમે સ્ત્રીનાં વસ્ત્રો ધારણ કર્યા. તે મનમાં લેશ પણ થડકાટ થયો નહિ કે લોકો મને શું કહેશે? તમારી છાતી શૂરવીરતાને ધન્ય છે, ખરેખર આપનું સ્વરૂપ જ દિવ્ય છે!''

શાર્દૂલ ભગતના ઘેર મહારાજ સાથે કાઠી ભક્તો અને સંતોએ આનંદના હિલોળમાં સાંજનું વાળું કર્યું.

શાર્દૂલ ભકતનાં પત્ની કહે, ''મહારાજ! આપ ખરા અંતર્યામી છો. મેં જાતે ભરત-ગૂંથણ કરીને ચણિયો-ચોળી તૈયાર કરેલા તે રોજ એવો વિચાર આવે કે આ મારા મહારાજ ઉપર કેવાં શોભે! પણ મનોમન મારા વિચારને ગાંડપણમાં ખપાવું, વળી બીજે દિવસે ભરત કરું ને વિચાર આવે... એમને એમ વસ્ત્ર તૈયાર થયાં પણ હું પહેરી શકી નહી અને આપે એ માંગી ને પહેર્યા! મુજ અબળાના કોડ પૂરા કર્યા જાતે અબળા બનીને!''

સૌ કોઈ શ્રીહરિની આ મલ્ટી લેવલ અદ્‌ભુત એવી લીલા જોઈને અચંબો પામી ગયા. કેટકેટલાનાં અરમાનો પૂર્ણ કર્યા...... સગરામ દંપતી વેજો-શાર્દૂલ એમનાં ઘરવાળાં સર્વના મનોરથો આજે સર્વોપરિએ પરિપૂર્ણ કર્યા.

સંઘ મહારાજ સહિત ગઢડામાં પ્રવેશ્યો ત્યારે સૂર્ય આથમતી કોરે મહારાજના સંધ્યા દર્શન કરી વિદાય થઈ રહ્યો હતો.

# ભક્તિસુધા

પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી

સતત સત્સંગથી કારણ શરીરનો વિનાશ થાય છે.

મનુષ્ય શરીરના માધ્યમ દ્વારા મનુષ્યને ઘણી બધી શક્તિઓ પરમાત્મા દ્વારા પ્રાપ્ત થયેલી છે. જેનો ઉપયોગ માણસ પોતાની ઈચ્છા પ્રમાણે કરી શકે છે. તે એક સાધારણ વાત છે. તો ખેડૂત જેમ પોતાના ખેતરમાં પાણીની બૂંદ-બૂંદનો વ્યવસ્થિત ઉપયોગ કરે છે. તેમ આપણે પરમાત્મા તરફથી મળેલી શક્તિનો આધ્યાત્મિક ઉન્નતિ કરવા માટે વ્યવસ્થિત ઉપયોગ કરવાનો છે. કેમ કે, મનુષ્ય શરીર છે ને તે પરમાત્માએ ખૂબ દયા કરીને મનુષ્યને મોક્ષ મેળવવા માટેની આપેલી એક અણમોલ તક છે. તો મનુષ્ય શરીરની અંદર સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ એ ત્રણ જીવની માયા છે. તેમાં આપણું સ્થૂળ શરીર છે તે દેહ સાથે જોડાયેલું છે અને પંચ તત્વોનું બનેલું છે. (પૃથ્વી, જળ, તેજ, આકાશ, વાયુ) અને સૂક્ષ્મ શરીર છે. તે મન સાથે જોડાયેલું છે અને ઓગણીશ તત્વોનું બનેલું છે. પંચ પ્રાણ, પંચ કર્મેન્દ્રિયો, પંચ જ્ઞાનેન્દ્રિયો અને ચાર અંતઃકરણ (મન, બુધ્ધિ, ચિત્ત, અહંકાર) અને ત્રીજું કારણ શરીર છે. તે જીવ સાથે જોડાયેલું છે. અને જીવની કારણ શરીરરૂપ જે માયા છે તે કોઈ રીતે જીવથી જુદી પડતી નથી અને કારણ શરીર છે તેજ સ્થૂળ અને સૂક્ષ્મ શરીરને ઉત્પન્ન કરે છે. કારણ શરીર અનાદિ છે. સંચિત કર્મોનું મૂળ છે. સાચી મુક્તિ કારણ શરીરમાં છે. સ્થૂળ શરીરથી પૂજન-અર્ચન, શ્રવણ-કીર્તન સત્સંગની સેવા આ બધું થઈ શકે છે. સત્સંગમાં જે શ્રવણ કર્યું હોય તેને સૂક્ષ્મદેહમાં જ્યારે મનન કરે, ત્યારે તે સાંભળ્યું હોય તે પાકું થાય છે અને યથાર્થ જ્ઞાન થાય છે. પરંતુ સૂક્ષ્મ દેહમાં મનન કરવા માટે મન પર નિયંત્રણ રાખવું જરૂરી છે. આપણી જે વિષયરૂપી વાસના છે તે વીંછીના ડંખ કરતા પણ વધારે વિષકારી છે. કેમ કે, સતત માણસના મનમાં વિષયનો સુખનો વિચાર આવે છે જેથી માણસ સત્સંગથી દૂર થઈ જાય છે. અને માણસ સત્સંગથી દૂર થાય તો માણસનું પતન થાય છે. માટે મનની અંદર રહેલી વાસનાઓ અને વિષયરસ આ બધું પૃષ્ટ ન થાય તેના માટે સતત સત્સંગ અનિવાર્ય છે. અને આપણે જે શાસ્ત્રોના દૃષ્ટાંત શોધીએ છીએ કે ભવબ્રહ્માદિ દેવતાઓના જીવનમાં પણ આવું થયેલું, આવું તો થાય આ તો માયાનો સ્વભાવ છે. કળિયુગ માણસને ઘેરી લે છે. આ બધા બહાના આપણે આપણા મનની ચંચળતા અને નબળાઈઓને પોષવા માટે શોધીએ છીએ. એટલે આ આપણી નબળાઈ છે. તેનો ખ્યાલ રાખવાનો છે. અને સ્થૂળ અને સૂક્ષ્મ શરીરના માધ્યમથી નિયમિત સત્સંગ દ્વારા આસક્તિ વગરની જે નિષ્કામભક્તિ થાય છે તે કારણ શરીરને (સંસારરૂપી વૃક્ષને) જડમૂળથી કાપી શકે છે. અને શ્રીજી મહારાજે પણ કારિયાણીના ૧૨માં વચનામૃતમાં બતાવ્યું છે કે, "ગમે તેવો કામી, ક્રોધી, લોભી, લંપટ જીવ હોય અને જે આવી રીતની વાતમાં વિશ્વાસ રાખીને પ્રીતિએ કરીને સાંભળે તો તેના સર્વે વિકાર ટળી જાય છે. જેમ કોઈ પુરુષને પ્રથમ તો કાચા ચણા ચાવે એવું દાંતમાં બળ હોય, ને તે જો કાચી કેરી સારી પેઠે ખાય તો તેનાથી ભાત પણ ચવાય નહીં, તેમ ગમે તેવો કામાદિકને વિષે આસક્ત હોય, પણ આવી રીતની વાતને આસ્તિક થઈને શ્રધ્ધાએ સહિત સાંભળે તો તે પુરુષ વિષયના સુખ ભોગવવાને સમર્થ રહે નહિ. અને તપ્ત કચ્છ, ચાંદ્રાયણાદિક વ્રતને કરીને જો દેહને સૂકવી નાખે તો પણ જેવું આવી ભગવત્ વાર્તા સાંભળનારાનું મન નિર્વિષયી થાય છે તેવું તેનું થતું નથી. અને આવી વાત સાંભળીને જેવું તમારૂં સર્વેનું મન નિર્વિકલ્પ થતું હશે તેવું ધ્યાન કરતા હશો તથા માળા ફેરવતા હશો ત્યારે નહિ થતું હોય, માટે વિશ્વાસ રાખીને પ્રીતિએ સહિત જે ભગવાન પુરૂષોત્તમનારાયણની વાત સાંભળવી એથી બીજુ મનને સ્થિર થવાનું ને નિર્વિષયી થવાનું કોઈ મોટું સાધન નથી."

તો આપણે પણ સતત સત્સંગને ચાલુ જ રાખવાનો છે. કેમ કે ? સત્સંગ દ્વારા જ માણસનું કલ્યાણ થાય છે અને મહારાજની ઈચ્છા પણ એવીજ હતી કે સતત સત્સંગ ચાલુ રહે. કેમ કે ? મહારાજે સર્વ પ્રથમ અમદાવાદનું મંદિર બનાવ્યું ત્યારે અંગ્રેજ સરકારે નવાણું વર્ષનો લેખ બનાવી આપેલ ત્યારે મહારાજે કીધું કે આ લેખ ન ચાલે અમને તો સૂર્ય-ચંદ્ર તપે ત્યાં સુધીનો લેખ બનાવી આપો. તો આપણે પણ અવિરત સત્સંગ ચાલુ રાખવાનો છે. અને માટેજ આપણા પ.પૂ. ગાદીવાળા શ્રી અથાગ પરિશ્રમ કરીને રાત દિવસ મુસાફરી કરીને વારંવાર ગ્રામ્ય સત્સંગ-સભા અને સત્સંગ-શિબિરનું આયોજન કરે છે. જેથી કરીને શ્રીજી મહારાજની આજ્ઞાઓ અને મૂળ-સંપ્રદાયના સિધ્ધાંતોથી કોઈ પણ નાનામાં નાનો હરિભક્ત પણ વંચિત ન રહી જાય તેવો સતત પ્રયાસ કરી રહ્યા છે.

(સંકલન : કોટક વર્ષા નટવરલાલ ઘોડાસર)

●

**સ્વામી શ્રીસહજાનંદજી**

આપણે સૌ ધર્મકુળના આશ્રિત હરિભક્તોએ શ્રી સ્વામિનારાયણ જયંતિ (રામનવમી)નો ઉત્સવ ખૂબજ

આનંદપૂર્વક અને ધામધૂમથી કર્યો. આપણા ભગવાનની વાતો અને ચરિત્ર ''દિને દિને નવં નવં'' એમ જેમ સાંભળીએ તેમ વધુને વધુ આપણી ધર્મ પ્રત્યેની શ્રધ્ધા દ્રઢ બનતી જાય છે અને પ્રભુના જીવનની હરએક પળ મનુષ્ય જીવનની ઉધ્ધારક છે. તો ચાલો આપણે સૌ ફરી એકવાર પ્રભુના જીવનની વાતો વાગળીએ અને શ્રી સ્વામિનારાયણ બનીએ.

જ્યારે આખો ભારત દેશ જીવનની અધોગતી તરફ ઘસી રહ્યો, અને ગુજરાતમાં કોઇ રણી-ધણી નહોતું. પેશવા અને ગાયકવાડ મન ફાવે તેમ ગુજરાત પર સપાટો મારી જતા હતા. એ અવ્યવસ્થામાં કોળી, કાઠી અને ગરાસીયાઓ ધાડપાડુનો ધંધો લઇને બેઠા હતા અને પોતાના જ ગુજરાતને લૂંટી રંજાડતા હતા. બીજી બાજુ કૂડાપંથી, કૌલ, શાક્ત, વામમાર્ગીઓ અને શુષ્કવેદાંતીઓ વગેરેના નાના-મોટા સંપ્રદાય સમાજમા વહેમ, ત્રાસ, હિંસા અને અજ્ઞાન વર્તાવી રહ્યા હતા. સતી, બાળહત્યા, કુલીનશાહી અને ધર્મના નામે અનાચાર ચાલતા હતા.

એજ વિષમ કાળમાં ભારતવર્ષમાં સંવત ૧૮૩૭ના ચૈત્ર સુદી નોમ(રામનવમી)ના પવિત્ર દિવસે અયોધ્યાના છપૈયા ગામમાં ધર્મઉધ્ધારક, સમાજઉધ્ધારક એવા શ્રી સ્વામિનારાયણ ભગવાનનો ધર્મ-મંગલ-જીવનપ્રકાશ સમાજે મેળવ્યો. પ્રભુના જન્મ પહેલા જ રામાનંદ સ્વામીના એક શિષ્ય ગોવિંદદાસે 'કળિયુગના ગરબા' નામના ગ્રંથમા ભવિષ્ય ભાખ્યું હતું કે ''કરૂણા કરીને કૃષ્ણ કલિમા પ્રગટ થશે'' તે '' પુરૂષોત્તમ ભગવાન કામ, ક્રોધ, મદ, લોભના ત્યાગી, સાધુ કરશે અપારજી.''

એવા આપણા સૌના સ્વામિનારાયણ પ્રભુએ હરિપ્રસાદ પાંડે (ધર્મપિતા) અને પ્રેમવતી (ભક્તિમાતા)ને ત્યાં જન્મ લીધો. પ્રભુએ પોતે કહ્યું છે કે અમારી જન્મભૂમિ, અયોધ્યાથી ઉત્તર દિશામાં સરવર દેશ છે. તે દેશમા મનોરમા નદી છે અને નદીને વિશે મખોડા નામે તીર્થ છે, તે તીર્થથી એક મજલ દૂર છપૈયા ગામ છે, તે ગામને વિષે સરવરિયા બ્રાહ્મણ હરિપ્રસાદ પાંડે જેઓ સામવેદી બ્રાહ્મણ છે અને સાવર્ણ ગોત્રી છે. તેમની કૌથુમી શાખા છે અને ભાર્ગવ, વૈતહવ્ય, સાવેતસ એ ત્રણ પ્રવહ છે. તેઓ અમારા પિતાજી છે. તેમના પિતાને શિરનેત્ર રાજાએ ઈટાર ગામઆપ્યું હતું. તેથી ઈટારના પાંડે અમારી અટક છે.

બાળપણથીજ પ્રભુને તપનો 'ઇશ્ક' હતો, પિતાના વૈદિક સંસ્કાર મુજબ વ્રત-નિયમોનું પાલન કરવું, દેવ-દર્શને જવું, કથાવાર્તા સાંભળવી એ બધા પર એમને અત્યંત શ્રધ્ધા અને પ્રિતી હતા. ઉપવિત (જનોઇ) પછી પ્રભુએ પૃથ્વી પર ભાગવત ધર્મનું સ્થાપન કરવાનું સ્વ.અવતાર પ્રયોજન વિચારી ગૃહત્યાગ કરવાનો સંકલ્પ કર્યો, પરંતુ માતા-પિતાને પોતાના સ્વરૂપનું જ્ઞાન આપી દિવ્યગતિ પ્રાપ્ત કરાવ્યા પછી જ તે વિચારને મૂર્તસ્વરૂપ આપવાનું રાખ્યું. અને આમ પ્રથમ માતા અને સાત મહિના બાદ પિતાજીના અક્ષરવાસને બીજે જ મહિને તીવ્ર વૈરાગ્યવશાત્ નિત્યસ્નાન સમયે સંવત ૧૮૪૯ના અષાઢ સુદ દસમને દિવસે પ્રભુએ ગૃહત્યાગ કર્યો એ તેમનો ''નિષ્ક્રમણ દિન.'' મુંજની મેખલા, કૌપીન, મૃગચર્મ અને પલાશનો દંડ, માળા, કમંડળ ભિક્ષાપાત્ર અને જળગરણું, ખભે જનોઇ અને નિત્યપાઠનો ગુટકો કપડામાં બાંધેલો, કંઠમાં તુલસીની બેવડી માળા અને શાલિગ્રામ તથા બાલમુકુંદનો બટવો, માત્ર અગિયાર વર્ષના પ્રભુએ સરયુનદી ઉતરી ઉત્તર દિશા તરફ દેવોના ધામ એવા હિમાલય તરફ પ્રયાણ કર્યુ અને તેઓ ''બાલ ઘનશ્યામ'' માંથી નિલકંઠ બન્યા.

સાત વર્ષ, એક માસને અગિયાર દિવસે ઉગ્ર તપશ્ચર્યા, સમગ્ર દેશનું પરિભ્રમણ, અધર્મનો ઉચ્છેદ કરી પ્રભુ આપણા ગુજરાતના લોજ ગામે પધાર્યા. એકાકી વન-વિચરણ કરી પોતાની જાત ઉપર અનેકાનેક કઠોરતાઓ નોતરી એવા 'શ્રી સ્વામિનારાયણ' પ્રભુનું નામ હિંદુસ્તાનના ધાર્મિક ઈતિહાસમાં ઓગણીસ વર્ષની વયે જ સૂવર્ણ અક્ષરે લખાઇ ગયું. આ જ્યોતિર્ધરની લોક સંગ્રહાર્થે કરેલી ઉગ્ર તપશ્ચર્યા આજે બે સદી પછી પણ સતત આપણી સાથે છે. લોજમાં પ્રભુને ઉધ્ધવ સંપ્રદાયના અવતાર એવા શ્રી રામાનંદ સ્વામી ગુરૂરૂપે મળ્યા, અને રામાનંદ સ્વામીને શ્રીકૃષ્ણ ભગવાનની આજ્ઞા મુજબ તેમના ઈષ્ટદેવ એવા પ્રભુ મળ્યા, તેઓ તો કહેતા જ હતા કે ''હું તો ભાવિ નટના આગમનની ડુગડુગી બજાવું છું. સ્વામી રામાનંદના ઉપદેશની મુજબ પ્રભુનુ સુદ્રઢ ચારિત્ર્ય, ભક્તિરૂપી પ્રાણ, ત્યાગ અને વૈરાગ્યનું અવલંબન અને નીતિની ચુસ્ત હિમાયતતાએ જમાનાને જાણે નીતિમયતાનું પ્રાણબળ પ્રેર્યું હતું. આવા આપણા પ્રભુ ''શ્રી સ્વામિનારાયણ''ના જીવન પ્રસંગ વાગોળી આપણા હૃદયમાં તેમનું સ્થાન મજબુત બનાવીએ. જયશ્રી સ્વામિનારાયણ.(ક્રમશઃ)

(સાં.યોગીકંચનબા ધ્રાંગધ્રા)

**સત્સંગ સમજણથીજ નભે છે.**

મનુષ્ય જન્મમાં માણસની ત્રણ અવસ્થા કહી છે, બાળ, યુવાન અને વૃધ્ધાવસ્થા. આ મનુષ્ય જન્મમાં માણસનો નિત્યક્રમ છે. તેમ પશુમાં પણ દેખાય છે. પછીતો દરેક જીવ પ્રાણી માત્રની આ એક સ્થિતિ દેખાય છે. આ સંસારમાં મહાત્માઓ પોતાનું

જીવન જીવે છે. તેમ સંસારી જીવો પોતાનું જીવન જીવે છે. સંત મહાત્માઓ પોતાનું જીવન આનંદમય જીવે છે. જ્યારે સંસારીજીવો સુખરૂપ અને દુઃખરૂપ જીવન જીવે છે. આમાં માણસને પોતાના જીવનની સુખની અને દુઃખની જે ઘડીઓ હોય છે તે જીવાત્મા પ્રારબ્ધ કર્મનાં અનુસારે હોય છે. આ સંસારમાં જીવાત્મા જો પોતે સમજે તો ક્યારેય પણ દુઃખ નહિ થાય. માણસના જીવનમાં જેને સાચી સમજણ છે તે માણસ ગમે તે કાર્ય કરે તે હમેંશા જીંદગીનાં અંતસુધી નભી રહેતી હોય છે. પણ જેના જીવનમાં સાચી સમજણ નથી એવો માણસ કોઇપણ કાર્યમાં સંપૂર્ણ સફળ નહિ બને. પછી તો વ્યાવહારિક કાર્ય હોય અથવા ધાર્મિક કાર્ય હોય પણ સાચી સમજણ વિના કાર્ય નભતું નથી. માટે સત્સંગની સમજણ માણસનાં જીવનમાં ઘણીજ જરૂરી છે.

સત્સંગ જીવનમાં સદાય નભતો રહે અને દિનપ્રતિદિન વૃધ્ધિને પામતો રહે તે વિષે આપણે વિચારીએ. સત્સંગ સાચા દિલથી કરવામાં આવે, સાચા સંતનો સમાગમ થાય તો ગમે તેવો જીવાત્મા ક્રૂર સ્વાભાવનો હોય છતાં પણ નિર્મળ મનનો પવિત્ર બની જાય છે. ને સમજણ પૂર્વક સ્વીકારેલ સત્સંગ માણસનાં જીવનમાં સદાય નભે છે. તેથી ભગવાન સહજાનંદ સ્વામીએ વચનામૃતમાં કહ્યું છે કે માની માણસ હશે તે આ સત્સંગમાં નહિં નભે. કારણકે માની માણસનો સત્સંગ સમજણ પૂર્વકનો નથી એટલે ભગવાન અથવા સંત કોઇ કહે કે તુરત તેમનો અવગુણ લે છે. પણ જો થોડો સત્સંગ કરે તો મોટી પદવીને પામે છે. એ વિશે એક સુંદર દૃષ્ટાંત છે. એક શહેરની બહાર ભાગોળે બે મહાત્માઓ રહેતા હતાં. ગામના લોકો તેમના દર્શન કરવા જતા. રાજા પણ ક્યારેક ક્યારેક તે મહાત્માનાં દર્શન કરવા તથા સત્સંગ કરવા જતા. તે નગરમાં એક મહાન ચોર રહેતો હતો. તે ચોરી, લૂંટફાટ કરતો અને પ્રજાને ખૂબજ રંજાડતો. કોઇ દિવસ પકડાતો નથી. એક વખત તે ચોર, સંત મહાત્માના દર્શન કરવા ગયો ને તે ચોરને સંતના દર્શન થયા. સંત કથા વાર્તા કરતા હતા ત્યાં જઇને બેઠો. બીજા ઘણા ભાવિક ભક્તો આ કથા વાર્તાનો લાભ લેતા હતા. સંત પણ ખૂબજ રસપૂર્વક સુંદર મજાની ભગવાનની લીલા અને ચરિત્રોની કથા કહેતા હતા અને સુંદર દૃષ્ટાંતો આપતા હતા. હજારો માણસો મહાત્માનાં સત્સંગથી આકર્ષાઇ કથા સાંભળતા હતાં. તેમાં પેલો ચોર પણ જઇને કથા સાંભળવા બેઠો. કથા સાંભળવાથી ચોરની મનોવૃત્તિમાં ફેર પડ્યો અને બીજા દિવસે પોતે પહેરેલા વસ્ત્રો ઉતારી ને ભગવા વસ્ત્ર ધારણ કરીને તે મહાત્મા પાસે આવીને તેમની સામે બેસી ગયો ને ઇશ્વર સ્મરણ કરવા લાગ્યો.

બરોબર તે દિવસે એ શહેરનો રાજા પણ તે સંતના દર્શને આવેલો. રાજા એ પેલા બે સંતોનાં દર્શન કરી, પગે લાગી, પૂજા કરી ભેટ અર્પણ કરી અને આ ચોરે ભગવા વસ્ત્ર પહેરેલ તેથી સંત માની રાજા આ ત્રીજા સંત પાસે જઇ દર્શન કરી ભેટ અર્પણ કરી. ત્યારે તે મહાત્મા બનેલા ચોરે, રાજાને કહ્યું હું સંત નથી. હું તો ચોર છું. માટે મને સાધુ સંત માની મારી પાસે રૂપિયાની ભેટ શા માટે મૂકો છો ? રાજાએ કહ્યું આપ તો મોટા મહાત્મા જણાવ છો. પણ મને મોહ પમાડવા માટે આપ આમ કહો છો કે હું ચોર છું. પણ આપ ચોર નથી. પણ સંત છો, ચોરે કહ્યું સાચું કહું છું કે હું ચોર છું સંત નથી. પણ લોકોને ધન માટે લૂંટનારો ચોર લૂંટારો છું. ત્યારે રાજાએ કહ્યું કે આપ થોડા દ્રવ્ય માટે લોકોને લૂંટો છો પણ હું તમોને ઘણું ધન આપું છું તે આપ ગ્રહણ કરો. ત્યારે ચોરે કહ્યું કે, હું ચોરનાં વેશનો ત્યાગ કરી અત્યારે સાધુ બન્યો છું એટલે જો અત્યારે આપનાં દ્રવ્યનો સ્વીકાર કરૂં તો આ સાધુનો વેશ લજવાય અને કલંક લાગે માટે મેં આ સાધુઓનો બે ઘડી સત્સંગ (સંગ) કર્યો ત્યાંજ મારા મનનું પરિવર્તન બની ગયું. જેમ પારસમણીનો સ્પર્શ થતાં લોઢું પણ કંચન બની જાય છે તેમ હું પણ આજે અધમ અને અઠંગ ચોર ચોરી કરનારો હતો પરંતુ આ સંતોના સમાગમથી મને આવી ઉચ્ચ પદવી પ્રાપ્ત થઇ અને આજે આપ જેવા રાજા મને વંદન કરો છો !

કહેવાનું એટલું જ છે કે એક મહાન ચોરે સમજણપૂર્વક સત્સંગ કર્યો તો રાજાએ આપેલ દ્રવ્ય પણ તેણે સ્વીકાર્યું નહિ અને પોતે પહેરેલ ભગવા વસ્ત્રો સંત જીવનને કલંક ન લાગે એવી પ્રબળ ભાવના તેને જન્મી. ભગવાન શ્રી સ્વામિનારાયણે કહેલ કે સત્સંગ જો કરો તો પોતાના જીવના કલ્યાણ અર્થે કરવો. પરંતુ કંઇ દાન, સંપત્તિ, ઝવેરાત, પુત્ર પ્રાપ્તિ કે ઈત્તર પદાર્થ મેળવવા ન કરવો. કારણકે ભગવાન શ્રી સ્વામિનારાયણનો આશય એ હતો કે જો નાશવંત પદાર્થ માટે આ સમજણ વિના સત્સંગ કરશે તો એમની મનોકામના પૂરી નહીં થાય. તો તે સમૂળો સત્સંગમાંથી પડી જશે. અને એના જીવનનું અધઃપતન થશે. એટલે સત્સંગ કરવો તો ખૂબજ સમજણ પૂર્વક કરવો. આજથી આપણા જીવનમાં આવું ન બને એ રીતે આપણે હંમેશા સાવધાન રહી સદાય સત્સંગમાં દીન પ્રતિદીન ચડતી કળા રહે અને સમજણ પૂર્વક સત્સંગનું સેવન કરીએ એવી બુધ્ધિ ભગવાન શ્રી સ્વામિનારાયણ આપે એવી એમનાં ચરણોમાં કોટી કોટી હૃદય પૂર્વક વંદના.

(સાં. કોકિલાબા સુરેન્દ્રનગર)

**હે પુત્ર ? માની મમતાનો કર વિચાર**

આજે આપણે અત્રે જનની વાત કરવી છે. જનની એટલે માતા. માતા એ ખારા સમુદ્રમાં માઠી વીરડી સમાન છે જેની છાતીમાં

માનવતા ઉછરે અને જેના ખોળામાં સંસ્કૃતિના પારણા ઝુલે છે. માટે જ કહ્યું છે કે..

જે મસ્તી આંખોમા છે તે, મદિરાલયમાં નથી હોતી
અમીરી દિલના કોઇ મોટા, મહાલયમાં નથી હોતી
શીતળતા પામવાને કાં દોટ મુકે ઓ માનવી
જે માની ગોદમાં હોય છે તે, હિમાલયમાં નથી હોતી

તેથી જ ભારતીય સંસ્કૃતિમાં માતા પિતાને દેવ સમાન ગણવામાં આવે છે. પિતાની ઉત્તમ રીતે સેવા કરનારાં સંતાનો વખતો વખત આવા ઉત્તમ સંતાનોને કારણે ભારત ભૂમિનું મસ્તક સદા ઉન્નત રહે એવી પરંપરા વર્ષોથી ચાલી આવે છે. પિતાજીની ઇચ્છા પરિપૂર્ણ કરવા પોતાનું જીવન બદલી દેનારા ભીષ્મ, રાજ્ય ગાદીનો ત્યાગ કરીને વનમાં જનારા રામ કે કાવડ લઇને ફરનાર શ્રવણ--આદિ પુત્રોથી આપણી સંસ્કૃતિ ઉજળી છે. પરંતુ હવે પાછો સમય જાણે બદલાઇ જ ગયો છે. એક ચૌદ વર્ષના પોતાના પુત્રને રમાડતા રમાડતા ડોક્ટરે પ્રેમથી પુત્રને પૂછ્યું કે દીકરા તુ મોટો થઇને અમારી સંભાળ રાખીશ ને ? તેણે એકદમ સહજતાથી કહ્યું કે પપ્પા મારે એ વખતે મારી પત્નીને પૂછવું પડશે ? હવે આ ચૌદ વર્ષના બાળકનો જવાબ સાંભળીને પિતાની શી હાલત થઈ હશે ? ડોક્ટર આની દવા કરી શકશે ? તે બાળકે સહજતાથી કહ્યું કે મારે મારી પત્નીને પૂછવું પડશે અને આજના યુવાનો નિષ્ઠુરતાથી કહી દે છે કે મારે મારી પત્નીને પૂછવું પડશે....એટલો ફર્ક માત્ર છે આજની પેઢીનો ને હવે આવનારી પેઢી વચ્ચેનો....જે વડીલોએ પોતાના સંતાનો માટે પોતાનું સર્વસ્વ પણ નીચોવી નાંખ્યું છે અને જે હવે લાચારી અને લથડતી તબીયતને કારણે પુત્રો પર નિર્ભર છે. ત્યારે હવે પુત્રો માતા-પિતાને વચનો દ્વારા માથામાં એવા હથોડા ને ઘણ ઝીંકે છે કે તેમની આશા અને અરમાનોના ટુકડે ટુકડા થઇ જાય છે. જીવન સંધ્યા નિવાસ, તપોવન, રામધામ, શાંતિસદન, દીકરાનું ઘર આ કોઇ બંગલાના નામોની યાદી નથી આ એ વૃધ્ધાશ્રમોના નામો છે જ્યાં આપણી કુટુંબ પરંપરાની કલંકિત દાસ્તાનો એક એક વૃધ્ધના હાયકારામાં સંઘરાઇ છે. આંખમા આંસુ અને હૈયામાં પ્રેમભરી રાખનાર મા-બાપોની આવી દુર્દશા અને ધર્માદા ઉપર ચાલતા વૃધ્ધાશ્રમો એ શું ભારતની શાન છે. હા અમુક મા-બાપના સ્વભાવો ઘણીકવાર થોડાક પ્રમાણમાં ખરાબ હોય તે માની શકાય છે. પણ એ બોજ બનીને કુટુંબનો ભાર બની જાય છે એ હરગીજ માની શકાય તેમ નથી નથી ને નથી જ. જે માતા-પિતાએ શરીર અને મનથી થાકી ગયા છે એમને ભૂખ લાચારી અને એકલવાયા પણામાં વૃધ્ધાશ્રમોમાં મરવા માટે છોડી દેવાય ત્યારે કસાઇખાને જતી ગભરૂ ગાયની આંખો આપણી આંખો સામે તરવરી ઉઠે છે. જો આજના દરેક સંતાનો પોતાના માત-પિતાની સાથે સ્નેહભાવથી સાથે રહેતા અને સેવા કરતા થઇ જાય તો સમાજના મોટા ભાગના પ્રશ્નો ઉકેલી જાય અને દરેક ઘર એક સ્વર્ગ બની જાય. હયાત માતા-પિતાની છત્ર છાયામાં વ્હાલપના બે વેણ બોલીને હોઠ અડધા ભીડાઇ ગયા પછી, ગંગાજળ મૂકીને શું કરશો ? અંતરના આશીર્વાદ આપનારને હૃદયથી ક્ષણે ક્ષણે ભેટી લેજો, હયાતી નહીં હોય ત્યારે નત મસ્તકે છબીને નમન કરીને શું કરશો ?

પૈસા ખર્ચતા સઘળું મળશે મા-બાપ નહીં મળે
ગયો સમય નહીં આવે લાખો કમાઇને શું કરશો
પ્રેમથી હાથ ફેરવીને બેટા કેનાર નહીં મળે
પછી ઉછીનો પ્રેમ લઇને આંસુ સારીને શું કરશો ?

જ્યારે પૃથ્વી પર તમે પહેલો શ્વાસ લીધો ત્યારે તમારાં માતા-પિતા હાજર હતા એજ માતા પિતાનો છેલ્લો શ્વાસ હોય ત્યારે તમે હાજર રહેજો. જે પોતાના સદાચારથી મા-બાપને પ્રસન્ન કરે છે તેજ પુત્ર છે પરંતુ આજનો પુત્ર જાણે આ વાત વિસરી ગયો છે. તેથીજ આજના પુત્રોએ નીચે લખેલી બાબતનો થોડો વિચાર કરવા જેવો છે.

તું જન્મ્યો ત્યારે તું રડતો હતો, મા હસતી હતી હવે એટલું ધ્યાન રાખજે તું હસતો હોય ત્યારે મા રડતી ન હોય.

બચપણ દુધથી જીવે ઘડપણ હુંફથી જીવે, તને દુધ દેનારીને હુંફ દેવાનું ચૂકતો નહીં.

તું લાચાર હતો ત્યારે તને જેણે સાચવ્યો એ મા-બાપ લાચાર બને ત્યારે તું સાચવી લેજે.

પુત્ર માટે જે માતાએ રાતા લોહીને દૂધ બનાવીને પાયુ છે એ દૂધ દેનારીને ધોળા દહાડે રાતા પાણીએ જે રોવડાવે તેને પુત્ર કહેવો એ શું યોગ્ય છે ?રાઇના દાણા જેટલી પથરી જો તને પેટમાં ત્રાહિમામ પોકારાવે છે તો બે કિલોનાં તને નવ-નવ મહિના સુધીમા એ પેટમાં કઈ રીતે ઉંચક્યો હશે ? તું એટલું જ વિચારે તો પણ ઘણું છે.

સંસારની બે મોટી કરૂણતા છે. મા વિનાનું ઘર અને ઘર વિનાની મા...માટે આવી કરૂણતા નું તુ સર્જન ના કર તો...

મા-બાપની આંખોમાં બે વાર આંસુ આવે છે. દીકરી ઘર છોડે છે ત્યારે અને દીકરો તરછોડે છે ત્યારે !માટે જરા વિચારજે.

'મા' બેટો જમતો ન હતો એટલે રડતી હતી અને હવે 'મા' ને બેટો જમાડતો નથી એટલે રડે છે. આ કેવું દુઃખદ આશ્ચર્ય છે.આજે જીવતા મા-બાપને પુત્રો ચૂપ કરે છે અને મર્યા પછી એમના ફોટાને ધૂપ કરે આ તો કેવી અવળી ગંગા ચાલી છે.

- ઘર ના નામ માતૃછાયા ને પિતૃછાયા પણ એમાં મા-બાપનો પડછાયો પણ ન પડવા દે તો એ મકાનનું નામ પત્ની છાયા

રાખવું એ શું સાર્થક ને યોગ્ય નથી લાગતું ?

હે પુત્રો, માટે સાવધાન થઇ જાવ, જાગી જાવ...તમારા કર્તવ્યનો વિચાર કરો ! પુત્રો, તમે તમારા માતા-પિતા માટે નહિં તો તમારાં માટે તો જાગી જાવ...તમારા માટે એટલે કે, તમે જો તમારા માતા-પિતાની સેવા નહીં કરો તો તમારા સંતાનો તમારી ક્યાંથી કરશે....એ તો જે જોયું હશે....તેનું અનુકરણ જ કરશે.....ના મનાતું હોય તો વાંચો નીચે ટાંકેલી એક સત્ય ઘટના.

એક ગામમાં એક ગૃહસ્થ પરિવાર રહેતો હતો. આ પરિવારમાં પુત્ર પોતાના પિતાની ખૂબ ભાવથી સેવા કરતો હતો. પરંતુ તેનાં લગ્ન થયાં એ પછી પત્નીની ચઢામણીથી વૃધ્ધ પિતાની સેવા આદરથી કરતો ન હતો. એક દિવસ પત્નીએ તેને ચઢાવ્યો એટલે તેણે પોતાના પિતાને ગુસ્સે થઈ ને કહ્યું : ''મારી પત્નીને લાજ કાઢવી પડે એટલે ફાવતું નથી માટે તમારે હવે આજથી જમવા સિવાય ઘરની અંદર જવુ નહિં, અને પશુ બાંધવાના સ્થાનમાં જ બેસી રહેવાનું, માટે આ લ્યો એક ખાટલી, આ એક તેના ઉપર પાથરવા ગોદડી, એક પાણીની માટલી, એક દવાની બાટલી, સમજી લો, બાપા ! તમારી મિલ્કત આટલી. હવે બેસી રહેજો આ ઢાળિયામાં જો ભૂલે ચૂકે પણ ઘરમાં પગ મૂક્યો છે તો પછી બીજા દિવસથી વૃધ્ધાશ્રમમાં મૂકી દઈશ. ત્યારે તેના પિતાએ કહ્યું, ''મને ભૂખ લાગે ત્યારે શું કરવું ? પછી પેલા પુત્રે એક ઘંટ લાવી આપ્યો અને કહ્યું,'' આ ઘંટને હું ખાટલીના પાટે બાંધી દઉં છું અને તેની સાથે દોરી બાંધી ને તે દોરી ઘરમાં લઈ જાઉં છું અને મારા પત્નીને કહી દઉં છું કે રસોઇ તૈયાર થાય ત્યારે ઘંટ વગાડશે. ઘંટ વાગે ત્યારે તમારે જઇને જમી આવવાનું અને જમીને તુરંત આ સ્થાનમાં આવતું રહેવાનું''. વૃધ્ધ પિતા બિચારો શું કરે ? મને કમને દિવસો કાઢી જીવન પૂરૂં કરવા લાગ્યો.''

આ રીતે ઘંટ વાગે એટલે વૃધ્ધ જમવા જાય. આ પ્રમાણે દરરોજનો ક્રમ થઇ ગયો. એક દિવસ નાના બાળકે આવીને પૂછ્યું, દાદાજી ! તમારે પલંગે ઘંટ કેમ બાંધ્યો છે ? પછી દાદાએ બધી વાત કરી. તે સાંભળી બાળકે ઘંટ છોડી દીધો અને સંતાડી દીધો. ત્યારબાદ રસોઇ તૈયાર થઇ તેથી પેલાભાઇની પત્નીએ ઘંટની દોરી ખેંચી ત્યાં તો આખી દોરી હાથમાં આવી, પરંતુ ઘંટ ન વાગ્યો. પછી તપાસ કરી અને બાળકને પૂછ્યું ત્યારે બાળકે કહ્યું કે, ''એ તો મેં સંતાડી દીધો છે.'' સંતાડવાનું કારણ માતા-પિતાએ પૂછ્યું ત્યારે બાળકે સરસ જવાબ આપ્યો, ''હે મમ્મી-પપ્પા ! મેં ઘંટને એટલા માટે સંતાડી દીધો છે કે''- તમો બન્ને દાદાની જેટલી ઉંમરના થાઓ ત્યારે મારે નવો ઘંટ લાવવો ન પડે અને આ ચાલે, એટલા માટેજ ઘંટને મેં સાચવીને મારી પાસે રાખી દીધો છે.'' પુત્રનું કહેવું સાંભળી તેના મમ્મી-પપ્પા આભા જ બની ગયા અને ફરીથી ઘંટ બાંધ્યો જ નહિં.

આમ, બાળકોનો સ્વભાવ છે કે જે જુએ તે કરે માટે બાળકોને સારા સંસ્કાર આપજો. અને જો તમારા માતા-પિતાની સેવા ન કરવી હોય તો એક કામ તો અવશ્ય કરજો જ....આજે જઇને કોઇ સારા વૃધ્ધાશ્રમમાં તમારું બુકીંગ કરાવી આવજો... નહીં તો ત્યાં પણ જગ્યા નહીં મળે એ વાત નક્કી છે. માટેજ શ્રી સ્વામિનારાયણ ભગવાને સર્વજીવહિતાવહ શિક્ષાપત્રીનાં ૧૩૯માં શ્લોકમાં આજ્ઞા કરી છે કે, જે ગૃહસ્થ હોય તેમણે માતા-પિતા અને ગુરૂ તથા રોગાતુર એવા કોઇ મનુષ્ય હોય તેમની જે સેવા તે જીવન પર્યંત પોતાના સામર્થ્ય પ્રમાણે અવશ્ય કરવી.

જે આ આજ્ઞાનું ઉલ્લંઘન કરે છે તે પોતે જીવનભર દુઃખી થાય છે. કારણકે, જે માતા-પિતાની આંતરડી કકળાવે છે તેને તેમનાં હૈયાની હાય લાગે છે. અને જેને હાય લાગે છે તે કદી સુખી થતો નથી. માટે હે પુત્રો ! કાળામાથાનો માનવી કદાચ રેતીનાં કણ, માથાનાં વાળ, શરીર પરની રુંવાટી, આકાશના તારા, ધરતી પર પડતા ઝાકળનાં બિંદુઓ કે પછી વરસાદનાં ટીપાની ગણતરી કરી શકશે પરંતુ માતા-પિતાએ સ્નેહ સભર જે ઉપકારો કર્યા છે તેને કદી એ ગણી નહીં શકે...માટે તું ભલે બીજું બધું ભૂલી જવું હોય તો ભૂલી જજે પણ મા-બાપને કદી ભૂલતો નહીં.

ભૂલો ભલે બીજું બધું, મા-બાપને ભૂલશો નહિં;<br>
અગણિત છે ઉપકાર એના, એહ વિસરશો નહિ.<br>
અસહ્ય વેઠી વેદના, ત્યારે દીઠું તમ મુખડું;<br>
એ પુનિત જનના કાળજા, પથ્થર બની છુંદશો નહિ.<br>
કાઢી મુખેથી કોળિયો, મોંમા દઇ મોટા કર્યા;<br>
અમૃત તણા દેનાર સામે, ઝેર ઉછાળશો નહિ.<br>
ખૂબ લડાવ્યા લાડ તમને, કોડ સૌ પૂરા કર્યા;<br>
એ કોડના પૂરનારના, કોડ પૂરવા ભૂલશો નહિ.<br>
લાખો કમાતા હો ભલે, પણ મા-બાપ જેથી ના ઠર્યા;<br>
એ લાખ નહિ પણ રાખ છે, એ માનવું ભૂલશો નહિ.<br>
સંતાનથી સેવા ચહો, સંતાન છો સેવા કરો;<br>
જેવું કરો તેવું ભરો, એ ભાવના ભૂલશો નહિ.<br>
ભીને સૂઇ પોતે અને, સૂકે સૂવાડ્યા આપને;<br>
એની અમીમય આંખને, ભૂલે ભીંજવશો નહિ.<br>
ધન ખરચતા મળશે બધું પણ, માતા-પિતા મળશે નહિ;<br>
એનાં પુનિત ચરણો તણી, કદી ચાહના ભૂલશો નહિ.

(સાં. યોગી ગીતાબા, આનંદીબા- વિરમગામ)

## પ્રશ્નપેટી

સાધુ ભક્તિનંદનદાસ ગુરુ શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી (શ્રી સ્વામિનારાયણ મંદિર, જેતલપુર)

પ્ર. : ૧ ભગવાનને નવ પ્રકારની ભક્તિએ કરીને ભજવા તેને ભક્તિ જાણવી અને ભગવાનને સદા સાકાર સમજવા તેને ઉપાસના જાણવી. શ્રીજી મહારાજે આ વાત કયા વચનામૃતમાં કરી છે ?

પ્ર. : ૨ નંદુભાઈને ત્યાં મહારાજ સંતો સહિત પધાર્યા હતા ને ત્યાં મહારાજ પંક્તિમાં રસ-પીરસતા હતા ત્યારે ખાંડ માંગી પણ નંદુભાઈએ ના પાડી પછી પોતે જમવા બેઠા ત્યારે રસ ખાટો લાગ્યો ત્યારે તેમણે શું વિચાર કર્યો ?

પ્ર. : ૩ ધ્યાન કોનું કરવું ? કોનું ન કરવું ? શિક્ષાપત્રીમાં કયા શ્લોકમાં છે ?

પ્ર. : ૪ ''જે આત્મનિષ્ઠા હોય તે અંત સમે કેટલી સહાય કરે છે ? આ પ્રશ્ન કયા વચનામૃતમાં કોને પૂછેલ છે ?

પ્ર. : ૫ શ્રીજી મહારાજ મીણાપર ગામમાં સુખાત્રવાડીને ત્યાં શેનો થાળ જમ્યા હતા ?

પ્ર. : ૬ આણંદજી સુતારની દૃઢતા જોવા સ્વામિનારાયણ ભગવાને ગળામાં શેની માળા પહેરીને ગામમાં ફરવાનું કહ્યું હતું ?

પ્ર. : ૭ ''ગોપી બની ગયા ગિરધારી રે....'' એ કીર્તનના રચયિતાનું નામ જણાવો ?

### એપ્રિલ-૨૦૧૨ માસના પ્રશ્નપેટીના સાચા ઉત્તરો અને ઉત્તરો આપનારના નામ

**(૧) ૪૯ થી ૫૪ (૨)૧૨ વર્ષ રહ્યા ને ખોરાસા ગામમાં હતા (૩) પ્રેમજીભાઇ (૪) કર્ણજીત રાજાના મહેલમાંથી બહાર નીકળવા માટે (૫) ''બળ્યું આ રાજાનું નગર'' (૬)વનવિચરણ દરમ્યાન સ્વામિનારાયણ ભગવાને(૭)ફાગણ સુદ ત્રીજ**

(૧) પ્રભાતસિંહ કેશરજી ડાભી (ડાંગરવા)
(૨) સાં.યોગી. કોકીલાબા તથા ઉષાબા (સુરેન્દ્રનગર)
(૩) વિનોદભાઈ પી. પટેલ (વહેલાલ)
(૪) જ્યોત્સનાબેન રાજુભાઈ પટેલ (આનંદપુરા, કડી)
(૫) ગંગાબેન ભક્તિભાઈ પટેલ (ઝુલાસણ)
(૬) ભક્તિભાઈ ભોળાભાઈ પટેલ (કલોલ)
(૭) દક્ષાબેન ઘનશ્યામભાઈ સોની (અમદાવાદ)
(૮) મીનાહેન મહેન્દ્રભાઈ સોની (નરોડા)
(૯) જ્યોત્સનાબેન હરિશભાઈ ગાંધી (સુરેન્દ્રનગર)
(૧૦) જયંતિભાઈ એચ. પટેલ (નરોડા)
(૧૧) અલકાબેન દિનેશચંદ્ર પટેલ (લુણાવાડા)
(૧૨) શારદાબેન વિઠ્ઠલદાસ પટેલ (ડાંગરવા-ડાભી)
(૧૩) વિઠ્ઠલભાઈ મગનદાસ પટેલ (રાણીપ-અમદાવાદ)
(૧૪) વીણાબેન રતીલાલ ભાવસાર (અમદાવાદ)
(૧૫) અરવિંદાબેન ભાવસાર (અમદાવાદ)
(૧૬) સાં. મંજુબા તથા ભારતી બા (અમદાવાદ-હવેલી)
(૧૭) સાં. રંજન બા તથા નાની બહેન (અમદાવાદ)
(૧૮) સાં. શિલ્પા બા તથા શિતલ બા (અમદાવાદ)
(૧૯) ડો. પી.એમ. પટેલ (માણસા)
(૨૦) કપિલાબેન નટવરલાલ ભાવસાર (લાંઘણજ)
(૨૧) સુમિત્રાબેન નરેશકુમાર ભાવસાર (વિસનગર)
(૨૨) સાધુ ચંદ્રપ્રકાશદાસ (માણસા)
(૨૩) ભરતકુમાર એલ. ચૌધરી (બાલવા)
(૨૪) શા.સ્વા. ઘનશ્યામપ્રકાશ દાસજી (જમીયતપુરા)
(૨૫) મફાજી સરદારજી ડાભી (ડાંગરવા)
(૨૬) માણેકબેન મણીલાલ પટેલ (દહેગામ)
(૨૭) સુભદ્રાબેન અમૃતભાઈ પટેલ (વડુ)
(૨૮) કોકીલાબેન ઘનશ્યામભાઈ પટેલ (વડુ)
(૨૯) વિષ્ણુભાઈ જીવાભાઈ પટેલ (સીતાપુર)
(૩૦) રેખાબેન કીર્તિકુમાર પટેલ (ઉંઝા)
(૩૧) કંચનબેન બાબુભાઈ પટેલ (રતનપુર)
(૩૨) વસંતીબા ભાવસાર, શકરીબેન પટેલ (લાંઘણજ)
(૩૩) પલ્લવીબેન ભાવસાર, ડાહીબેન પટેલ (લાંઘણજ)
(૩૪) ગોરધનભાઈ શંકરલાલ પટેલ (સોજા)
(૩૫) કિશનકુમાર એમ. પટેલ (એપ્રોચ)
(૩૬) શ્રી નરનારાયણદેવ કિશોર મંડળ (બાલવા)મહેશ, સમીર
(૩૭) શ્રી નરનારાયણદેવ બાલિકા મંડળ - જીનલ,પાયલ
(૩૮) ટાંક જ્યોત્સનાબેન અરવિંદભાઈ (હિંમતનગર)
(૩૯) પટેલ શારદાબેન કાંતિભાઈ (નાંદોલ)
(૪૦)પટેલ કૈલાસબેન વિષ્ણુભાઈ (નાંદોલ)
(૪૧) પટેલ અંજનાબેન મનુભાઈ (નાંદોલ)
(૪૨) દબાશીયા દેવીબેન એચ. (મીરજાપર કચ્છ)
(૪૩) સાં.ધનબાઈ શીવજી ભંડેરી (મીરજાપર કચ્છ)
(૪૪)સાં.રામબાઈ ધનજી વરસાણી (મીરજાપર કચ્છ)

**શ્રી નરનારાયણદેવ ગાદીના તાબામાં શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ સાયલાનો સમાવેશ**

શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ સાયલામાં ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટીની નિમણુકની સત્તા ટ્રસ્ટના બંધારણમાં શ્રીનરનારાયણદેવ દેશ ગાદીના આચાર્ય મહારાજશ્રીને આપેલ છે. તદુપરાંત તા૩૧-૦૩-૧૨ શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ સાયલા મુકામે ટ્રસ્ટની મિટિંગમાં ઠરાવ નં.-૨ થી શ્રી નરનારાયણદેવ દેશની સ્કીમ કમિટીના બે સભ્યને ટ્રસ્ટના ટ્રસ્ટીપદે નિમવાની સત્તા પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય મહારાજશ્રીને આપવામાં આવી છે. -આજ્ઞાથી

# સત્સંગ સમાચાર

### અમદાવાદ કાલુપુર મંદિરમાં રામનવમીનો સમૈયો ધામધૂમથી ઉજવાયો

શ્રીજી મહારાજે સમૈયાની જે પ્રણાલિકા બાંધી છે તેનું હાર્દ એજ છે કે ગમે તેવા જીવને પણ જો આવા સમૈયાની લીલાના અંત સમયે દર્શન યાદ આવે તો તેનું નિશ્ચે કલ્યાણ થાય. ચૈત્ર સુદ-૯ના રોજ આપણા શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુરમાં પ્રાતઃ ૭ કલાકે અક્ષર ભુવનમાં બિરાજમાન બાલ સ્વરૂપ શ્રી ઘનશ્યામમહારાજનો પાટોત્સવ અભિષેક પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ.લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે ષોડશોપચાર પૂર્વક વિધિવત રીતે સંપન્ન થયો. પૂજારી સ્વામી પરમેશ્વરદાસજીએ સુંદર વ્યવસ્થા કરી હતી. આ પ્રસંગના હજારો ભક્તજનોએ દર્શન કરી ધન્યતા અનુભવી. ત્યાર બાદ સભા મંડપમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ.લાલજી મહારાજશ્રી ગાદી સ્થાન પર બિરાજમાન થયા અને પાટોત્સવના યજમાન પરિવારોએ ધર્મકુળનું પૂજન અર્ચન આરતી કરી ભેટ ધરી આશીર્વાદ મેળવ્યા હતા. અમદાવાદ મંદિરના પૂજ્ય મહંત શા.સ્વા.હરિકૃષ્ણદાસજીએ આ પ્રસંગે ભગવાનનું મહાત્મ્ય સાથે યજમાન પરિવારની સેવાને બિરદાવી હતી. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ યજમાનશ્રીને રૂડા આશીર્વાદ આપી ખૂબજ રાજી થયા હતા. ત્યારબાદ બાલ સ્વરૂપ ઘનશ્યામમહારાજની પ.પૂ.મહારાજશ્રીએ અન્નકૂટ આરતી ઉતારીને અલૌકિક દર્શનનો લાભ આપ્યો હતો. બપોરે ૧૨ કલાકે શ્રીરામજન્મોત્સવની આરતી ધામધૂમથી થઈ હતી. સાંજે ૭થી ૧૦ પર્યન્ત સભામાં શ્રી જયેશભાઇ સોની અને કીર્તનીયા હરિભક્તોએ કીર્તન ભક્તિનો સુંદર લાભ આપ્યો હતો. રાત્રે ૧૦-૧૦ મિનિટે સર્વોપરિ ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનનો પ્રાકટ્યોત્સવ ધામધૂમથી ઉજવાયો અને પ્રાકટ્યોત્સવની આરતી પ.પૂ.લાલજી મહારાજશ્રીએ ઉતારીને ભવ્યાતિભવ્ય મહાઅલૌકિક દર્શનનો લાભ હજારો ઉપસ્થિત સંત-હરિભક્તોએ લીધો હતો. આ સમૈયામાં કોઠારી પાર્ષદ દિગંબર ભગતની પ્રેરણા માર્ગદર્શનથી જે.કે. સ્વામી, જે.પી.સ્વામી, યોગી સ્વામી અને બ્ર.રાજેશ્વરાનંદજી આદિ સંત મંડળે ખડેપગે સેવા બજાવી હતી. શ્રી નરનારાયણદેવ ઓચ્છવ મંડળે સુંદર ઓચ્છવ કર્યો હતો. (શા.નારાયણ મુનિદાસ)

### અમદાવાદ મંદિરમાં મારૂતિયજ્ઞ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ.મોટા મહારાજશ્રી તથા પ.પૂ.લાલજી મહારાજશ્રીના આશીર્વાદથી તેમજ અ.નિ.પાર્ષદ મ્હોબતસિંહજી ભગત, સ.ગુ.મંહત શા.સ્વા.હરિકૃષ્ણદાસજી અને હજુરી પાર્ષદ વનરાજ ભગતની પ્રેરણાથી શ્રી હનુમાનજી મહારાજ અને શ્રી ગણપતિ મહારાજના પૂજારી પા.બાબુભગત અને પા. મહાદેવ ભગતની અથાગ સેવા-માર્ગદર્શનથી ચૈત્ર સુદ-૧૫ના રોજ શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુરમાં બિરાજમાન શ્રી કષ્ટભંજન દેવનો હનુમાન જયંતી નિમિત્તે સૌ પ્રથમ વાર મારૂતિયજ્ઞનું સુંદર આયોજન થયું. જેમાં આખો દિવસ ભવ્ય શણગારેલા શમિયાણામાં ભૂદેવો દ્વારા યજમાનોએ યજ્ઞનો મહાલાભ લીધો. શ્રી હનુમાનજી દાદા અને શ્રી ગણપતિજી દાદાનું સિંહાસન ખૂબજ દૈદિપ્યમાન સુશોભનકરીને શણગાર્યું હતું. યજ્ઞની પૂર્ણાહુતિની આરતી પ.પૂ. લાલજી મહારાજશ્રીએ ઉતારીને સૌ ભક્તોને દિવ્યત્તમ લાભ આપ્યો હતો. (વિશ્વરાજસિંહ ભગત)

### અમદાવાદ નારણપુરા મંદિરમાં શ્રીહરિનો ૨૩૧મો પ્રાકટ્યોત્સવ - સમૂહ મહાપૂજા

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અત્રે નારણપુરા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં રામનવમીના દિવસે મહંત શા.સ્વા.હરિૐ પ્રકાશદાસજીના માર્ગદર્શનથી સમૂહ મહાપૂજાનું સુંદર આયોજન થયું. જેમાં ૫ મુખ્ય સાથે કુલ ૩૧૧ હરિભક્તો ૮થી ૧૧ દરમ્યાન મહાપૂજાનો લાભ લીધો. સમાપન પ્રસંગે પ.પૂ.આચાર્ય મહારાજશ્રીએ પધારીને આરતી ઉતારીને તમામ યજમાનોને રૂડા આશીર્વાદ આપ્યા હતા. મહંત સ્વામી ઉપર પણ ખૂબજ રાજી થયા હતા. બપોરે ૧૨.૦૦ વાગે જન્મોત્સવ બાદ યજમાનોને ફલાહારની સુંદર વ્યવસ્થા જેતલપુરના નવયુવાન ઉત્સાહી મહંત કે.પી.સ્વામીએ કરી હતી. રાત્રે ૮થી ૧૧ કીર્તન ભક્તિ કથા વાર્તા આદિ શા.પ્રેમસ્વરૂપ દાસજી અને સંત મંડળે કર્યું હતું. પૂજારી સ્વામીએ શ્રી ઘનશ્યામમહારાજના સુંદર શણગાર ધરાવી દર્શન કરાવ્યા હતા. પ્રાગટ્યોત્સવની આરતી ઉત્સવ બાદ સુંદર કેક શ્રીહરિના પ્રાગટ્યોત્સવના યજમાન આપણા મંદિરના ટ્રસ્ટી પ.ભ.દશરથભાઈ પ્રહલાદભાઈ પટેલના પૌત્ર શ્રી ધર્મેશ અમિતભાઈએ સૌ ભક્તોની સાથે રહી ધામધૂમથી પ્રાગટ્યોત્સવ ઉજવ્યો હતો. પ.ભ.ઘનશ્યામભાઇ જયંતીભાઇ (થોળ) તરફથી દરેક ઉત્સવે ફ્રુટ સલાડનો પ્રસાદ આપવામાં આવ્યો હતો. પ.પૂ. મહારાજશ્રીના સંપૂર્ણ રાજીપાથી શ્રી નરનારાયણદેવ યુવક મંડળના સક્રિય ભાઈઓ -બહેનો ૪૦૦ ભક્તો શનિવારે રાત્રે ૮.૩૦થી ૧૦ સત્સંગ સભામાં ભજન-કીર્તન આદિ સત્સંગને વેગ મળે તેવી પ્રવૃત્તિ કરે છે. આ પ્રસંગે સવાર સાંજ બંને સમયે જેતલપુરથી પ.પૂ.પી.પી.સ્વામીએ પધારીને સભાને વિદ્વતાભર્યું ઉદ્‌બોધન કર્યું હતું. નેશનલ ટાંકીવાળા પ.ભ. નવીનભાઇ પટેલે પણ સારી સેવા કરી હતી. ૧૭-૦૪-૧૨ના રોજ નારણપુરાથી કાલુપુર પદયાત્રા અને

૦૫-૦૫-૧૨ શનિવારે રાત્રે ૧૨.૩૦ થી નારણપુરાથી જેતલપુર પૂનમ પ્રસંગે પદયાત્રાનું આયોજન પૂ.મહારાજશ્રીની આજ્ઞાથી કર્યું છે. (કો.વિશાલ ભગત)

**સર્વોપરી છપૈયાધામમાં પ.પૂ.અ.સૌ.ગાદીવાળાશ્રીની શુભ નિશ્રામાં દિવ્યત્તમ મહિલા સત્સંગ શિબિર**

(તા.૨૪-૩-૧૨ થી તા.૨૫-૩-૧૨)

સર્વોપરી તીર્થભૂમિ છપૈયાધામ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના તમામ આશ્રિતો માટે દર્શન કરવાની ખૂબજ તાલાવેલી હોય છે. કારણકે જ્યાં પોતાના ઈષ્ટદેવનું પ્રાકટ્ય થયું હોય તે ભૂમિના પણ ભાગ્યનો પાર ન હોય ! આવા મહા અલૌકિક છપૈયાધામમાં શ્રી નરનારાયણદેવ ગાદીના પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રીના શુભ સંકલ્પ અને આજ્ઞાથી હવેલીમાં અગીયારસની સભામાં છપૈયા શિબિરમાં જેમને લાભ લેવો હોય તે માટે જાહેરાત કરવામાં આવી. આથી બહેનોને તો મનમાં આનંદ સમાતો ન હતો. કારણકે શિબિરમાં પ.પૂ.અ.સૌ.ગાદીવાળાશ્રીની ઉપસ્થિતિ હોય પછી બહેનોને લાભ અને લાભ જ હોય અને આતો અલૌકિક શિબિર ! અને જાહેરાત થતાજ બે દિવસમાં ૭૫૦ બહેનોએ છપૈયાના દર્શન માટે નામ નોંધાવ્યા. જોકે આ પ્રસંગમાં લાખોની સંખ્યા થાય. કારણકે પ.પૂ.ગાદીવાળાશ્રીનું નામ સાંભળીને બહેનો બધાજ કામ પડતા મૂકે એવી અડગ નિષ્ઠા આપણા બહેનોમાં છે.

તા.૨૩-૩-૧૨ના રોજ પ.પૂ.અ.સૌ.ગાદીવાળાશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રી અને પૂ.શ્રીરાજા સાથે સાંજે ૫.૦૦ કલાકે છપૈયાધામ પધાર્યા ત્યારે સમસ્ત બહેનોએ તેઓશ્રીનું ઉમળકાભેર સ્વાગત કર્યું. ત્યાંથી સીધા પ.પૂ.ગાદીવાળાશ્રી, પૂ.લાલજી મહારાજશ્રી અને પૂ.શ્રીરાજા નિજ મંદિર અને જન્મ સ્થાનમાં દર્શન કરવા પધાર્યા. સાંજે ૮થી ૯ કીર્તન ભક્તિ કાર્યક્રમ પોતાની શુભ નિશ્રામાં હવેલીના સાંખ્યયોગી બહેનોએ લાભ આપ્યો. તા.૨૪-૩-૧૨ના રોજ સવારે ૯ થી ૧૧ દિવ્ય મહાપૂજાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રી બિરાજ્યા હતા. જેથી બહેનોને મહાઅલૌકિક લાભ મળ્યો. ત્યારબાદ પ્રસાદ લઈ બપોરે ૧.૦૦ કલાકે પ.પૂ.ગાદીવાળાશ્રી અને શિબિરાર્થી બહેનો અને પૂ.શ્રીરાજા સાથે છપૈયાની પ્રદક્ષિણા કરી રાત્રે ૯થી ૧૧ કીર્તન ભક્તિ કાર્યક્રમ પ.પૂ.ગાદીવાળાશ્રી અને શ્રીરાજાની નિશ્રામાં થયો. જેમાં સાંખ્યયોગી બહેનોએ કીર્તન ભક્તિનો લાભ આપ્યો અને પ.પૂ.ગાદીવાળાશ્રીની નિશ્રામાં તા.૨૫-૩-૧૨ સવારે ૯ થી ૧૧ સુંદર સત્સંગસભાનું આયોજન થયું. આ સભામાં પૂ.શ્રીરાજાના નાની, મામી, મામાની દીકરીઓ પણ પધાર્યા હતા. જેથી બહેનોને વિશેષ લાભ મળ્યો. કારણકે આવા દર્શન દુર્લભ હોય છે. શિબિરાર્થી નાની દીકરીઓએ સ્વાગત માટે સુંદર રાસ રજૂ કર્યો હતો. જેમાં પૂ.શ્રીરાજા પણ જોડાયા હતા. સાંજે સંધ્યા આરતી બાદ સમૂહ આરતી માટે નારાયણ સરોવરની ફરતે બેસીને પૂ.લાલજી મહારાજશ્રી, પૂ.શ્રીરાજા અને પ.પૂ.ગાદીવાળાશ્રી સાથે સમસ્ત બહેનોએ સમૂહ આરતી ઉતારી. ત્યારબાદ જન્મ સ્થાનમાં બાલ સ્વરૂપ ઘનશ્યામ મહારાજની સમૂહ આરતી ઉતારી હતી.

રાત્રે ૯.૦૦ કલાકે સાંખ્યયોગી બહેનો દ્વારા દરેક બહેનોએ તૃપ્ત મુદ્રાઓ (છાપ) લીધી અને પછી પ.પૂ.ગાદીવાળાશ્રીના સાનિધ્યમાં આખી રાત્રી જાગરણ કરીને સાંખ્યયોગી બહેનો દ્વારા કથાવાર્તા-કીર્તન અને રામનવમી નજીક હોવાથી રાત્રીએ ઘનશ્યામ મહારાજનો પ્રાકટ્યોત્સવ પ.પૂ.ગાદીવાળાશ્રી સાથે ધામધૂમથી ઉજવ્યો. દરેક શિબિરાર્થી બહેનો ઉપર ખૂબજ રાજી થઈ પ.પૂ.ગાદીવાળાશ્રીએ રૂડા આશીર્વાદ આપ્યા.

તા.૨૬-૩-૧૨ના રોજ સવારે ૫.૩૦ કલાકે મંગળા આરતી કરીને બહેનોને અયોધ્યા દર્શન માટે લઈ જવામાં આવ્યા. જ્યાં દરેક તીર્થના દર્શન કરી શિબિરનો મહાઅલૌકિક લાભ લઈ ધન્ય બની ટ્રેનમાં અમદાવાદ પરત આગમન કર્યું. આ શિબિરમાં બાપુનગર યુવક મંડળે ખૂબજ નિષ્ઠાપૂર્વક ખડે પગે સેવા બજાવી હતી.

**શ્રી સ્વામિનારાયણ મંદિર (બહેનોનું) -ગેરિતાગામ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ**

સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાન ગેરિતા ગામે ૧૧ વખત પધાર્યા છે. જેથી આ ગામ અતિ પવિત્ર તીર્થભૂમિ છે. અહીં તળાવના કિનારે પ્રસાદીની છત્રી છે. સ.ગુ.બ્રહ્માનંદ સ્વામીનું નામ શ્રી રંગસ્વામી પાડ્યું તે માઢ પ્રસાદીનો છે. જે પથ્થર ઉપર બેઠેલા તે પથ્થર પ્રસાદીનો છે. એક દરબાર હરિભક્તને ઘેર પ્રસાદીનો રૂમાલ છે. બીજા મંદિરમાં પ્રસાદીની વસ્તુઓ છે. આવા અમદાવાદ દેશના શ્રી નરનારાયણદેવ દેશ તાબાના ગેરિતા (વિહાર) ગામે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી એવં સમસ્ત ધર્મકુળની આજ્ઞા-આશીર્વાદથી તા.૩-૪-૧૨થી તા.૭-૪-૧૨ પર્યન્ત મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવનું સુંદર આયોજન થયું. જેના માર્ગદર્શક સ.ગુ.શા.સ્વા. પુરુષોત્તમ પ્રકાશ દાસજી (નારાયણઘાટ મહંતશ્રી) અને પ્રેરક સ.ગુ.મહંત શા.સ્વા. હરિકૃષ્ણદાસજી તથા સ.ગુ.સ્વામી દેવપ્રકાશદાસજી (નારાયણઘાટ મહંતશ્રી)રહ્યાં હતા. કથાના વક્તાપદે સ.ગુ.શા.સ્વા. રામકૃષ્ણદાસજી (કોટેશ્વર ગુરૂકુળ)એ એમની આગવી શૈલીમાં કથામૃત પાન કરાવ્યું હતું. મહોત્સવ દરમ્યાન પોથીયાત્રા, શ્રીકૃષ્ણ જન્મોત્સવ, પ.પૂ.અ.સૌ.ગાદીવાળાશ્રીની પધરામણી, ઠાકોરજીની નગરયાત્રા, ૧૨૫ કુમારિકા દ્વારા ઠાકોરજીની જળયાત્રા, વ્યસનમુક્તિ અભિયાન, નવા મુમુક્ષુઓને પ.પૂ.મહારાજશ્રી ના વરદ્ હસ્તે કંઠી ધારણ કરાવી હતી. મૂળ દરબાર અને ભાવસાર પરિવારનો ૧૦૦ વર્ષનો સત્સંગ જે આજે પણ સચવાઈ રહ્યો છે. મુંબઈ, અમદાવાદ, મહેસાણા અને કુકરવાડા વસતા ભક્તો પણ કથાનો લાભ લેવા આવ્યા હતા. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા ત્યારે સમસ્ત

ગામે ઉમળકાભેર સ્વાગત સામૈયું કર્યું હતું અને સમૈયામાંથી સીધા નિજ મંદિરે પધારી ઠાકોરજીની પ્રાણ પ્રતિષ્ઠાની આરતી ઉતારી સભામાં પધાર્યા હતા. પ્રાસંગિક સભામાં સંતોની પ્રેરકવાણી બાદ પ.પૂ.મહારાજશ્રીએ આશીર્વાદ આપતા કહ્યું કે તમારા વડવાઓએ શ્રીહરિને ખૂબજ રાજી કર્યા અને કરેલા તે રીતે તમે સૌ મંદિરમાં નિત્યે દર્શને જજો અને મહારાજની આજ્ઞાનું પાલન કરજો તો ખૂબ સુખી થશો ! ભાઈઓના મંદિરમાં જીર્ણ થયું હોય તો ખૂબજ સેવા કરશો જેથી ભગવાન ખૂબજ રાજી થશે. આ પ્રસંગમાં નાના મોટા હરિભક્તોએ ખૂબજ સેવા કરી હતી.

આ પ્રસંગે અમદાવાદ, મૂળી, વડનગર અને માણસા આદિ ધામોથી સંતો પધાર્યા હતા. શા.સ્વા. અભયપ્રકાશ દાસજી (નારાયણઘાટ મંદિર) એ યજ્ઞ વિભાગમાં અને શા. સ્વા.ચૈતન્યસ્વરૂપદાસજી અન્નકૂટ વિભાગમાં, શા.સ્વા.વ્રજ ભૂષણદાસજી (નારાયણઘાટ) સુશોભન વિભાગમાં, શા.દિવ્ય પ્રકાશદાસજી રસોડાવિભાગમાં સાથે મહિપાલ ભગત આદિએ સુંદર સેવા બજાવી હતી.

(શા.પુરૂષોત્તમપ્રકાશ દાસજી-નારાયણઘાટ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કાંકરિયામાં મારૂતિ યજ્ઞ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા કાંકરિયા મંદિરના મહંત સ્વા.ગુરૂપ્રસાદદાસજી અને સ્વા.આનંદપ્રસાદદાસજીની પ્રેરણાથી ચૈત્ર સુદ-૧૫ શ્રી હનુમાન જયંતી પ્રસંગે મારૂતિયજ્ઞનું આયોજન થયું હતું. પૂર્ણાહુતિની આરતી પૂ.સ્વા.માધવ સ્વામી અને નારણપુરા મંદિરના મહંત સ્વામીએ ઉતારી હતી. સભામાં સંતોએ યજમાન પરિવારને આશીર્વાદ આપી શ્રી કષ્ટભંજન દેવનો મહિમા સમજાવ્યો હતો. ત્યારબાદ પ્રસાદીનું વિતરણ કરવામાં આવેલ. શ્રી કષ્ટભંજન પાઠ મંડળ દ્વારા દર શનિવારે જુદાં જુદાં હરિભક્તોને ત્યાં છેલ્લા ૧૧ વર્ષથી પાઠ કરે છે. જેને ૧૧ વર્ષ પૂર્ણ થતા ૧૨માં વર્ષમાં પ્રવેશ નિમિત્તે શ્રી હનુમાન ચાલીસાના પાઠ કરવામાં આવ્યા હતા. (ડો.હિરેન પટેલ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર - વડનગર**

ઐતિહાસિક પૌરાણિક અને ધાર્મિક નગરી વડનગર, શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ચૈત્ર સુદ-૯ના રોજ મહંત શા.સ્વા. નારાયણ વલ્લભદાસજીની પ્રેરણાથી હરિભક્તોએ મંદિરને ધજા પતાકા તેમજ આસોપાલવના તોરણોથી શણગારી શ્રીહરિનું અલૌકિક પારણું સજાવી દૈદિપ્યમાન બનાવ્યું હતું. રાત્રે ૧૦.૧૦ મિનિટે શ્રીહરિ પ્રાકટ્યોત્સવ પ્રસંગે હરિભક્તોએ ઓચ્છવ સાથે કીર્તન ભક્તિ કરી હતી.

મહંત સ્વામીએ કથામૃતમાં પ્રાકટ્યોત્સવની કથાનું પાન કરાવ્યું હતું. ત્યારબાદ શ્રીહરિને પારણામાં પધરાવી શા.સ્વામી ઘનશ્યામપ્રકાશદાસજીએ આરતી ઉતારી અલૌકિક દર્શન કરાવ્યા હતા. નાના નાના સત્સંગી બાળકોએ 'હમ સહજાનંદી સિંહ' કીર્તનનું વેષભૂષા સાથે ગાન કરી સૌને સાચા સહજાનંદી સિંહ થવા પ્રેરણા આપી હતી. આ પ્રસંગે ઉણાદના કચ્છ હરિભક્તશ્રી વિરજીભાઈ પરિવારે અને શ્રી વિષ્ણુભાઈ કચરદાસ પટેલે (ભગવાન પુરા) સેવાનો લાભ લીધો હતો. શ્રી કાલીદાસ જે. પટેલ, શ્રીરવિ સુથાર, શ્રી રૂત્વિકુમાર મોદી, ભૌમિક ચોક્સી અને જયકુમાર ચોક્સીએ યુવાનો અને બાળકોને પ્રેરણા-પ્રોત્સાહન પુરૂં પાડ્યું હતું.

(નવિનભાઈ મોદી - વડનગર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ગુલાબપુરાનો ૫૭મો પાટોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તથા ભાવિ આચાર્ય ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના આશીર્વાદથી તથા અ.નિ. સ.ગુ.સ્વામી હરિસ્વરૂપ દાસજીની દિવ્ય પ્રેરણાથી તા.૮-૪-૧૨ ચૈત્ર સુદ-૨ના રોજ ગુલાબપુરા શ્રી સ્વામિનારાયણ મંદિરનો ૫૭મો પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો.

આ પ્રસંગે તા.૮-૪-૧૨ના રોજ સવારે ૯.૦૦ ઠાકોરજીનું પૂજન અને ૧૨.૦૦ વાગે અન્નકૂટ આરતી થઈ હતી. બપોરે મહાપ્રસાદ અને ત્યારબાદ બપોરે ૩ કલાકે શ્રી સ્વામિનારાયણ ભગવાનના સ્વરૂપને વરઘોડા રૂપે દરેક હરિભક્તને ઘેર પધરામણી કરી હતી. અમદાવાદથી નરનારાયણ સ્વામી સાથે પ.ભ. સોમાભાઈ એન. પટેલ, કોઠારી ગાંડાભાઈ પટેલ અને સમસ્ત હરિભક્તોના સુંદર સહકારથી પાટોત્સવ ઉજવાયો હતો. શ્રી નરનારાયણદેવ ગાદીનું નિષ્ઠાવાળા આ ગામમાં દરેક હરિભક્તોએ પાટોત્સવ પ્રસંગના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

(અલ્પેશભાઈ પટેલ)

**શ્રી નરનારાયણ દેવ યુવક મંડળ બાપુનગર દ્વારા રક્તદાન શિબિર**

પ.પૂ.મોટા મહારાજશ્રીના ૬૯માં પ્રાકટ્યોત્સવના ઉપલક્ષમાં તા.૮-૪-૧૨ને રવિવારે પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા આશીર્વાદથી તથા એપ્રોચ મંદિરના મહંત સ્વામીની પ્રેરણાથી શણગાર આરતી બાદ રક્તદાન શિબિરનો પ્રારંભ કરવામાં આવેલ. રેડક્રોસ સોસાયટીના ઉપક્રમે સિવિલ હોસ્પિટલના થેલેસેમીયાના દર્દીઓના લાભાર્થે યુવક મંડળ અને હરિભક્તોએ ભેગા મળીને ૧૦૦ જેટલી બૉટલનું રક્તદાન કર્યું હતું. આમ આ એક ઉત્તમ સેવાનું ઉદાહરણ પુરૂં પાડ્યું હતું.

દર શનિવારે યુવક મંડળ જુદાં જુદાં હરિભક્તોને ઘેર સત્સંગ સભાનું આયોજન કરે છે. મહિનામાં ૨ શનિવાર શા.સ્વામી ચૈતન્યસ્વરૂપદાસજી (કોટેશ્વર) સંત મંડળ સાથે પધારીને કથાવાર્તાનો સુંદર લાભ આપે છે. અવાર નવાર રવિવારે

શ્રીમતી શા.ચી.લા.મ્યુ. જન. હોસ્પિટલ (સરસપુર)માં દર્દીઓને ફળોનું વિતરણ કરવામાં આવે છે. (ગોરધનભાઈ-સીતાપરા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર-નવા વાડજ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અત્રે નવા વાડજ બન્ને મંદિરમાં પાટોત્સવના ઉપલક્ષમાં શ્રીમદ્ સત્સંગિ જીવન પંચાન્હ પારાયણ તા.૨૩-૩-૧૨ થી તા.૨૭-૩-૧૨ પર્યન્ત શા.સ્વા. સૂર્યપ્રકાશ દાસજી (મૂળી)ના વક્તા પદે થઈ હતી. તા.૨૭-૩-૧૨ના રોજ સૌ પ્રથમ ઠાકોરજીનો ષોડશોપચાર અભિષેક થયો હતો. પ.પૂ.મોટા મહારાજશ્રીએ ભાઈઓ અને બહેનોના મંદિરમાં અન્નકૂટ આરતી કરી હતી. ત્યારબાદ પ્રાસંગિક સભામાં અમદાવાદ મંદિરના મહંત સ.ગુ.શા.સ્વા. હરિકૃષ્ણદાસજી, સ.ગુ.મહંત સ્વામી દેવપ્રકાશદાસજી આદિ સંતોની પ્રેરકવાણી બાદ પ.પૂ.મોટા મહારાજશ્રીએ યજમાન પરિવાર અને તમામ હરિભક્તોને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. પાટોત્સવના અભિષેકના યજમાન પ.ભ. બિપીનભાઈ ઓચ્છવલાલ શાહ, પારાયણના યજમાન શ્રી રમેશભાઈ વાલજીભાઈ પોરીયા અને ગં.સ્વ. શાંતાબેન પરસોત્તમદાસ પટેલ અને બહેનોના મંદિરના પાટોત્સવના યજમાન ચંદ્રિકાબેન કનુભાઈ ભાવસાર અને મંજુલાબેન બિપીનભાઈ સૌની રહ્યાં હતા. ચૈત્ર સુદ-૧૫ના શ્રી હનુમાન જયંતી નિમિત્તે શાસ્ત્રી ગોપાલભાઈએ મારૂતિયજ્ઞની સુંદર વિધિ કરાવી હતી. પ.ભ.ગોવિંદભાઈ હરિભાઈ પટેલે યજમાન પદનો લાભ લીધો હતો. હરિભક્તો દર્શન કરી ધન્ય બન્યા હતા. (શંભુદાન પટેલ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર-માણસા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ.લાલજી મહારાજશ્રીની આજ્ઞાથી અત્રેના મહંત શા.સ્વામી ઘનશ્યામપ્રકાશદાસજી જુદાં જુદાં ગામોમાં સત્સંગ સભા કરવા જાય છે. માણેકપુર મંદિરના રજત જયંતી પ્રસંગે માણસા, પિલવાઈ, અંબોડ, ગુનમા અને માતાપુરા (છાલા) અને રાજપુરમાં પ.ભ. કાંતિભાઈની જીવનચર્યા નિમિત્તે મહાપૂજા તથા એકાદશી સત્સંગ સભામાં ૧૦મી સભા આર.કે.પટેલના ઘરે થઈ હતી. આ સિવાય પાજેપુર ગામમાં સત્સંગ સભામાં મહંત સ્વામી, ચંદ્રપ્રકાશ સ્વામી, માધવ સ્વામી અને ભક્તિ સ્વામી અને સંત-પાર્ષદ મંડળે કથા વાર્તાનો લાભ આપ્યો હતો.

(શ્રીન.ના.દેવ યુવક મંડળ-માણસા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર-સમૌ**

અત્રે સમૌ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ચૈત્ર સુદ-૯ના સર્વોપરિ ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનનો ૨૩૧ મો પ્રાકટ્યોત્સવ ધામધૂમથી ઉજવાયો. આ પ્રસંગે નારાયણઘાટ મંદિરથી પી.પી.સ્વામી તથા શા.અભયપ્રકાશ દાસજીએ સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનનો મહિમા માહાત્મ્ય કથામૃત દ્વારા સમજાવ્યું હતું. ત્યારબાદ કીર્તન ભક્તિ કરી હતી. હરિભક્તો ખૂબજ રાજી થયા હતા. (કોઠારીશ્રી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર નારાયણઘાટ ખાતે સુંદરકાંડ પાઠનું આયોજન**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવં સમસ્ત ધર્મકુળના આશીર્વાદથી તથા નારાયણઘાટ મંદિરના મહંત સ.ગુ.સ્વા.દેવપ્રકાશ દાસજી તથા સ.ગુ.શા. સ્વા.પુરૂષોત્તમ પ્રકાશદાસજીના માર્ગદર્શનથી પ.પૂ.આદિ આચાર્ય અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રી દ્વારા પ્રસ્થાપિત પ્રસાદીના શ્રી હનુમાનજી મહારાજ સમક્ષ સુંદરકાંડનું સુંદર આયોજન સંપન્ન થયું. જેના વક્તા શ્રી અશ્વિનભાઈ પાઠકના સુમધુર કંઠે હજારો શ્રોતાઓને સુંદરકાંડનું શ્રવણ કરાવ્યું હતું. આ પ્રસંગના યજમાન પ.ભ. પરસોત્તમદાસ નારાયણદાસ પટેલ (માણસા વાળા-હાલ અમદાવાદ-હ.શ્રી હર્ષદભાઈ, શ્રી અજયભાઈ અને શ્રી કમલેશભાઈ રહ્યાં હતા) આમ નારાયણઘાટ મંદિરમાં સુંદરકાંડથી સમગ્ર વાતાવરણ દિવ્ય બની ગયું હતું.

(શા.દિવ્યપ્રકાશ દાસ)

**શ્રી પ્રભા હનુમાનજી - જમીયતપુરા**

પ.પૂ.ધ.ધુ.આચાર્ય૧૦૦૮શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ.લાલજી મહારાજશ્રીની આજ્ઞા આશીર્વાદથી શ્રી હનુમાન જયંતી મહોત્સવ વિધિવત્ રીતે ઉજવાયો. જેમાં સુંદરકાંડ તથા મારૂતિયજ્ઞ અને દિવ્ય સત્સંગ અને છેલ્લે મહાપ્રસાદનું આયોજન થયું. ભાવિક ભક્તોએ દર્શનનો સુંદર લાભ લીધો. શા.ઘનશ્યામસ્વામીએ સારૂં આયોજન કર્યું હતું.

(મહંત સ્વા.વિજય પ્રકાશદાસજી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર-ચરાડા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ.લાલજી મહારાજશ્રીની આજ્ઞા આશીર્વાદથી તથા જેતલપુર ધામના સ.ગુ.મહંત પૂ.શા.સ્વા.આત્મપ્રકાશદાસજી તથા પૂ.પી.પી. સ્વામીની પ્રેરણાથી ચરાડા શ્રી સ્વામિનારાયણ મંદિરનો ૯મો પાટોત્સવ તા.૧૯-૪-૧૨ના રોજ વિધિવત રીતે ઉજવાયો. આ પ્રસંગે માણસા મહંત શા.સ્વા. ઘનશ્યામપ્રકાશ દાસજીએ મંદિર નિત્યે દર્શન આવવા માટે તથા શ્રી નરનારાયણદેવ અને ધર્મકુળ પ્રત્યે સાચી નિષ્ઠા રાખવા ઉપર પ્રેરણાદાયી વાતો કરી હતી. આ પ્રસંગમાં અમદાવાદથી સંજયભાઈ, કમલેશભાઈ, મહેન્દ્ર ભાઈ, મંદિરના કોઠારી, પૂજારી અને માણસાથી આર.કે. પટેલ અને વલ્લભભાઈ પટેલ આદિ હરિભક્તોએ સુંદર સેવા સહયોગ કરીને પાટોત્સવ ધામધૂમથી ઉજવ્યો હતો.

(સાધુ ચંદ્રપ્રકાશદાસ-માણસા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર પાલડી કાંકજ**

### દ્દશો પાટોત્સવ ઉજવાયો

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા આશીર્વાદથી જેતલપુર તાબાના પાલડી કાંકજ મંદિરનો દ્દશો પાટોત્સવ તા.૧૩-૪-૧૨ના રોજ જેતલપુર મંદિરના મહંત પૂ.શા.સ્વામી આત્મપ્રકાશ દાસજી તથા પૂ.પી.પી. સ્વામીની પ્રેરણા માર્ગદર્શનથી વિધિવત રીતે ઉજવાયો. પ્રથમ ઠાકોરજીની મહાપૂજા, અભિષેક બાદ આરતી અને અન્નકૂટ ધરાવવામાં આવેલ. સભામાં શા.સ્વામી ભક્તિ નંદનદાસજીએ ભગવાનના મહિમાની વાતો કરી હતી. છેલ્લે પૂ.શા.સ્વા. આત્મપ્રકાશ દાસજીએ હરિભક્તોને આશીર્વાદ પાઠવ્યા હતા. સભામાં પૂ.શ્યામસ્વામી અને શા.સ્વા.ઉત્તમ પ્રિય સ્વામી પણ પધાર્યા હતા. હરિભક્તોએ દર્શન કરી ધન્ય બન્યા હતા. યજમાન શ્રી અને સ્વયં સેવકોની સેવા પ્રેરણારૂપ હતી.

(શા.ભક્તિ નંદન સ્વામી)

### શ્રી નરનારાયણદેવ તાબાના નૂતન મંદિર ખાતમુહૂર્ત બિલોદ્રા ગામે ત્રિદિનાત્મક જ્ઞાનયજ્ઞનું આયોજન

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા અને આશીર્વાદથી તથા સ.ગુ.શા.સ્વા. હરિકૃષ્ણદાસજી (કાલુપુર મહંતશ્રી) અને સ.ગુ.સ્વામી દેવપ્રકાશદાસજી (નારાયણઘાટ મહંતશ્રી)ની પ્રેરણાથી તથા સ.ગુ.શા.સ્વામી પી.પી.સ્વામી (નારાયણઘાટ મહંતશ્રી)ના માર્ગદર્શનથી બિલોદ્રા ગામને આંગણે નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિરના ખાતમુહૂર્તના ઉપલક્ષમાં શ્રીમદ્ ભાગવત દશમસ્કંધ ત્રિદિનાત્મક પારાયણનું આયોજન તા.૧૧-૪-૧૨થી તા.૧૩-૪-૧૨ પર્યંત થયું હતું.

અત્રે શ્રી નરનારાયણદેવ દેશ તાબાનું નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિર થાય તેવો શુભ સંકલ્પ પ.પૂ.આચાર્ય મહારાજશ્રીએ કર્યો હતો. એ શુભ સંકલ્પનું પ્રથમ સોપાન એટલે ખાત મુહૂર્ત વિધિ જે પ.પૂ.આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે સંપન્ન થઈ. સર્વે ગ્રામજનોના સહયોગ અને સહકારથી ત્રિદિનાત્મક કથા સ.ગુ.શા.સ્વા.રામકૃષ્ણદાસજીના વક્તા પદે થઈ. જેની પૂર્ણાહુતિ પ્રસંગે પ.પૂ.આચાર્ય મહારાજશ્રી સંતમંડળ સાથે પધાર્યા અને ગામના સર્વે ભક્તોએ ધામધૂમથી શોભાયાત્રા યોજી હતી. શોભાયાત્રા બાદનૂતન મંદિરની ખાત વિધિ કરીને પ.પૂ.મહારાજશ્રીએ સભામાં પધારી કથાની પૂર્ણાહુતિ કરી હતી.સભામાં મૂળીધામથી પધારેલા સંતોએ ભક્તોને આશીર્વાદ પાઠવ્યા અને છેલ્લે પ.પૂ.મહારાજશ્રીએ પોતાના શુભ સંકલ્પને વધાવનાર સર્વે ભક્તોને શુભેચ્છા પાઠવી અને વહેલાસર નૂતન મંદિર પૂર્ણ થાય તેવા શુભાશીષ પાઠવ્યા હતા.

(સ.ગુ.શા.સ્વામી ચૈતન્યસ્વરૂપ દાસજી)

### શ્રી સ્વામિનારાયણ મંદિર - ચાંદખેડા (૫૦ વર્ષ) સુવર્ણજયંતી મહોત્સવ

શ્રી નરનારાયણદેવ દેશ તાબાનું શ્રી સ્વામિનારાયણ મંદિર-ચાંદખેડાના ૫૦ વર્ષ પૂરા થતાં સુવર્ણ જયંતી મહોત્સવ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા સ.ગુ.શા. સ્વા.હરિકૃષ્ણદાસજી (કાલુપુર મહંતશ્રી) અને સ.ગુ.સ્વા.દેવપ્રકાશદાસજી (નારાયણઘાટ મહંતશ્રી)ની પ્રેરણાથી તથા સ.ગુ.શા.પી.પી.સ્વામી (નારાયણઘાટ મહંતશ્રી)ના માર્ગદર્શનથી તા.૧૮-૪-૧૨ થી તા.૨૨-૪-૧૨ પર્યંત ઉજવાયો.

આજથી ૫૦ વર્ષ પહેલાં આ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮શ્રી દેવેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે પ્રતિષ્ઠા થઈ હતી. આજે એ મંદિરનો સુવર્ણ જયંતી મહોત્સવ ધામધૂમથી સંપન્ન થયો. સમસ્ત લેઉઆ પાટીદાર ભાગના ભક્તોના આર્થિક સહયોગથી મહામહોત્સવ ઉજવવાનું નિર્ધારેલ. મહામહોત્સવના ઉપલક્ષમાં સમગ્ર ધર્મકુળની પધરામણી, શોભાયાત્રા, પોથીયાત્રા, રાત્રીય કાર્યક્રમ થયા. આ પ્રસંગના ઉપલક્ષમાં શ્રીમદ્ સત્સંગિ જીવન પંચાન્હ પારાયણનું સ.ગુ.શા.સ્વામી રામકૃષ્ણદાસજી (કોટેશ્વર ગુરૂકુળ)ના વક્તા પદે થયું હતું. આજુબાજુ વિસ્તારના ઘણા ભક્તોએ કથાવાર્તાનો લાભ લીધો હતો. કથા પૂર્ણાહુતિ પ્રસંગે પ.પૂ.ભાવિ આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા.ધામધૂમથી ભવ્ય શોભાયાત્રા યોજવામાં આવી હતી. ત્યારબાદ સભામાં પધારી કથાની પૂર્ણાહુતિ કરી હતી. ગામના યુવાનો તથા બાળકોનું સન્માન પ.પૂ.લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે થયું. ત્યારબાદ પધારનાર મહાનુભાવ સંતોમાં બ્રહ્મચારી સ્વામી રાજેશ્વરાનંદજી, સ્વામી વિશ્વસ્વરૂપદાસજી, સ્વામી દિવ્યપ્રકાશદાસજી, સ્વામી કુંજવિહારીદાસજીની પ્રેરક વાણી બાદ છેલ્લે પૂ.લાલજી મહારાજશ્રીએ ભક્તોને શુભાશીષ પાઠવ્યા હતા. સભાનું સંચાલન સ.ગુ.સ્વામી ચૈતન્ય સ્વરૂપદાસજીએ સંભાળ્યું હતું. (પાર્ષદ મહિપાલ ભગત)

## મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

### સુરેન્દ્રનગર મંદિરમાં શ્રી હરિજયંતીની ઉજવણી

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા આશીર્વાદથી તથા અત્રે મંદિરના મહંત સ્વામી સ.ગુ.પ્રેમજીવનદાસજીની શુભ પ્રેરણાથી ચૈત્ર સુદ-૯ શ્રી હરિ જયંતીના શુભદિને સવારે ૭.૩૦થી ૧૧.૩૦ સુધી શ્રી સ્વામિનારાયણ મહામંત્ર અખંડ ધૂન્ય તથા ૧૧.૩૦થી ૧૨.૦૦ સુધી શ્રી રામજન્મોત્સવ અને આરતી, સાંજે ૫.૩૦થી ૭.૩૦ શહેરમાં સુશોભીત વાહનોમાં ભગવાનશ્રી સ્વામિનારાયણની શોભાયાત્રા વાજતે ગાજતે નીકળી હતી. આ પ્રસંગમાં મૂળી મંદિરના સંતો અને શહેર અને ગામોગામથી હરિભક્તો જોડાયા હતા. રાત્રે ૧૦.૧૦ ઘડીએ સર્વોપરિ ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનનો પ્રાકટ્યોત્સવ અને આરતી ધામધૂમથી ઉજવાયા હતા. સમગ્ર આયોજન સ.ગુ.કોઠારી સ્વામીએ કર્યું હતું. (શૈલેન્દ્રસિંહ માલા)

## વિદેશ સત્સંગ સમાચાર

### મીડ વેસ્ટ શ્રી સ્વામિનારાયણ મંદિર - ઇટાસ્કા શિકાગો

શ્રી નરનારાયણ દેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્ર પ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ.મોટા મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદથી તથા અત્રે મંદિરના મહંત સ્વામી નિલકંઠપ્રસાદ દાસજી અને સ્વા.શાંતિપ્રકાશ દાસજીની પ્રેરણાથી ૩૦ માર્ચના અહીં ચાલતી હેલ્થ ક્લિનિકના લાભાર્થે એક હાસ્ય પ્રોગ્રામ સુંદર રીતે ઉજવાયો. શિકાગોના અગ્રગણ્ય નાગરિકોએ અને આપણા હરિભક્તોએ જેમાં ઉદાર હાથે દાન આપીને કાર્યક્રમને સફળ બનાવ્યો. આ પ્રસંગમાં દરેકને ભોજન પ્રસાદ જમાડવામાં આવેલ. ક્લિનિકમાં સેવા કરનાર સ્વયં સેવકોનું બહુમાન કરવામાં આવ્યું. પ.ભ. જે.પી. પટેલે મંદિરમાં આંખની પૂર્ણ તપાસ થાય તેવી સુવિધા કરવામાં મદદ કરી. જેમનું બહુમાન શ્રી જગદીશભાઇ પટેલે કર્યુ હતું.

શ્રી વિષ્ણુભાઇ, શ્રી પ્રશાંત કવિ અને રસોડા સમિતિએ સુંદર સેવા બજાવી હતી. યુવક મંડળે પાર્કિંગ ફોટો સાઇડ શો અને સલામતી વ્યવસ્થામાં મોટો ફાળો આપ્યો હતો.

આ માસમાં ચૈત્ર વદ-૩ના આપણા પ.પૂ.મોટા મહારાજશ્રીનો ૬૯મો પ્રાકટ્યોત્સવ ધામધૂમથી ઉજવાયો. એક યજમાન હરિભક્તે મંદિરમાં દાન આપીને આરતીનો લાભ લીધો. મહંત સ્વામીએ પ.પૂ.મોટા મહારાજશ્રીના ૬૯ વર્ષના અલૌકિક જીવન ઝરમરની અનેક પ્રસંગોને યાદ કરી હરિભક્તોને ધર્મકુળ પ્રત્યે વધુને વધુ નિષ્ઠા વધે તેવી વાત કરી હતી. શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દર્શને દરેક હરિભક્તોએ કરવા તે આપણા જીવનનું મોક્ષનું દ્વાર છે. છેલ્લે યુવક મંડળે સમૂહમાં સુંદર મજાની કેક કાપીને ૬૯મો પ્રાકટ્યોત્સવ ઉજવ્યો હતો.

### કોલોનિયા (અમેરિકા) મંદિરમાં
### પ.પૂ.આચાર્ય મહારાજશ્રી ની પધરામણી

૨૫ માર્ચ રવિવારના સાંજના પથી ૮ દરમ્યાન શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ.આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી, જેતલપુરધામના પૂ.પી.પી.સ્વામી, ચેરીહીલ, કોલોનિયા અને વિહોકન મંદિરના મહંત સ્વામી તથા પૂજ્ય બિન્દુરાજા, શ્રી સુવ્રતકુમાર, શ્રી સૌમ્યકુમાર અને હજુરી પાર્ષદ વનરાજ ભગતની ઉપસ્થિતિમાં ટ્રાઇ સ્ટેટના દ્વારા સમગ્ર ઉત્સવની ઉજવણી થઇ હતી. અનેક રંગબેરંગી ફુલોના શણગારથી ભગવાનના અલૌકિક દર્શનનો લાભ ભાવિક ભક્તોને મળ્યો હતો. જેમાં યુવક મંડળની સુંદર સેવા હતી. સુંદર કીર્તન - ભક્તિ બાદ સંતોની પ્રેરકવાણીમાં ચેરીહીલના મહંત શા.સ્વામી વિશ્વપ્રકાશદાસજી, વિહોકન મંદિરના મહંત સ્વામી માધવપ્રસાદદાસજી અને જેતલપુર ધામના પૂ.પી.પી.સ્વામી આદિ સંતોએ રંગોત્સવની પરંપરા અને ધર્મવંશી આચાર્ય મહારાજશ્રીનો મહિમા સુંદર રીતે વર્ણવ્યો હતો. છેલ્લે પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રીએ સૌને આશીર્વાદ આપતા જણાવ્યું કે બાળકો એ જ આપ સૌની સાચી મૂડી છે. આજ આપની સંપત્તિ છે. તેનું ખૂબ જ ધ્યાન રાખી સારા સંસ્કાર આપશો તો બીજુ બધું આપો આપ મળશે. સંસ્કાર કયારેક ખરીદી શકાતા નથી. બધું મળશે પણ જો સંસ્કારનો અભાવ હશે તો કયારેય જીવનમાં શાંતિ મળશે નહી. આવા સરસ મંદિરમાં આવી સેવા કરીને દર્શનનો લાભ તથા આનંદ તમે પરિવાર અને મિત્રો સહિત અવશ્ય લેશો. મંદિરનો હમંશા ખટકો રાખવો. ભગવાનના વચનોમાં હંમેશા માનવું. વિશેષ બુધ્ધિનો ઉપયોગ કરશો તો ભગવાનના દર્શનનું સુખ વધુ મળશે નહી. તેમ કહી રૂડા આશીર્વાદ આપી સૌના મનની શાંતિ અને સમૃધ્ધિ થાય તેવી શ્રીહરિને પ્રાર્થના કરીને વ્યકત્વ્ય પૂર્ણ કર્યુ હતુ. ત્યારબાદ સૌ એ દર્શન આશીર્વાદ લઈ પ્રસાદ લઈ ધન્ય બન્યા હતા.

(પ્રવિણ શાહ)

### વિહોકન મંદિરમાં રામનવમી ઉત્સવ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ.મોટા મહારાજશ્રીના આશીર્વાદથી અને અત્રેના મહંત સ્વામીની પ્રેરણાથી વિહોકન શ્રી સ્વામિનારાયણ મંદિરમાં રામનવમીને રવિવારે વિહોકન, જર્સીસીટી, એડીસન, કોલોનીયા, પારસીપની, ચેરીહીલ અને ન્યુયોર્કના સૌ ભક્તોએ સાથે મળી સર્વોપરિ ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનની જન્મ જયંતી ધામધૂમથી ઉજવી હતી. સભામાં બહેનોના વિભાગમાં પૂ.બિન્દુરાજા, શ્રી સુવ્રતકુમાર, શ્રી સૌમ્ય કુમાર અને સંતોની સભામાં વિહોકન, ચેરીહીલ અને કોલોનીયાના મહંત સ્વામી અને હરિભક્તો મોટી સંખ્યામાં પધાર્યા હતા. સંતો એ શ્રી સ્વામિનારાયણ ભગવાનનું અલૌકિક મહિમા મહાત્મય સુંદર રીતે વર્ણવીને હરિભક્તો, યુવાનોને મહારાજની આજ્ઞા પ્રમાણે જીવન જીવવા પર સુંદર વાતો કરી હતી. જન્મોત્સવની આરતી ખૂબજ ધામધૂમથી થઈ હતી ભક્તજનો દર્શન કરી ધન્ય ધન્ય બન્યા હતા. (પ્રવિણ શાહ)

### લૂઇવીલ (KENTUCKY) (I.S.S.O. ચેપ્ટર)

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ.મોટા મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તા.૨૧-૪-૧૨ શનિવારના રોજ આપણા I.S.S.O. ચેપ્ટર લૂઈવીલમાં હિન્દુ મંદિરમાં ૧૦૦ જેટલા હરિભક્તોએ કથાવાર્તા, ધૂન, ભજન-કીર્તન, નિત્ય નિયમ આદિ સમૂહમાં કર્યા હતા. કે.પી.સ્વામીએ કથાનો સુંદર લાભ આપેલ. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની કૃપાથી અહીં સત્સંગ પ્રવૃત્તિ સારી ચાલે છે. આપણા હરિભક્તો હસમુખભાઇ, ડાહ્યાભાઇ, પ્રકાશભાઇ, પરસોત્તમભાઇ, ઘનશ્યામભાઇ, વિષ્ણુભાઇ આદિએ આ પ્રથમ સભામાં ખૂબજ સારી પ્રેરણાત્મક સેવા બજાવી હતી. (વિષ્ણુભાઇ પટેલ)

### શ્રી સ્વામિનારાયણ મંદિર-ક્લિવલેન્ડ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ.મોટા

મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી આપણા ક્લિવલેન્ડ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં તા.૧-૪-૧૨ને ચૈત્ર સુદ-૯ શ્રી હરિજયંતી સમૈયો વિધિવત રીતે ઉજવાયો. ૨૧ પરિવારોએ યજમાન બની અભિષેક, પારણામાં ઠાકોરજીને ઝુલાવવા આદિ લાભ લઇ ધન્ય બન્યા હતા. ઘણા હરિભક્તો દર્શનાર્થે પધાર્યા હતા. ચૈત્ર સુદ-૧૫ તા.૬-૪-૧૨ના રોજ મારૂતિયજ્ઞ ધામધૂમથી ઉજવાયો. ભૂદેવો દ્વારા શ્રી હનુમાનજીનું પૂજન આદિ થયા હતા. ૧૫૦ પરિવારોએ યજ્ઞનો લાભ લીધો. બહેનોએ સુંદર સેવા કરી હતી. કે.પી.સ્વામીએ કથાવાર્તાનો સુંદર લાભ આપ્યો હતો. (પ્રકાશ પટેલ)

**સિનસિનાટી OHIO I.S.S.O. ચેપ્ટર**

અત્રે સિનસિનાટી ખાતે આપણા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તા.૨૦-૩-૧૨ના રોજ સંત-પાર્ષદ મંડળ સાથે પધાર્યા હતા. ૨ કલાકના ટુંકા સમયમાં ૧૫ જેટલા હરિભક્તોને ત્યાં પધરામણીનું સુખ આપી આશીર્વાદ વરસાવી ખૂબજ રાજી કર્યા હતા. સાંજે શ્રી કિરીટભાઇ પટેલના ઘરે વિશાળ સત્સંગ સભા થઇ હતી. જેમાં ૧૫૦ જેટલા હરિભક્તોએ લાભ લઇ ધન્ય બન્યા હતા. સભામાં પૂ.મોટા પી.પી.સ્વામી, વ્રજવલ્લભ સ્વામી, શાંતિ સ્વામી અને માધવ સ્વામીએ કથાવાર્તાનો લાભ આપેલ. છેલ્લે પ.પૂ. મહારાજશ્રીએ સૌને આશીર્વાદ પાઠવ્યા હતા. આ પ્રસંગમાં ડાંગરવાના કિરીટભાઇ, મહેન્દ્રભાઇ, પ્રહલાદભાઇ અને કાંતિભાઇ અને બહેનોની સેવા ઉત્તમ હતી.

(કિરીટભાઇ પટેલ)

**સાઉથ જર્સી મંદિરમાં મારૂતિ યજ્ઞ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ.મોટા મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર સિનેમેન્સન ખાતે તા.૬-૪-૧૨ ચૈત્ર સુદ-૧૫ શ્રી હનુમાન જયંતી પ્રસંગે મારૂતિ યજ્ઞનું સુંદર આયોજન સ.ગુ.શા.સ્વા. વિશ્વપ્રકાશદાસજી તથા શા.અભિષેકપ્રસાદ દાસજીની પ્રેરણાથી ધામધૂમથી સંપન્ન થયું. ૫૦ જેટલા (કપલ) હરિભક્તોએ લાભ લીધો. ૧૫૦૦ જેટલા હરિભક્તોને મહંત સ્વામીએ કથામૃત પાન કરાવ્યું હતું. બહેનોની રસોડાની સેવા ઉત્તમ હતી. નવિનભાઇ, હીરાભાઇ, કાર્તિકભાઇ, ભરતભાઇ અને ઘનશ્યામભાઇની સેવા પ્રેરણા રૂપ હતી. પ્રમુખ શ્રી રાજુભાઇ ભક્તિભાઇએ યજમાનોની સેવાને બિરદાવી હતી. (મહંત સ્વામી સાઉથ જર્સી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર એટલાન્ટા**

પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ.મોટા મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી શ્રી નરનારાયણદેવ તાબાના એટલાન્ટા મંદિરમાં દરેક ઉત્સવો ખૂબજ ધામધૂમથી ઉજવાય છે. હરિભક્તો ખૂબજ મોટી સંખ્યામાં દર્શને આવે છે. ચૈત્ર સુદ-૯ને રવિવારે શ્રી સ્વામિનારાયણ ભગવાનનો પ્રાકટ્યોત્સવ ધામધૂમથી ઉજવાયો. શા.સ્વા.સત્યસ્વરૂપ દાસજીએ શ્રી સ્વામિનારાયણ ભગવાનના લીલા ચરિત્રની કથા કરીને સુંદર લાભ આપ્યો હતો. યુવક મંડળે સુંદરરાસ કર્યો હતો અને બાળકો અને બાલિકાઓનો સાંસ્કૃતિક કાર્યક્રમ સુંદર રીતે થયો. બહેનોની સેવા પ્રસંશનીય હતી. આ પ્રસંગે યજમાન શ્રી રશ્મિભાઇ પટેલ (કુહા) રહ્યાં હતા. ચૈત્ર સુદ-૧૫ના શ્રી હનુમાન જયંતી પ્રસંગે સુંદરકાંડનું સુંદર આયોજન થયું હતું.

(એટલાન્ટા મંદિર કમિટિ)

**કોલંબસ (I.S.S.O. ચેપ્ટર)**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તાજેતરની અમેરિકા યાત્રા પ્રસંગે તા.૯-૩-૧૨ના રોજ અત્રે પધાર્યા હતા. સાંજે ૫થી ૮ સત્સંગ સભામાં પૂ.પી.પી.સ્વામી, વ્રજવલ્લભ સ્વામી, માધવ સ્વામી અને શાંતિ સ્વામીએ સુંદર કથાનો લાભ આપ્યો હતો. ૧૨૫ જેટલા હરિભક્તોને ત્યાં પ.પૂ.મહારાજશ્રીએ પધરામણી કરીને સૌ ભક્તોને અલૌકિક સુખ આપી રાજી કર્યા હતા. અહીંથી સિનસિનાટી પધાર્યા હતા. આ પ્રસંગમાં મૈત્રીભાઇ, રાકેશભાઇ, રવિ, હિતેષભાઇ, પ્રવિણભાઇ, બંકિમભાઇ, બિપીનભાઇ અને બહેનોની સેવા પ્રેરણારૂપ હતી. (જયદિપભાઇ)

**હરિદ્વાર શ્રી સ્વામિનારાયણ મંદિર**
**મહંત સ.ગુ.શા.સ્વા. આનંદજીવન દાસજી**
**મો.નં. ૭૮૯૫૧૨૭૯૮૦**

●

**નીચેના શિખરબધ્ધ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ નવા મહંત સ્વામી નિયુક્ત કર્યા છે.**

●

**મૂળી સ્વામિનારાયણ મંદિર નવા મહંત શ્રી**
**સ.ગુ.સ્વામી શ્યામસુંદર દાસજી**
**ગુરૂ સ.ગુ.સ્વા. ગોપાળ ચરણ દાસજી**

●

**ચરાડવા શ્રી સ્વામિનારાયણ મંદિર**
**નવા મહંત શ્રી સ.ગુ.સ્વા.ઉત્તમપ્રિય દાસજી**
**ગુરૂ સ.ગુ.સ્વા.હરિકૃષ્ણ દાસજી (કચ્છી)**
**તથા સ્વામી બ્રહ્મવિહારીદાસજી**
**ગુરૂ સ.ગુ.સ્વા.ઉત્તમપ્રિય દાસજી**

# શ્રી સ્વામિનારાયણ ભેટ યોજના

૫૦૭/- કાચા ટેલર્સ, આકાશભાઈ વિનોદભાઈ લેસ્ટર (યુ.કે.)
૫૦૦/- પટેલ ચિંતનકુમાર ડાહ્યાભાઈ મણીયોર બેંગ્લોર
૧૦૧/- પટેલ તારાબેન લાલજીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે સઈજ
૧૦૧/- અ.નિ. માવજી હીરજી પરમાર ધૂળકોટ (વિલેપાર્લા)
શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે
૧૦૧/- અ.નિ. બચુલાલ માવજી પરમાર ધૂળકોટ (વિલેપાર્લા)
શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે
૧૦૧/- અ.નિ. માધવજી માવજી પરમાર ધૂળકોટ (વિલેપાર્લા)
શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે
૧૦૧/- ગં.સ્વ. મુક્તાબેન બચુલાલ પરમાર ધૂળકોટ (વિલેપાર્લા)
શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે
૧૦૧/- પરમાર જગદીશ બચુલાલ ધૂળકોટ (નાઈરોબી)
શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે
૧૦૧/- ચૌહાણ સંદિપ અરવિંદભાઈ શ્રીજી પ્રસન્નાર્થે બારડોલી
૫૦૦/- પટેલ રેવાભાઈ જેઠાભાઈ લાલોડા
નવું ટ્રેક્ટર લાવ્યા તે નિમિત્તે
૧૦૧/- અ.નિ. હંસાબેન હર્ષદભાઈ પટેલ દહેગામ
માસિક પુણ્ય તિથિ નિમિત્તે
૧૦૧/- પટેલ મિતેશકુમાર સુરેશભાઈ પ્રથમ પગાર નિમિત્તે સોજા
૧૫૧/- પટેલ પિયુષકુમાર વિઠ્ઠલદાસ ડાંગરવા
ચિ. ચિંતને એમબીબીએસ કર્યું તે નિમિત્તે
૧૦૧/- નૈનસી આરતી પટેલ જન્મદિન નિમિત્તે સોજા
૧૦૦/- પટેલ હિરેન પ્રવિણભાઈ હાથપાલીયા
નવું બાઈક લાવ્યા તે નિમિત્તે
૧૦૦/- એક હરિભક્ત શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૨૫૦/- ઠક્કર ચંદ્રકાન્ત ભીખાલાલ લગ્ન પ્રસંગે પાટડી
૧૦૧/- પટેલ અલ્કેશ મનુભાઈ જન્મદિન નિમિત્તે દહેગામ
૧૦૧/- ભાવસાર ભૂપેન્દ્રભાઈ નટવરલાલ અમદાવાદ
નવું કોમ્પ્યુટર લાવ્યા તે નિમિત્તે
૧૦૧/- રાઓલ રાજેન્દ્રસિંહ અભેસિંહ શ્રીજી પ્રસન્નાર્થે ઘોડાસર
૧૦૧/- સૃજન અરવિંદભાઈ ડિગ્રી મળી તે નિમિત્તે પીઠવડી
૧૦૧/- દિશાંત અરવિંદભાઈ નોકરી મળી તે નિમિત્તે
૧૦૧/- નાકરાણી વસંતબેન અરવિંદભાઈ નવા મકાનમાં ગયા નિમિત્તે
૧૦૦/- મકવાણા નટવરભાઈ છગનભાઈ રામનવમી નિમિત્તે અમદા.
૧૦૧/- પટેલ દિપિકાબેન ઘનશ્યામભાઈ લગ્ન પ્રસંગે મોટાઉભડા
૧૦૧/- પટેલ નરસિંહભાઈ અરજણભાઈ કલ્યાણપુરા
ભાણી નયનાબેનના લગ્ન પ્રસંગે
૧૦૧/- પટેલ મનસુખભાઈ ઠાકરશીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે નરોડા
૧૦૧/- ભાવસાર રમેશચંદ્ર શાંતિલાલ અમદાવાદ
પગનું ઓપરેશન સફળ થયું તે નિમિત્તે
૧૦૧/- ચોટલીયા ભાવિનભાઈ મનસુખભાઈ નવી મારૂતિવાન નિમિત્તે
૫૦૧/- પટેલ રમણભાઈ ખેમાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે લાલોડા
૧૦૦/- ધરણી, શિરાલી, ઉન્નત શ્રીહરિ પ્રાકટ્યોત્સવદિન પ્રસંગે આકૂંદ
૧૦૧/- સોલંકી ગાંડાભાઈ ગોબરભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ડેમાઈ
૧૦૧/- ઉપાધ્યાય કુમુદભાઈ શ્રીહરિ પ્રાકટ્યોત્સવ પ્રસંગે અમદાવાદ
૧૦૦/- મોદી જયંતીલાલ અમૃતલાલ સંદિપના લગ્ન પ્રસંગે અમદાવાદ
૫૦૧/- પટેલ મોલિક રમેશભાઈ એચ-૧ વિઝામળ્યા નિમિત્તે સાબરમતી
૧૦૧/- ચાવડા નૈમેષભાઈ બટુકભાઈ અમદાવાદ
શ્રી સ્વા. મ્યુઝિયમના દર્શનનીબાધાથી નોકરી મળી નિમિત્તે
૫૦૧/- પટેલ તૃષા યોગેશભાઈ જન્મદિન નિમિત્તે લીલાપુર
૧૦૧/- મોરી શંકરભાઈ મલુભાઈ શ્રીજી પ્રસન્નાર્થે કાલીયાણા
૧૦૦/- મોરી પ્રિન્સ અજીતભાઈ પશાભાઈ જન્મદિન નિમિત્તે કાલીયાણા
૨૦૦/- સાં.કંચનબા સ્વા.મંદિર (બહેનોનું) રામનવમી પ્રસંગે ધાંગધ્રા
૧૦૧/- સોલંકી ભરતભાઈ એમ. પુત્રના સગપણ નિમિત્તે કલોલ
૧૦૧/- કટારીયા વનરાજભાઈ દેવાભાઈ નવું ટ્રેક્ટર લાવ્યા નિમિત્તે ટીંબા
૧૦૧/- પટેલ દિપકકુમાર કાંતિલાલ અમદાવાદ
ચિ.મિત-યશવીના સુંદર સ્વાસ્થ્ય અર્થે
૧૦૧/- પટેલ દેવેન્દ્રભાઈ અનીલભાઈ રુદ્રના જન્મદિન નિમિત્તે ઉવારસદ
૧૦૧/- પટેલ જલ્પેશભાઈ સુભાષભાઈ અસલાલી
ચિ. કબીરના જન્મદિન નિમિત્તે
૧૦૧/- પટેલ ગીતાબેન ધર્મેન્દ્રકુમાર નાંદોલ
પ.પૂ.ગાદીવાળાશ્રી સાથે છપૈયાધામ યાત્રા નિમિત્તે
૧૦૦/- પટેલ સંકેત રજનીકાંત નવી ગાડી લાવ્યા તે નિમિત્તે નાંદોલ
૧૦૧/- પટેલ નિત્યકુમાર રજનીભાઈ જન્મદિન નિમિત્તે અમદાવાદ
૧૦૧/- પટેલ નિમિષ વસંતભાઈ
ઓપરેશન સફળ થયું નિમિત્તે અમદાવાદ
૧૦૧/- પટેલ સચિનભાઈ વસંતભાઈ અમદાવાદ
એડીલેડમાં નવું મકાન લીધું તે નિમિત્તે
૧૦૧/- ગાંજાવાલા હર્ષાબેન જન્મદિન નિમિત્તે અમદાવાદ
૧૦૧/- પટેલ કલ્પેશભાઈ રેવાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે કાંકરોલ
૫૦૦/- ઠક્કર રમેશભાઈ મુળજીભાઈ હારીજ
નવી ગાડી પ્રસાદીની કરાવી નિમિત્તે
૧૦૧/- ઝાલા ઘનશ્યામસિંહ વાઘુભા - ભાણુભા કર્મદિપસિંહ અડવાળ
સિધ્ધરાજસિંહવાળા ૧લા નંબરે પાસ થયા નિમિત્તે
૧૦૧/- મોરી વસુભાઈ કમાભાઈ નવું ટ્રેક્ટર લીધું તે નિમિત્તે કાલીયાણા
૧૦૧/- અ.નિ.કુ.ઉર્વસી જ્યોતિન્દ્ર બારભાયા શ્રીજી સ્મરણાર્થે અમદા.
૧૦૧/- અ.નિ.જ્યોતિન્દ્ર ચમનલાલ બારભાયા શ્રીજી સ્મરણાર્થે અમદા.
૧૦૧/- બારભાયા પર્વ હિરેન જન્મદિન નિમિત્તે અમદાવાદ
૧૦૧/- ઉપાધ્યાય નારણ દેવેન્દ્રભાઈ શ્રીહરિ જયંતી નિમિત્તે અમદાવાદ
૧૦૧/- પટેલ વિદ્યાબેન રતીલાલ પુણ્યતિથિ નિમિત્તે અમદાવાદ
૧૦૧/- ચિ. હર્ષલ રાજેન્દ્રભાઈ જન્મદિન નિમિત્તે અમદાવાદ
૧૦૧/- માનસીબેન વિનયકુમાર સગાઈ નિમિત્તે પાર્લા,મુંબઈ
૧૦૦/- જીત, સંજીવ અને કપિલ સ્કુલે બેસાડ્યા તે નિમિત્તે
૧૦૦/- વડોદરીયા જીતેન્દ્ર જયંતીલાલ શ્રીહરિ જયંતી પ્રસંગે અમદાવાદ
૫૦૦/- જોબાલીયા પંકજભાઈ હસમુખભાઈ મુંબઈ
નવી ગાડી લીધી તે નિમિત્તે (હ.વિનુબેન)
૧૦૧/- પિંડારીયા વનિતા અશ્વિન જન્મદિન પ્રસંગે માનકુવા
૨૦૧/- પટેલ રણછોડભાઈ દેવજીભાઈ અને અ.સૌ.લાભુબેન આણંદપુર
ભાલવાળા અમેરિકા પ્રવાસ નિમિત્તે
૧૦૧/- ટાંક બટુકભાઈ જીવરાજભાઈ ગોતા
હર્ષિલ-આશવી અભ્યાસ નિમિત્તે
૧૦૧/- ભાવસાર પુષ્પાબેન ગુણવંતલાલ કલોલ
મોતીયાનું ઓપરેશન સફળ થયું તે નિમિત્તે
૧૫૦/- ઠક્કર નવિનભાઈ કાનજીભાઈ ગાડી લાવ્યા તે નિમિત્તે અમદાવાદ
૧૦૧/- જયની ટ્રેડીંગ કું. શ્રીજી પ્રસન્નાર્થે ભાયંદર (મુંબઈ)
૧૦૧/- ક્રિશ કોર્પોરેશન શ્રીજી પ્રસન્નાર્થે ભાયંદર (મુંબઈ)
૧૦૧/- કાછીયા ઈશા આકાશ જન્મદિન નિમિત્તે ભાયંદર (મુંબઈ)
૩૦૩/- અ.નિ.નીતાબેન જયેશકુમાર પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે મુંબઈ
૧૦૦/- બિપીનભાઈ ચિ.અંકિતના જન્મ પ્રસંગે મુંબઈ
૧૦૦/- બિપીનભાઈ ચિ.નિમેષ ધો. ૩માં પાસ થયો તે નિમિત્તે મુંબઈ
૧૦૦/- પ્રવિણભાઈ નિયતિને સ્કુલ એડમીશન નિમિત્તે નાલાસોપારા
૧૦૦/- મારવી નિશાબેન ઉમેશભાઈ ઝાયલો ગાડી લીધી નિમિત્તે જીરાગઢ
૧૦૧/- પટેલ સંજયકુમાર ગોવિંદભાઈ ગાડી લીધી તે નિમિત્તે અમેરિકા
૧૦૧/- ખેર કૃષ્ણરાજસિંહ દિલીપસિંહ જન્મપ્રસંગે બળોલ (ભાલ)
૧૫૧/- સોની વિપુલ નટવરલાલ નવો ફ્લેટ લીધો તે નિમિત્તે કપડવંજ
૧૦૧/- પટેલ અરવિંદભાઈ એસ. ૧૧સામાન્યપ્રવાહનીમંજૂરીનિમિત્તે
૩૦૧/- ટાંક સુભાષભાઈ ગોપાળભાઈ શ્રીજી પ્રસન્નાર્થે જીરાગઢ-સુરત
૧૦૦/- વાઘેલા દિશિતાબેન મેહુલસિંહ જન્મદિન નિમિત્તે ગોધાવી
૨૦૧/- પટેલ ગણેશભાઈ મગનદાસ બામરોલી
મંજુલાબેનની ૭મી પુણ્યતિથિ નિમિત્તે
૧૦૦/- પટેલ પ્રવિણભાઈ મણીલાલ ચિ. રિતેષના લગ્ન પ્રસંગે કનીપુર
૨૫૧/- પુવાર ગજુભા ઉદેસિંહ વક્તાપુર,તલોદ
મિનરલ વોટર પ્લાન્ટ, બાબાની બાબરી અને ડાલુ લાવ્યા તે નિમિત્તે
૫૦૦/- પટેલ હર્ષદકુમાર હરિભાઈ નાંદોલ
શ્રીજી એન્ટરપ્રાઈઝનું કામ શરૂ કર્યું તે નિમિત્તે
૧૦૧/- ભાવસાર કેતનકુમાર રસિકલાલ અમદાવાદ
ચિ. અર્થના જન્મદિન નિમિત્તે
૧૦૧/- નિતિનભાઈ-બળદેવભાઈ મકાનમાં રહેવા ગયા નિમિત્તે પચ્છમ

૧૦૧/- પટેલ સવિતાબેન મનસુખભાઇ ચૈત્રમાસ નિમિત્તે — હઠીપુરા
૧૦૧/- ચૌહાણ મહેન્દ્રસિંહ મગનજી ચિ.વિરલ ની બાબરી નિમિત્તે — ટાંકીયા
૧૦૧/- ઘનશ્યામભાઇ અંબાલાલ નવું બાઇક લાવ્યા નિમિત્તે — ઝુલાસણ
૧૦૧/- પટેલ વિપુલભાઇ મુળજીભાઇ નવો ફ્લેટ લીધો તે નિમિત્તે — મણીયોર
૧૦૦/- પટેલ સોમાભાઇ લખુદાસ નવું બાઇક લીધું તે નિમિત્તે — વિહાર
૨૦૦/- પટેલ સોમાભાઇ કરશનદાસ શ્રીજી પ્રસન્નાર્થે — કોલાદ
૧૦૦/- અ.નિ. હિરાબેન હિરાભાઇ પટેલ માસિક પુણ્યતિથિ નિમિત્તે — ખેરોલ
૧૧૧/- પટેલ બાબુભાઇ જીવરામભાઇ ગાડી, પુત્રને નોકરી મળી નિમિત્તે — ચડાસણા
૧૦૧/- પટેલ જયંતીભાઇ ગોબરભાઇ પૌત્ર નૈતિકના જન્મ દિને — ડેમાઇ
૧૫૧/- પટેલ ધર્મકુમાર મેહુલભાઇ જન્મદિન નિમિત્તે — રનેલા
૧૫૧/- પટેલ ધૈર્યકુમાર મેહુલભાઇ જન્મનિમિત્તે — રનેલા
૧૦૧/- પટેલ મોરારભાઇ પરસોત્તમભાઇ શ્રીજી પ્રસન્નાર્થે — રનેલા
૧૦૧/- પટેલ મનોરમાબેન પિયુષભાઇ શ્રીજી પ્રસન્નાર્થે — સુકાટીંબા
૧૦૦/- અંકિત આર પટેલ શ્રી હરિ જયંતી નિમિત્તે — આકુંદ
૧૦૨/- પટેલ કાનજીભાઇ મોતીભાઇ પ્લાઝા લાવ્યા નિમિત્તે — ખેરોલ
૧૦૧/- મોહિત કન્સ્ટ્રક્શન શ્રીજી પ્રસન્નાર્થે — અમદાવાદ
૧૦૧/- શ્યામકન્સ્ટ્રક્શન શ્રીજી પ્રસન્નાર્થે — અમદાવાદ
૧૦૧/- મેવાડા રમેશભાઇ શ્રીજી પ્રસન્નાર્થે — અમદાવાદ
૧૦૦/- પટેલ હિરેન અરવિંદભાઇ નોકરી મળી તે નિમિત્તે — ઇટાદરા
૧૦૧/- પોરીયા રાઘવજી લક્ષ્મણ ચિ. શિતલના લગ્ન પ્રસંગે — રાજકોટ
૧૦૧/- ઠક્કર ઘનશ્યાભાઇ અંબાલાલ શ્રીજી પ્રસન્નાર્થે — અમદાવાદ
૧૦૧/- કડીયા ભાવિન જે. લગ્ન પ્રસંગે — અમદાવાદ
૧૦૧/- ચૌહાણ હિરેનકુમાર માવજી નવું સીબીઝેડ લીધું તે નિમિત્તે — રાજકોટ
૧૦૦/- પટેલ લાલજીભાઇ ગણેશદાસ પ.પૂ.મોટા મહારાજશ્રીના પ્રાકટ્યોત્સવદિન નિમિત્તે — ભાઉપુરા
૧૦૧/- જાદવ રસિકભાઇ ડી. ચિ.રાહુલના લગ્ન પ્રસંગે — જોરાવરનગર
૧૦૧/- પટેલ હયા અજયકુમાર જન્મદિન નિમિત્તે — સોજા
૨૫૧/- પટેલ દિપ્પી કેયુરભાઇ જન્મદિન નિમિત્તે — નવાગામ
૧૦૦/- ભાવસાર રમણભાઇ ઇશ્વરભાઇ બીજી પુણ્યતિથિ નિમિત્તે
૧૦૧/- ભાવસાર મયુર વી. જન્મદિન નિમિત્તે — ગાંધીનગર
૧૦૦/- વાઘેલા રામબાબા કેસરીસિંહ શ્રીજી પ્રસન્નાર્થે — ગોધાવી
૧૦૧/- વાઘેલા દેવુભા રણજીતસિંહ શ્રીજી પ્રસન્નાર્થે — ગોધાવી
૧૦૦/- સોની ધીરજબેન લાલજીભાઇ શ્રીજી પ્રસન્નાર્થે — અમદાવાદ
૧૦૦/- પટેલ પરાગ રાવજીભાઇ કેનેડાના પી.આર. વિઝા નિમિત્તે — સાબરમતી
૧૦૦/- પટેલ જીગર રાવજીભાઇ ચિ. એવીના જન્મદિન નિમિત્તે — ઓસ્ટ્રેલીયા
૧૦૦/- ઉપાધ્યાય રેખા કુમુદચંદ્ર ૩૪મી લગ્નતિથિ નિમિત્તે — અમદાવાદ
૧૦૦/- અ.નિ.ઇશ્વરદાસ ફુલદાસ કાકાવાળાની ૨૪મી પુણ્યતિથિ નિમિત્તે — ગોવિંદ પુરાવેડા
૧૦૧/- કાછીયા રાજુભાઇ શાંતિલાલ પુત્રી પલકના જીયાણા નિમિત્તે — વાસણા
૨૦૧/- ભાવસાર કેતન દશરથલાલ પુત્રના જન્મદિન નિમિત્તે — લંડન
૧૦૦/- કૌશિકકુમાર નાગજીભાઇ ગાડી લીધી તે નિમિત્તે — બાપુનગર
૧૦૧/- પટેલ રશ્મિનભાઇ ઘનશ્યામભાઇ મોબાઇલની દુકાન કરી તે નિમિત્તે — અમદાવાદ
૪૭૫/- ત્રિવેદી ધ્રુમિલ શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે — ઓકલેન્ડ (ન્યુઝીલેન્ડ)
૨૫૧/- તુલસી સ્પેર ડાઇલ હ.શાંતિલાલ-અમિતભાઇ શ્રીજી પ્રસન્નાર્થે — મોરબી
૧૦૧/- પટેલ નિધિબેન ઉમેશકુમાર શ્રીજી પ્રસન્નાર્થે — ગોહીલ
૧૦૧/- પટેલ યોગેન્દ્ર ગોવિંદભાઇ **P.A.C.L.**માં એજન્ટ થયા તે નિમિત્તે — વડુવાળા
૧૦૧/- પટેલ દિવ્ય ભાવિન કુમાર (૨૯-૪-૧૨) જન્મદિન નિમિત્તે — આકુંદ
૧૦૧/- પટેલ દર્શિત મનુભાઇ જન્મદિન નિમિત્તે (હ.વિણાબેન) — દહેગામ
૧૦૧/- ખેર દિલીપભાઇ ગણેશભાઇ પુત્ર જન્મપ્રસંગે — બળોલ, ભાલ
૧૦૧/- પરમાર ખોડુભાઇ ગણેશભાઇ શ્રીજી પ્રસન્નાર્થે — બળોલ, ભાલ

## અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઇ આપનારની યાદી

| તિથિ | નામ | ગામ |
|---|---|---|
| ફાગણ સુદ-૧ | હિરાણી ધનજી હિરજી - પારાયણ નિમિત્તે (મોહનથાળ)- હ. જે.પી.સ્વામી | સુખપર (કચ્છ) |
| ફાગણ સુદ-૨ | હિરાણી ધનજી હિરજી - પારાયણ નિમિત્તે (ચુરમાના લાડુ) | સુખપર (કચ્છ) |
| ફાગણ સુદ-૩ | હિરાણી ધનજી હિરજી - પારાયણ નિમિત્તે (બુંદીના લાડુ) | સુખપર (કચ્છ) |
| ફાગણ સુદ-૪ | વરસાણી દેવજીભાઇ મુળજીભાઇ (મોહનથાળ) | સામત્રા (કચ્છ) |
| ફાગણ સુદ-૪ | અ.નિ. રામજી કુરજી રાબડીયા (મોહનથાળ) - હ. કાનબાઇ | માંડવી (કચ્છ) |
| ફાગણ સુદ-૪ | પટેલ ધીરૂભાઇ લાલજીભાઇ (ચુરમાના લાડુ) | અમદાવાદ |
| ફાગણ સુદ-૫ | અ.નિ. રેખાબેન ગીરીશભાઇ પટેલ (મૈસુબ) | અમદાવાદ |
| ફાગણ સુદ-૮ | પટેલ જયંતીબાઇ હીરાભાઇ (મોહનથાળ) | લાલોડા |
| ફાગણ સુદ-૮ | ચિ.દેવ સંજય માવજીભાઇ ચાવડા (ચુરમાના લાડુ) -હ. પાર્ષદ વનરાજ ભગત | બળોલ ભાલ |
| ફાગણ સુદ-૧૦ | અ.નિ. દિનેશભાઇ કાંતિભાઇ પટેલ (મગસ-પુરી)-હ.બ્ર.સ્વામી રાજેશ્વરાનંદજી | લંડન |
| ફાગણ સુદ-૧૧ | ફરાળ - પટેલ બાબુભાઇ શામળભાઇ (ટોપરાપાક)-હ.જે.પી.સ્વામી | ખેરોલ |
| ફાગણ સુદ-૧૨ | અ.નિ. કાનજીભાઇ ગોવિંદભાઇ સુહાગીયા (ચુરમાના લાડુ)-હ.વિનુભાઇ | ત્રાકુડા |
| ફાગણ સુદ-૧૨ | પટેલ કમુબેન જેશંગદાસ (મગસ) | વડુ |
| ફાગણ સુદ-૧૨ | કાછીયા મનીષભાઇ કાંતિલાલ (મગસ) | હાલોલ |
| ફાગણ સુદ-૧૩ | પટેલ અલ્પેશભાઇ વિષ્ણુભાઇ (મોહનથાળ) | આનંદપુરા |
| ફાગણ સુદ-૧૪ | ઠક્કર રમણભાઇ કાળીદાસ (મગસ) | અમદાવાદ |
| ફાગણ વદ-૧ | પટેલ નિખિલકુમાર ગીરીશભાઇ (શિખંડ) - હ.જે.પી.સ્વામી | ન્યુયોર્ક |
| ફાગણ વદ-૧ | લાલો ઘનશ્યામભાઇ પટેલ (મગસ) - હ. શા.સ્વામી અખિલેશ્વર દાસજી | અમેરિકા(વડુ) |

| | | |
|---|---|---|
| ફાગણ વદ-૧ | હિરાણી નાનજીભાઈ રામજી (શિખંડ) | |
| ફાગણ વદ-૨/૩ | અગ્રવાલ પ્રેમભાઈ (દુધપાક પૂરી) | અમદાવાદ |
| ફાગણ વદ-૨/૩ | પટેલ નારણભાઈ હરિદાસ (મગસ) | ઉંઝા |
| ફાગણ વદ-૪ | પટેલ જયંતીલાલ ગોવિંદલાલ રેવીદાસ (મોહનથાળ) | સોજા |
| ફાગણ વદ-૪ | અ.નિ.પટેલ કેશવલાલ પુરૂષોત્તમદાસ (મોહનથાળ) | નારણપુરા (કડી) |
| ફાગણ વદ-૪ | ચોડવડીયા રમણભાઈ કુરજીભાઈ (શિખંડ-પુરી) | અમદાવાદ |
| ફાગણ વદ-૪ | અ.નિ. વાલીબેન રણછોડભાઈ પટેલ (મોહનથાળ) | અમદાવાદ |
| ફાગણ વદ-૪ | ચૌધરી રામાભાઈ નાથુજી (ચુરમાના લાડુ) - હ. પ્રહલાદભાઈ | બાલવા |
| ફાગણ વદ-૫ | પટેલ ઘનશ્યામભાઈ બેચરભાઈ (બુંદીના લાડુ)-હ.મહંત સ્વામી કૃષ્ણપ્રસાદ દાસજી, ટોરડા | અમદાવાદ |
| ફાગણ વદ-૫ | એક હરિભક્ત (મગસ) | બળદીયા (કચ્છ) |
| ફાગણ વદ-૫ | મંડાણી રામજીભાઈ નારણભાઈ (મગસ) | |

## સંપ્રદાયનું ગૌરવ

**સેપ્ટના સ્ટુડન્ટનું રિસર્ચ અમદાવાદ શહેરમાં ગ્રિન બિલ્ડીંગનો કોન્સેપ્ટ - વિદેશની જેમ અમદાવાદ શહેરમાં પણ ગ્રિન બિલ્ડીંગના કોન્સ્ટેપ્ટને રિયાલિટી તરફ લઈ જવા માટેનું વધુ એક સ્ટેપ સેપ્ટના બે સ્ટુડન્ટે ભર્યું છે. કોન્વોકેશનમાં હમણાજ સ્ટ્રક્ચર ડિઝાઈનમાં એમ.ટેકની ડિગ્રી મેળવનાર આપણા શ્રી નરનારાયણદેવના નિષ્ઠાવાન સત્સંગી શ્રી ભૂપેશભાઈ પરમારની સુપુત્રી ખેલન પરમાર અને વસંત બુટાનીએ એક રિચર્સ કર્યું છે. સસ્ટેનેબલ જીઓ પોલિમર કાંક્રિટ વિષય પર સંશોધન કરીને અમદાવાદના બિલ્ડીંગને ઈકો ફ્રેન્ડલી કેવી રીતે કરી શકાય તે બેઝ પર આગળ વધી રહ્યાં છે. તેમની વિશેષ પ્રગતિ માટે શ્રી નરનારાયણદેવને પ્રાર્થના.**

**દાણીલીમડા-અમદાવાદ**

પ.ભ. નારાયણભાઈ છોટાભાઈ પટેલ (ઉં.વર્ષ ૮૨) તા.૧૫-૪-૧૨ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષર નિવાસી થયા છે.

**માધવગઢ-પ્રાંતિજ દેશ**

પ.ભ.શ્રી રચિતકુમાર હસમુખભાઈ તા.૬-૪-૧૨ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**બળોલ (ભાલ)**

પ.ભ. લક્ષ્મણભાઈ ઠાકરસીભાઈ ખટાણાના સુપુત્ર પ.ભ. દિલીપભાઈ (ઉં.વર્ષ ૩૮) તા.૧૯-૪-૧૨ના રોજ(પ.પૂ.મોટા મહારાજશ્રીના દર્શન કરી) શ્રીહરિ સ્મરણ કરતા અક્ષર નિવાસી થયા છે. તેમના પરિવારને ભગવાન શ્રીહરિ ધૈર્ય અને દુ:ખ સહન કરવાનું બળ આપે તેવી પ્રાર્થના.

**નારણપુરા-અમદાવાદ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય શ્રી ૧૦૦૮ શ્રી દેવેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી થી લઈ હાલ પર્યન્ત ધર્મકુળ પરિવારના ડો. શ્રી રમણભાઈ એન. પંચાલ તા.૧૩-૪-૧૨ના રોજ પ્રભુ સ્મરણ કરતા અક્ષર નિવાસી થયા છે.

**અમદાવાદ**

પ.ભ.રાજેન્દ્રભાઈ હરિલાલ ભટ્ટ (રિટાર્યડ આસિ.ઈન્કમટેક્ષ કમિશ્નર) (અ.નિ. પ.ભ. નાથજીભાઈ ઈચ્છારામ શુક્લના જમાઈશ્રી કેશવલાલ એમ.ભટ્ટ ડિસ્ટ્રીક્ટ એન્ડ સેશન્સ જજના જમાઈ) ચૈત્ર સુદ-૧૫ને તા.૬-૪-૧૨ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષર નિવાસી થયા છે.

**અમદાવાદ**

પ.ભ.શ્રી બાબુભાઈ રમણલાલ ભટ્ટ (લુણાવાડા) તા.૪-૩-૧૨ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષર નિવાસી થયા છે.

**વડોદરા**

પ.ભ. હર્ષદભાઈ જેઠાલાલ શાહ (ઉમરેઠ નિવાસી અ.નિ.શ્રી મણીલાલ લક્ષ્મીદાસ ભાલજા સાહેબના ભત્રીજા) મહાવદ-૧૧ને તા.૨૭-૦૨-૧૨ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષર નિવાસી થયા છે.

**સંપાદક, મુદ્રક અને પ્રકાશક :** મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી દ્વારા શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ માટે શ્રી સ્વામિનારાયણ પ્રિન્ટીંગ પ્રેસ, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ. (ગુજરાત) પીન કોડ-૩૮૦૦૦૧ ખાતે છાપ્યું અને શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ (ગુજરાત) પીન કોડ-૩૮૦૦૦૧ વતી પ્રકાશિત કર્યું.